# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 64 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ ફાલ્ગુન વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 March 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૧૮ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u






## વેલ્વેટ વેકેશન્સ દ્વારા સંચાલિત, કિચન ઑન વ્હીલસ સુવિધાઓ સાથે ની યુરોપ ગ્રુપ ટુર્સ માં જોડાવા ના મુખ્ય ફાયદા

- દરરોજ સવારે ગેરેંટી સાથે ઉતારા ની હોટેલ માં જ "આપણા ગરમ નાસ્તા" ઉકાળેલી મસાલા ચા - ખાખરા, ભાવનગરી ગાઠીયા અને અન્ય વેરાયટીઓ (નહી કે અધકચરી ટુરો ની જેમ યુરોપિયન કોલ્ડ બ્રેકફાસ્ટ ના ધાંધીયા)
- રાજસ્થાની મહારાજ ના હાથે બનાવેલ શુધ્ધ સાત્વિક અને સ્વાદિષ્ટ "લંચ"
- વહેલા ૬-૭ વાગે રેસ્ટોરન્ટ ડીનર બીલકુલ નહી ... સાંજે આપણા ઉતારા ની હોટેલે પહોચ્યા બાદ, રુમ માં ફ્રેશ થઇ વ્યવસ્થિત ૮ વાગે અમારા મહારાજ દ્વારા બનાવેલ ફેન્સી વેરાયટીઓ થી ભરપૂર ડીનર
- CO- VEG RESTAURANT TOURS ની જેમ કોઈ જ "નોન વેજ આભડછેટ" બીલકુલ નહી.
- કેરેવાન સાથે હોવા છતા .. હલકી હોટેલો માં પરવાનગી ના અભાવે, બ્રેકફાસ્ટ બાબતે ટુર વેચતી વખતે WE WILL TRY જેવા ગલ્લા તલ્લા બીલકુલ નહી, સીધી અને સચોટ લેખીત ગેરેંટી (ચોખ્ખુ પૂછો, કેટલા દિવસ મળશે આ મહત્વપૂર્ણ સુવિધા)
- ચાલુ ટુરે, ફુડ કોસ્ટ બચાવવા માટે રસોઇઆ/ટુર મેનેજર ને મેનુ માં કાપકુપ કરી, "સસ્તા માં પતાવી આવજો" જેવા કોઈ જ ઓડર્સ નહી .. વેલ્વેટ વેકેશન્સ એટલે પ્રવાસીઓ ને ફક્ત જલ્સા કરાવવા ની પ્રમાણીક ભાવના

હરો ફરો ... મજા કરો ... વધુ વિગતો માટે સ્કેન કરો

### ફક્ત વેલ્વેટ સંગાથે

JAIN DERASAR VISIT ANTWERP | PARIS ILLUMINATION TOUR.
TGV TRAIN FROM PARIS TO GENEVA | GLACIER 3000
GSTAAD ( DDLJ SHOOTING POINT) | HARDER KULM INTERLAKEN
LINDT CHOCOLATE FACTORY ( NOT OUTLET) | LAKE LUCERNE CRUISE.
VADUZ TRAM RIDE | MILAN CITY TOUR.

ગ્રાન્ડ કિચન ઑન વ્હીલ્સ દ્વારા તૈયાર કરેલ ભોજન




OTHER DESTINATIONS - VIETNAM | SCANDINAVIA MIDNIGHT SUN | SPAIN WITH PORTUGAL

B/301, 3rd Floor, Remi Biz Court, Plot No. 9, Shah Industrial Estate,Off Veera Desai Rd, Andheri (W), Mumbai, Maharashtra 400053.

ANUJ: +91 8355851053 | AMIT: +91 9920887058 | JAGRUTI: +91 8422090451

## ગુંડાતત્ત્વો સાથે ઘરોબો પોલીસકર્મીઓને મોંઘો પડશેઃ હર્ષ સંઘવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ લુખ્ખા અને અસામાજિક તત્ત્વો સાથે સંબંધ રાખનારા પોલીસકર્મીઓને સુધરી જવાની સલાહ આપી હતી. સંઘવીએ એક મહત્ત્વપૂર્ણ નિવેદનમાં જણાવ્યું હતું કે જે પોલીસ અધિકારીઓ લુખ્ખા અને અસામાજિક તત્ત્વો સાથે સંબંધ રાખશે તેમની નોકરી જશે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે રાજ્ય સરકાર આવાં તત્ત્વોને કોઈ પણ ભોગે બક્ષશે નહીં અને તેમની સાથે સાંઠગાંઠ ધરાવતા પોલીસ કર્મચારીઓ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે. સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે રાજ્યમાં અસામાજિક તત્ત્વોની તપાસ અલગ અલગ એજન્સીઓ દ્વારા કરવામાં આવી રહી છે. તેમણે ચેતવણી આપતાં કહ્યું હતું કે જો કોઈ પોલીસવાળો આવાં તત્ત્વો સાથે બેસતો-ઊઠતો જણાશે અથવા તેમની સાથે કોઈ પણ પ્રકારનો સંપર્ક રાખતો હશે તો તેને તાત્કાલિક નોકરીમાંથી બરતરફ કરવામાં આવશે. આ ઉપરાંત, વારંવાર આતંક મચાવનારા લોકો સામે પગલાં લેવામાં નિષ્ફળ રહેનાર સ્થાનિક પોલીસ અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. હર્ષ સંઘવીએ કૉંગ્રેસના ધારાસભ્યો દ્વારા કરવામાં આવેલાં નિવેદનો અંગે પણ પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે પોલીસ રાજ્યમાં લુખ્ખા તત્ત્વો ઉપર કડકાઈથી પગલાં લઈ રહી છે. કૉંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડા દ્વારા ગૃહમાં પૂછવામાં આવેલા પ્રશ્નોનો જવાબ આપતાં સંઘવીએ જણાવ્યું હતું કે અમિતભાઈ ગૃહમાં લાંબા પ્રશ્નો પૂછે છે, પરંતુ બહાર ટપોરીઓના મુદ્દે સહાનુભૂતિ દર્શાવે છે. તેમણે કૉંગ્રેસના નેતાઓ પર સુરતને બદનામ કરવાનું અભિયાન ચલાવવાનો આરોપ પણ લગાવ્યો હતો અને કહ્યું હતું કે તેઓ એનસીઆરબીના ડેટાના આધારે સુરતની ખોટી છબી રજૂ કરી રહ્યા છે. સંઘવીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગુજરાત ઝડપથી ન્યાય અપાવવામાં દેશમાં અવ્વલ છે અને અગાઉનાં વર્ષોની સરખામણીમાં રાજ્યમાં ગુનાઓનું પ્રમાણ પણ ઘટ્યું છે.

## ગુજરાત સરકાર વિધવાઓની પડખેઃ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના બજેટમાં ₹ ૭૦૦ કરોડનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની વિધવા મહિલાઓને આર્થિક રીતે સક્ષમ બનાવવા અને તેમને ગૌરવપૂર્ણ જીવન જીવવામાં મદદરૂપ થવા માટે ગુજરાત સરકાર દ્વારા ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના માટે બજેટમાં જંગી વધારો કરવામાં આવે છે. ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ વધુ ને વધુ વિધવા મહિલાઓને લાભ મળી શકે તે માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં ગત વર્ષની સરખામણીએ જંગી ₹૭૦૦ કરોડનો વધારો કર્યો છે. હવે આ યોજના માટે કુલ ₹૩૦૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત સરકારે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના માટેના બજેટમાં ઉત્તરોત્તર વધારો કરીને વિધવા મહિલાઓ પ્રત્યે પોતાની સંવેદનશીલતા દર્શાવી છે. વર્ષ ૨૦૨૦-૨૧માં આ યોજના માટેનું બજેટ ₹૫૪૯.૭૪ કરોડ હતું, જે વર્ષ ૨૦૨૫-૨૬માં લગભગ ૫૦૦ ટકા વધીને ₹૩૦૧૫ કરોડ સુધી પહોંચ્યું છે. આ ઉપરાંત, છેલ્લાં પાંચ વર્ષોમાં આ યોજનાના લાભાર્થીઓની સંખ્યામાં પણ સતત વધારો થયો છે, વર્ષ ૨૦૨૪-૨૫માં પણ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ ૧૬ લાખ ૪૯ હજારથી વધુ વિધવા મહિલાઓને ₹૨૧૬૪.૬૪ કરોડથી વધુની આર્થિક સહાય ચૂકવવામાં આવી હતી.

રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૯માં આ યોજના હેઠળ વિધવા મહિલાઓને આપવામાં આવતી માસિક આર્થિક સહાયની રકમ વધારીને ₹૧૨૫૦ કરી હતી. આ રકમ સીધી તેમના બૅન્ક ખાતામાં (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર - ડીબીટી) જમા કરાવવાનો નિર્ણય કર્યો હતો. આ ઉપરાંત, અગાઉ વિધવા મહિલાનો પુત્ર ૨૧ વર્ષનો થતાં સહાય બંધ કરવામાં આવતી હતી, પરંતુ હવે આ નિયમ રદ કરીને મહિલાઓને આજીવન આ યોજનાનો લાભ મળે છે.

સરકારે ગ્રામીણ વિસ્તારની મહિલાઓ માટે વાર્ષિક આવક મર્યાદા ₹ ૪૭,૦૦૦થી વધારીને ₹ ૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તારની મહિલાઓ માટે ₹ ૬૮,૦૦૦થી વધારીને ₹ ૧,૫૦,૦૦૦ કરી છે. આને કારણે યોજનાના લાભાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. વર્ષ ૨૦૧૮-૧૯માં આ યોજનાના માત્ર ૧.૬૪ લાખ લાભાર્થીઓ હતા, જે ફેબ્રુઆરી-૨૦૨૫ સુધીમાં વધીને ૧૬.૪૯ લાખ સુધી પહોંચી ગયા છે.

## આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે બજેટમાં ₹ ૭૪૬ કરોડનો વધારોઃ આદિજાતિ પ્રધાન ડૉ. કુબેરભાઇ ડિંડોર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે અંબાજીથી ઉમરગામ સુધીની પૂર્વ પટ્ટીમાં ૧૪ જિલ્લાઓ, ૫૩ જેટલા તાલુકાઓ, ૫,૮૦૦ કરતાં વધારે ગામડાઓ અને તેમાં વસવાટ કરતા અંદાજે ૧ કરોડથી વધુ આદિવાસી બંધુઓના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસની અનેકવિધ નવી યોજનાઓ અમલી બનાવી છે. આદિજાતિ વિકાસ પ્રધાન ડૉ. કુબેરભાઈ ડિંડોરે વિધાનસભામાં આદિજાતિ વિભાગની માંગણીઓ રજૂ કરતાં જણાવ્યું હતું કે, દેશની કુલ આદિજાતિ વસ્તીના ૮.૧ ટકા ગુજરાતમાં વસે છે, આ લોકોના સર્વાંગી વિકાસ માટે કુલ રૂ. ૫,૧૨૦ કરોડની જોગવાઈઓ કરવામાં આવી છે. જેમાં ગત વર્ષના ₹૪,૩૭૪ કરોડની સામે આગામી વર્ષમાં ₹૭૪૬ કરોડનો વધારો મંજૂર કરવામાં આવ્યો છે.

આદિવાસી સમાજના ભગવાન શ્રી બિરસા મુંડાજીની જન્મ જયંતીના ૧૫૦મા વર્ષને ‘જનજાતિય ગૌરવ વર્ષ’ તરીકે ઊજવ્યું, ન્યૂ ગુજરાત પેટર્ન યોજના માટે બજેટમાં ૩૭.૫ ટકાના વધારા સાથે રાજ્ય સરકાર દ્વારા ₹૧,૧૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આદિવાસી વિસ્તારોમાં વર્ષ-૨૦૦૧ની સરખામણીએ વર્ષ-૨૦૨૩માં માધ્યમિક શાળાઓ ૯૦૮થી વધીને ૧,૭૩૭ જ્યારે ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ૪૪૮થી વધીને ૨,૯૭૧ થઈ છે, જ્યારે ડ્રોપ આઉટ રેશિયો ૩૭.૨ ટકાથી ઘટીને ૪.૫ ટકા સુધી આવ્યો છે. આ જ પ્રકારે, આદર્શ નિવાસી શાળાઓની સંખ્યા ૭૫, સરકારી છાત્રાલયો ૧૭૬ તેમ જ ૨૦ સમરસ છાત્રાલયો, ઈએમઆપએસ, જીએલઆરએસ, મૉડેલ સ્કૂલ, સૈનિક શાળાઓ પાંચથી વધીને ૧૦૫, જ્યારે આઠ નવી મેડિકલ કૉલેજો શરૂ કરવામાં આવી છે.

વનબંધુ કલ્યાણ યોજનાને મળેલી સફળતાને પગલે ગુજરાત સરકારે વનબંધુ કલ્યાણ યોજના ૨.૦ અમલમાં મૂકી, વર્ષ ૨૦૨૧-૨૨માં આગામી પાંચ વર્ષમાં ₹૧ લાખ કરોડની ફાળવણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જે અંતર્ગત આ બજેટમાં ₹૩૦,૧૨૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ફાળવણી સાથે આપણે ₹૧ લાખ કરોડનો લક્ષ્યાંક સિદ્ધ કર્યો છે

રાજ્યમાં આદિજાતિ સમાજના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની શિષ્યવૃત્તિની યોજના માટે રાજ્ય સરકારની જોગવાઇ સહિત કુલ ₹૬૬૫.૦૦ કરોડની જોગવાઈ, પ્રિ-એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની યોજના માટે ₹૧૦૫.૦૦ કરોડની જોગવાઈ, પોસ્ટ એસ.એસ.સી. અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતી વધુ આવકવાળી બહેનોને શિષ્યવૃત્તિ યોજના માટે ₹૯૦.૦૦ કરોડની જોગવાઈ, આદિજાતિની કન્યાઓને શાળાએ પહોંચવા માટે વિદ્યાસાધના યોજના હેઠળ સાઇકલ સહાયની યોજના માટે ₹૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ધો. ૧થી ૮ના વિદ્યાર્થીઓને ગણવેશ સહાયની યોજના માટે ₹૧૦૮.૦૦ કરોડની જોગવાઈ, ટેક્નિકલ ડિપ્લોમા અને વ્યવસાયી અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કાર્યરત સ્વામી વિવેકાનંદ શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ₹૬.૭૭ કરોડની જોગવાઈ, છાત્રાલયોમાં રહીને ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ભોજનબીલ સહાય અંતર્ગત ₹૫૫.૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે.

## ગુજરાતમાં ૧૦થી વધુ જિલ્લાઓના ૨૫૦૦૦ આરોગ્ય કર્મીઓ અસોક્કસ મુદતની હડતાળ પર

અમદાવાદઃ રાજ્યભરના આરોગ્ય કર્મીઓએ પોતાની પડતર માંગણીઓને પગલે હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહા સંઘ દ્વારા પડતર માંગણીઓ મુદ્દે હડતાળનું એલાન કરવામાં આવતાં ૧૦થી વધુ જિલ્લાઓના ૨૫૦૦૦ આરોગ્ય કર્મીઓ અસોક્કસ મુદ્દત સાથે ૧૭ માર્ચથી હડતાળ પર ઊતરી ગયા છે. ગુજરાત રાજ્યના પંચાયતી સેવા વર્ગ-૩ના આરોગ્ય કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળના કારણે ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય સેવા ખોરવાય તેવી શક્યતા છે. રાજકોટ, દ્વારકા, બનાસકાંઠા, મહીસાગર, પંચમહાલ, નવસારી, સાબકાંઠા, ખેડા અને જામનગર સહિત ૧૦થી વધુ જિલ્લાઓમાં આરોગ્ય કર્મચારીઓ મેદાને આવ્યા છે. જેમાં જિલ્લા કક્ષાના સુપરવાઇઝર સહિત ૨૫ હજાર જેટલા કર્મચારીઓ આજથી અચોક્કસ મુદતની હડતાળ પર ઊતર્યા છે. આ હડતાળને પગલે સમગ્ર તમામ જિલ્લાઓથી માંડી રાજ્યભરમાં આરોગ્ય સેવાઓને પ્રતિકૂળ અસર પડે તેવી ભીતિ વર્તાઈ રહી છે. રાજ્યના આરોગ્ય કર્મચારી મહાસંઘે નાણાકીય અને વહીવટી પડતર પ્રશ્નો નહીં ઉકેલતાં આ એલાન આપ્યું છે. આરોગ્ય કર્મચારી મહાસંઘે એલાન કર્યું કે, તારીખ ૧૭ માર્ચથી આરોગ્ય કર્મચારી હડતાળ પાડીશું. ટેક્નિકલ ગ્રેડ-પે મુદ્દો ઉકેલાયો નથી. ખાતાકીય પરીક્ષા રદ કરવાનો પ્રશ્ન હજુ યથાવત્ રહ્યો છે.

## ગુજરાત એટીએસએ બે વર્ષમાં ₹ ૪૮૪.૮૫ કરોડનું ડ્રગ્સ પકડ્યુંઃ વિધાનસભામાં આંકડા રજૂ

અમદાવાદઃ ગુજરાતમાં ડ્રગ્સ વિરુદ્ધ મોટું અભિયાન ચાલી રહ્યું છે. રાજ્યનાં વિવિધ બંદરોનો ઉપયોગ ડ્રગ્સ તસ્કરી માટે મોટાપાયે થઈ રહ્યો છે. વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળમાં સરકારે આપેલી જાણકારી મુજબ છેલ્લાં બે વર્ષમાં એટીએસએ ₹૪૮૪.૮૫ કરોડનું ડ્રગ્સ ઝડપ્યું છે. રાજ્યની દરિયાઈ પટ્ટીમાં એટીએસએ કરેલી કામગીરીના આંકડા બહાર આવ્યા હતા. જે મુજબ વર્ષ ૨૦૨૩માં ₹૪૨૨ કરોડની કિંમતનું ૬૦ કિલો ૩૦૪ ગ્રામ ડ્રગ્સ (મેથામ્ફેટામાઈન) ઝડપાયું હતું. વર્ષ ૨૦૨૪માં ₹૬૨.૮૫ કરોડની કિંમતનું ૧૭૩ કિલો ચરસ તો ૪૬૦ ગ્રામ હેરોઈન ઝડપાયું હતું.

એટીએસના ઓપરેશનમાં કુલ ૬ વિદેશી નાગરિક ઝડપાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતનાં અલગ અલગ સ્થાનોમાં રહેતા યુવાનો નશો કરવા માટે વિદેશથી નશાકારક પદાર્થો મંગાવતા હોવાના કિસ્સાઓ બહાર આવ્યા હતા. અગાઉ અમદાવાદ સાઈબર ક્રાઈમ અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ફોરેન પોસ્ટ ઑફિસમાંથી આ પ્રમાણે વિદેશથી આવેલા નશાકારક પદાર્થોનાં પાર્સલો પકડી પાડવામાં આવ્યાં હતાં. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ફોરેન પોસ્ટ ઑફિસમાં આવેલા ૧૦૫ જેટલા નશાકારક પદાર્થનાં પાર્સલો પકડી જપ્ત કરાયાં હતાં.

## ગુજરાતમાં ડ્રગ્સ ટ્રાફિકિંગનું દૂષણ વધ્યુંઃ ત્રણ વર્ષમાં ૧૭૪૩ કેસ નોંધાયા, ૧૬ દોષિત સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ડ્રગ્સની તસ્કરીનું પ્રમાણ ચિંતાજનક રીતે વધ્યું છે. પોલીસના પ્રયાસોથી ગુજરાતમાં છેલ્લાં ૩ વર્ષમાં ડ્રગ ટ્રાફિકિંગના ૧૭૪૩ કેસ નોંધાયા છે, પરંતુ તેની સામે માત્ર ૧૬ દોષિત પુરવાર થયાનું બહાર આવ્યું છે.

આ અંગે મળતી માહિતી મુજબ, ગુજરાતમાં ડ્રગ ટ્રાફિકિંગના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ૨૦૨૨માં ૫૧૬, ૨૦૨૩માં ૬૦૪ જ્યારે ૨૦૨૪માં ૬૨૩ કેસ નોંધાયા હતા, જેની સામે દોષિતોનું પ્રમાણ ઓછું છે. ૨૦૨૨માં ૨, ૨૦૨૩માં ૧૧ અને ૨૦૨૪માં ૫ દોષિત પુરવાર થયાનું જાણવા મળ્યું હતું.

સરકારના દાવા અનુસાર, ડ્રગ ટ્રાફિકિંગ પર અંકુશ મેળવવા નાર્કો-કોઓર્ડિનેશન સેન્ટરની વ્યવસ્થા અમલમાં મૂકાઈ છે. જેના દ્વારા સેન્ટ્રલ-સ્ટેટ ડ્રગ લો એન્ફોર્સમેન્ટ એજન્સી દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યાં છે. મહત્ત્વની જપ્તિ માટે નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરોના ડિરેક્ટરના વડપણ હેઠળ જોઇન્ટ કોઓર્ડિનેશન કમિટી બનાવાઈ છે.

## વડોદરામાં ધાર્મિક સ્થળે ચંપલ પહેરીને આવેલા ચાર વિદેશી વિદ્યાર્થીઓને ટોળાએ બેટ અને દંડાથી ફટકાર્યા

અમદાવાદઃ વડોદરામાં પારૂલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા ચાર વિદેશી વિદ્યાર્થીઓને ટોળાએ બેટ અને દંડાથી ફટકાર્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. વાઘોડિયા તાલુકાના લીમડા ગામના તળાવ નજીક ધાર્મિક સ્થળ પાસે બૂટ-ચંપલ પહેરીને નહીં આવવા ચેતવણી આપી હોવા છતાં તેમણે કોઈની વાતને ધ્યાને નહીં લેતાં સ્થાનિક લોકોએ ચાર વિદેશી વિદ્યાર્થીઓને માર માર્યો હતો. પોલીસે આ ઘટનામાં ૧૦ હુમલાખોરો સામે ગુનો દાખલ કરી બે સગીર સહિત સાતની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. વડોદરાની પારૂલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા થાઈલૅન્ડ, યુકે, મોઝામ્બિક અને સાઉથ સુદાનના ચાર વિદ્યાર્થીઓ ધુળેટીની સાંજે ઈન્ફિનિટી હોસ્ટેલની પાછળ ગામના તળાવ કિનારે ફરવા માટે ગયા હતા. તેઓ બૂટ-ચંપલ પહેરીને તળાવ કિનારે આવેલા ધાર્મિક સ્થળ નજીક પહોંચી ગયા હતા. ત્યાં હાજર એક શખસે બૂટ, ચંપલ પહેરીને કેમ આવો છો? તેમ કહ્યા બાદ ભાષાની ગેરસમજ થતાં ઝઘડો થયો હતો. ઝઘડો કરનાર શખસે ફોન કરીને અન્યને બોલાવ્યા હતા અને વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલો કરી લાકડી, બેટ તેમ જ પથ્થરો મારી ઈજા પહોંચાડી હતી. જેમાં એક વિદેશી વિદ્યાર્થીને વધુ ઈજા પહોંચી હતી અને તે સ્થળ પર જ ઢળી પડ્યો હતો. અન્ય ઇજાગ્રસ્તોને પારૂલ સેવાશ્રમ હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ ધાર્મિક સ્થળ ઉપર અગાઉ પણ આ વિદ્યાર્થીઓ આવતા હતા અને લોકોની ધાર્મિક લાગણી દુભાય તે રીતે ધાર્મિક સ્થળના ઓટલા ઉપર બૂટ-ચંપલ સાથે બેસીને સિગારેટો પીતા હતા. સ્થાનિકો દ્વારા વિદેશી વિદ્યાર્થીને ઢોરમાર મરાતો હોવાનો વીડિયો વાઈરલ થયો હતો.

આ બનાવની જાણ પારૂલ યુનિવર્સિટીના સત્તાધીશોને થતાં દોડધામ મચી ગઈ હતી. વાઘોડિયા પોલીસના કર્મચારીઓ પણ હૉસ્પિટલમાં દોડી ગયા હતા. વાઇરલ વીડિયોના આધારે ૧૦ હુમલાખોરો પૈકી બે સગીર મળી સાત હુમલાખોરોને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

## અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગને સિક્સલેન કરવા માટે કુલ ₹ ૩૩૫૦ કરોડનો ખર્ચ કરાશે

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિશે વિગતો આપતાં સહકાર રાજ્ય પ્રધાન જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગને છ માર્ગીયકરણ કરવા માટે કુલ ૩૩૫૦ કરોડનો ખર્ચ કરાશે. કુલ ૨૦૧.૩૩ કિ.મી. લાંબા આ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પૈકી પ્રથમ તબક્કામાં હાથ ધરાયેલા ૧૯૭ કિ.મી.માંથી ૧૯૩ કિ.મી. એટલે કે ૯૮ ટકા કામગીરી ભૌતિક રીતે પૂર્ણ કરાઈ છે. સહકાર રાજ્ય પ્રધાન જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, અમદાવાદ-રાજકોટના છ માર્ગીયકરણ બાદ નાગરિકોના મુસાફરી સમયમાં અંદાજે ૩૦થી ૪૫ મિનિટ સુધીની બચત સાથે કુલ મુસાફરી સમય ઘટીને ૨.૩૨ કલાકનો થવાનો અંદાજ છે. જેના પરિણામે વાહનોનાં ઈંધણમાં અંદાજિત ૧૦થી ૧૫ ટકા સુધીની બચત થશે. અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કુલ ૩૮ ફ્લાયઓવર-અન્ડરપાસના સ્ટ્રક્ચરની કામગીરીનો સમાવેશ કરાયો છે.

જે પૈકી ૩૪ ફ્લાયઓવર-અન્ડરપાસ સ્ટ્રક્ચરની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે તેમ જ ચાર સ્ટ્રક્ચરની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ રાષ્ટ્રીય ધોરીમાર્ગને સિક્સલેન કરતાં વારંવાર અકસ્માત થતા હોય તેવા બ્લેક સ્પોટના સ્થળે વર્ષ ૨૦૧૯ની સાપેક્ષે છેલ્લાં ત્રણ વર્ષની સરેરાશ અકસ્માતમાં આશરે ૪૧ ટકાનો ઘટાડો થયો છે. આ રસ્તા પર કુલ ૩૪ બ્લેક સ્પોટ હતા જે પૈકી હાલમાં કુલ ૩૧ બ્લેક સ્પોટનો નિકાલ કરાયો છે અને બાકી ૩ જેટલા બ્લેક સ્પોટનો ઝડપથી નિકાલ કરાશે.

## ગુજરાતમાં બે વર્ષમાં ગેરકાયદે ખનન અને સંગ્રહ અન્વયે ૧૭૬૯૫ કેસ કરી ₹ ૩૦૯.૨૫ કરોડની વસૂલાત કરાઈ

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં પ્રશ્નોત્તરીકાળ દરમિયાન ગેરકાયદે ખનન અંગે ધારાસભ્ય દ્વારા પૂછવામાં આવેલા સવાલના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે, છેલ્લાં બે વર્ષમાં ગેરકાયદે ખનન અને સંગ્રહ અન્વયે ૧૭૬૯૫ કેસ કરી ૩૦૯.૨૫ કરોડની વસૂલાત કરાઈ છે. ગેરકાયદે રીતે ખનીજના ખનન, વહન અને સંગ્રહના નિવારણ બાબતે રજૂઆત અંગે તપાસ હાથ ધરી નિયમ અનુસાર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વિધાનસભામાં મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ખનીજ ચોરીના કેસો અંગે પુછાયેલા પ્રશ્નનો ખાણ અને ખનીજ વિભાગ વતી જવાબ આપતાં કૅબિનેટ પ્રધાન બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, ગુજરાતમાં કોઈ પણ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ખનીજનું ખનન થતું હશે તેની વિરુદ્ધ કડક પગલાં ભરવામાં આવે છે. ગેરકાયદે રીતે ખનીજના ખનન, વહન અને સંગ્રહના નિવારણ બાબતે રજૂઆત અંગે તપાસ હાથ ધરી નિયમ અનુસાર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

છેલ્લાં બે વર્ષમાં ગુજરાતમાં ગેરકાયદેસર ખનન, સંગ્રહ અને વહન અન્વયે ૧૭,૬૯૫ કેસ કરી ₹૩૦૯.૨૫ કરોડની વસૂલાત કરવામાં આવી છે. છેલ્લા એક વર્ષમાં મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં કુલ ૭૭૯ કેસમાં ₹૮૧૬.૭૩ લાખની નોટિસ ઇસ્યૂ કરવામાં આવી છે. જેમાં મહિસાગર જિલ્લામાં ૧૫૪ કેસ કરી ₹૨૨૯.૯૩ લાખની નોટિસ ઇસ્યૂ કરાઈ છે તથા પંચમહાલ જિલ્લામાં કુલ ૬૨૫ કેસ કરી ૫૭૫.૫૯ લાખની નોટિસ ઇસ્યૂ કરવામાં આવી છે.

## સુરતમાં ₹ ૫૦૦ના દરની નવ હજારની ડુપ્લિકેટ નોટ ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેર એસઓજીની ટીમે કેટરિંગમાં કામ કરતા વિજય ચૌહાણ અને સુરેશ લાઠીડદિયાની ધરપકડ કરી હતી, સુરતના પુણા ગામમાંથી ૫૦૦ના દરની ડુપ્લિકેટ નોટો સાથે બે ને પકડી પાડવામાં આવ્યા હતા, શાકમાર્કેટ અને પાનના ગલ્લા ઉપર નોટો વટાવતા હતા. સુરત શહેર એસઓજીની ટીમે આરોપીઓ પાસેથી રોકડા ૧ લાખ, ત્રણ મોબાઈલ તેમ જ ડુપ્લિકેટ નોટો કબજે કરી હતી.

પુણાગામ, માનસરોવર સ્કૂલની સામે આવેલા સોસાયટીના એક મકાનમાં સુરત એસઓજીની ટીમે બાતમીના આધારે દરોડો પાડી કેટરિંગના બે કારીગરોને ₹૫૦૦ના દરની ૧૮ ડુપ્લિકેટ નોટો સાથે ઝડપી પાડ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં ભારતીય અર્થતંત્રને ખોખલું કરવાની ગેરકાયદે પ્રવૃત્તિ કરનારા આરોપીઓ ડુપ્લિકેટ નોટો પશ્ચિમ બંગાળથી લાવ્યા હતા અને સુરત શહેરમાં અલગ અલગ વિસ્તારોની શાકમાર્કેટ અને પાનના ગલ્લા ઉપર વટાવતા હતા.

સુરત શહેર એસઓજીએ ₹૯ હજારની ડુપ્લિકેટ નોટો, ત્રણ મોબાઈલ ફોન તેમ જ ડુપ્લિકેટ નોટો વટાવીને મેળવેલા રોકડા ૧ લાખ કબજે કર્યા હતા.

## સુરતમાં અસામાજિક તત્ત્વો બેફામઃ છેલ્લાં બે વર્ષમાં દુષ્કર્મના ૬૫૭ કેસ નોંધાયા

અમદાવાદઃ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ કથળી છે. ગુજરાતમાં મહિલાઓ પર દુષ્કર્મના કેસમાં ચિંતાજનક વધારો થયો છે. તેમાં પણ ડાયમન્ડ સિટી સુરતમાં ક્રાઈમ રેટમાં સૌથી વધારો થયો છે. સુરત શહેર અને જિલ્લામાં ક્રાઈમ રેટના ચોંકાવનારા આંકડાઓ બહાર આવ્યા હતા. જે મુજબ છેલ્લાં ૨ વર્ષમાં સુરત શહેર, જિલ્લામાં હત્યાના ૨૬૬ કેસ નોંધાયા છે. જ્યારે બે વર્ષમાં દુષ્કર્મના ૬૫૭ કેસ, મહિલા અત્યાચારના ૭૬૭ ગુના નોંધાયા છે. વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળમાં સુરતમાં ક્રાઈમ રેટના આંકડા બહાર આવ્યા છે. સુરત શહેર અને જિલ્લામાં ક્રાઈમ રેટના ચોંકાવનારા આંકડા મુજબ, સુરત શહેર અને જિલ્લામાં ૩૧-૧-૨૦૨૫ની સ્થિતિએ હત્યાના ૨૬૬ ગુના છેલ્લાં બે વર્ષમાં નોંધાયા છે. સુરત શહેર, જિલ્લામાં બે વર્ષમાં ચોરીના ૪,૮૮૯ કેસ નોંધાયા છે. બે વર્ષમાં મહિલા અત્યાચારના ૭૬૭ ગુના નોંધાયા છે. નવસારી જિલ્લામાં બે વર્ષમાં હત્યાના ૨૬ ગુના નોંધાયા છે. દુષ્કર્મના ૪૪, ચોરીના ૩૬૫, મહિલા અત્યાચારના ૪૮ કેસ નોંધાયા છે.

## છેલ્લાં બે વર્ષમાં ગુજરાત સરકારને ૩૦ લીઝમાંથી ૭૭૯ લાખ રૂપિયાની રોયલ્ટીની આવક થઈ

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં ચર્ચાઓ દરમિયાન ખનન માટે આપવામાં આવતી લીઝ અંગે ધારાસભ્ય દ્વારા પૂછવામાં આવેલા સવાલનો જવાબ આપતાં સરકારે જણાવ્યું હતું કે, છેલ્લાં બે વર્ષમાં ગુજરાત સરકારને ૩૦ લીઝમાંથી ૭૭૯ લાખ રૂપિયાની રોયલ્ટીની આવક થઈ છે. આ ૩૦ લીઝમાંથી છેલ્લાં બે વર્ષમાં ગેરકાયદેસર ખનન અંગે કુલ પાંચ કેસ નોંધાયા છે. વિધાનસભામાં ધારાસભ્ય દ્વારા પુછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં ખાણ અને ખનીજ પ્રધાન બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૧૯૯૫થી ૨૦૨૦ સુધીમાં તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ની સ્થિતિએ કુલ ૭૮.૭૬ હેક્ટર વિસ્તારમાં કાર્બોસેલ ખનિજના ખનન માટે કુલ ૩૦ લીઝને મંજૂરી આપવામાં આવી છે, જે હાલમાં કાર્યરત છે. આ કુલ ૩૦ લીઝમાંથી વર્ષ ૨૦૧૪થી ૨૦૨૪ સુધીમાં ૧૨ લીઝની માપણી કરવામાં આવી છે.

આ ઉપરાંત છેલ્લાં બે વર્ષમાં આ ૩૦ લીઝમાંથી રાજ્ય સરકારને કુલ ₹૭૭૯ લાખથી વધુની રોયલ્ટી સ્વરૂપે આવક થઈ છે. તેમણે વધુ વિગતે જણાવ્યું હતું કે, આ ૩૦ લીઝમાંથી છેલ્લાં બે વર્ષમાં ગેરકાયદેસર ખનન અંગે કુલ પાંચ કેસ નોંધાયા છે. આ મંજૂર થયેલી લીઝમાં એક પણ વ્યક્તિનું મૃત્યુ થયું નથી.

## ૧૫ વર્ષથી કાયમી ભરતી નહીં થતાં ગાંધીનગરમાં રાજયના વ્યાયામ શિક્ષકોનું બેનરો સાથે વિરોધ પ્રદર્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં તાજેતરમાં ટેટ અને ટાટ પાસ ઉમેદવારોએ આંદોલન શરૂ કર્યું હતું. હવે વ્યાયામ શિક્ષકોએ કાયમી ભરતીની માગ સાથે ધરણાં પ્રદર્શન શરૂ કર્યું હતું. ગાંધીનગરના રામકથા મેદાનમાં પોતાનાં બાળકો સાથે પહોંચેલા શિક્ષકોએ પોસ્ટર અને બેનર સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમણે માગ કરી હતી કે, છેલ્લાં ૧૫ વર્ષથી વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવી નથી. કરાર આધારિત ભરતી બંધ કરી કાયમી ભરતી શરૂ કરવામાં આવે.

શિક્ષકોના જણાવ્યા પ્રમાણે રાજ્યમાં હાલમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની મર્યાદિત સંખ્યામાં ભરતી થાય છે. ધોરણ ૧થી ૮માં વ્યાયામ શિક્ષકોની નિમણૂક જ થતી નથી. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી ખેલ અભિરુચિ કસોટીને માન્ય ગણી ભરતી કરવામાં આવે તેવી સરકાર સામે માગ છે. વિરોધ કરી રહેલા શિક્ષકોએ કહ્યું હતું કે, સરકારે પોતે જ ૫,૦૭૫ જેટલી વ્યાયામ શિક્ષકોની ખાલી જગ્યાઓ દર્શાવી હતી.

શિક્ષકોની એવી પણ માગ છે કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને રાઈટ ટુ એજ્યુકેશન ૨૦૦૯ અંતર્ગત શારીરિક શિક્ષણને ફરજિયાત બનાવવામાં આવ્યું છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે વ્યાયામને પૂર્ણકાલીન વિષય ગણી, ખેલ અભિરુચિ કસોટીને લાયકાત તરીકે ગણી તાત્કાલિક કાયમી ભરતી કરવામાં આવે. આ માટે નવો જી.આર. બહાર પાડી નવું માળખું રચવાની માગ કરવામાં આવી હતી.

# દૈનિક મુંબઈ સમાચાર

203 વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 64 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 March 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૧૮ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ટ્રમ્પ-પુતિનની આજની બેઠક પર વિશ્વની નજર


125 વર્ષથી
સ્વાદ અને સુગંધની અનેરી સોડમ
SINCE 1900
લક્ષ્મી ®
સંયુક્ત હિંગ
આર. એમ. કાનાણી એન્ડ કંુ. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi laxmi hing
સર્વત્ર ઉપલબ્ધ


## ત્રણ વર્ષથી ચાલતું યુક્રેન યુદ્ધ સમાપ્ત થશે કે નહીં તેનું ભાવિ આજની બેઠક પર

વૉશિંગ્ટન: છેલ્લાં ત્રણ વર્ષથી રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલાં યુદ્ધને સમાપ્ત કરવા માટે ચારેતરફથી પ્રયાસ થઈ રહ્યા છે. એક તરફ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી પ્રયાસ કરી રહ્યા છે તો બીજી તરફ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ પણ મહેનત કરી રહ્યા છે. જોકે ઝૅલેન્સ્કી સાથેની મંત્રણા પડી ભાંગ્યા પછી હવે ડૉનલ્ડ ટ્રમ્પ આજે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે ટેલિફોનિક ચર્ચા કરવાના છે અને આ ‘બેઠક’ પર આખા વિશ્વની નજર છે.

રશિયાના પ્રમુખ પુતિને અગાઉ અનેક શરતો રાખી હતી તેનાં કારણે મડાગાંઠ સર્જાઈ હતી, પણ હવે આજની આ ટેલિફોનિક બેઠકમાં ટ્રમ્પ પુતિનને સમજાવી શકશે એવી આશા રખાય છે.


ત્રણ વર્ષમાં રશિયા અને યુક્રેન બંને પક્ષને ખૂબ જ નુકસાન થયું છે. રશિયન પ્રમુખ પુતિને તાજેતરમાં જ એક નિવેદન દ્વારા ભારત દ્વારા યુદ્ધ સમાપ્ત કરવા થઈ રહેલા પ્રયાસનો આભાર માન્યો હતો. ત્યારે હવે ટ્રમ્પ પુતિનને સમજાવવામાં સફળ થશે એમ મનાય છે.

રવિવારે ઍરફૉર્સ વનમાં ફ્લૉરિડાથી વૉશિંગ્ટન જઈ રહ્યા હતા ત્યારે પત્રકારો સાથેની વાતચીત દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું કે મંગળવારે હું પુતિન સાથે વાતચીત કરીશ એમ જણાવતાં ટ્રમ્પે કહ્યું હતું કે અઠવાડિયાના અંતિમ દિવસોમાં ઘણી ચર્ચાવિચારણા થઈ છે અને

(જુઓ પાનું ૨) ▸▸


ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 80,370/-
PER 10 GRAMS OF 22KT
BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD
AT BEST RATE
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## ભારત-ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે સંરક્ષણ કરાર થયા



**બેઠક:** વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ન્યૂ ઝીલૅન્ડના વડા પ્રધાન ક્રિસ્ટોફર લક્સન વચ્ચે સોમવારે દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે બેઠક યોજાઈ હતી. (એજન્સી)

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતની મુલાકાતે આવેલા ન્યૂ ઝીલૅન્ડના વડા પ્રધાન ક્રિસ્ટોફર લક્સન વચ્ચે વ્યાપક મંત્રણા બાદ ભારત અને ન્યૂ ઝીલૅન્ડે દ્વિપક્ષી સંબંધો વધુ મજબૂત બનાવવાના ભાગરૂપ સોમવારે સંરક્ષણ અને સુરક્ષા કરાર પર સહી કરી હતી.

મંત્રણા દરમિયાન મોદીએ ન્યૂ ઝીલૅન્ડમાં ચોક્કસ અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવી રહેલી ભારતવિરોધી પ્રવૃત્તિઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

મંત્રણા દરમિયાન વેપાર, સંરક્ષણ, શિક્ષણ અને કૃષી સહિતના ક્ષેત્રો અંગે વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી.

પ્રસારમાધ્યમને આપેલા નિવેદનમાં મોદીએ કહ્યું હતું

(જુઓ પાનું ૨) ▸▸

## કૂપવાડામાં એક આતંકવાદી ઠાર: કુલગામમાં આઈઈડી મળ્યું

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : ઉત્તર કાશ્મીરના કૂપવાડા જિલ્લાના હંદવાડાના કુંભરાના જચલદારા- રાજવારમાં સોમવારે સુરક્ષા દળો અને આતંકવાદી વચ્ચે અથડામણ થઈ અને આમાં એક આતંકવાદીને ઠાર મારવામાં આવ્યો હતો, જ્યારે એક પોલીસને ઈજા થઈ હતી. દરમિયાન સુરક્ષા દળોને કુલગામમાંથી ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી) મળી આવ્યું

(જુઓ પાનું ૨) ▸▸



**આતંકવાદીઓ સાથે અથડામણ:** જમ્મુ-કાશ્મીરના કૂપવાડા જિલ્લામાં સોમવારે સુરક્ષા દળ અને આતંકવાદીઓ વચ્ચે થયેલી અથડામણ વચ્ચે સજ્જ સુરક્ષા અધિકારી. જચલદારાના કુંભરા વિસ્તારમાં આતંકવાદીઓની હાજરીની મળેલી બાતમીને પગલે સુરક્ષા દળે સમગ્ર વિસ્તારને ઘેરી લઈ સર્ચ ઑપરેશન આરંભ્યું હતું. (એજન્સી)

## લખનઊ બન્યું ગંગા-જમુના તહઝીબનું મૉડેલ

લખનઊ: રોઝા-ઈફ્તાર બાદ નમાઝ અને શિવ આરતીને કારણે લખનઊ સોમવારે વિખ્યાત ગંગા-જમુના તહઝીબનું મૉડેલ અને જુદા જુદા સમાજની એકતાનું દૃષ્ટાંત બની ગયું હતું.

અવધપુરમ કોલોનીસ્થિત બાબા અવધેશ્વરનાથ મંદિરની સામે આવેલા શિવ વાટિકા પાર્કમાં રવિવારે સાંજે હિન્દુ અને મુસ્લિમ સમુદાયના લોકોએ વારાફરતી યોજાયેલા આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

અવધપુરમ વેલ્ફેર સોસાયટીના પ્રમુખ રાજેશ તિવારીએ કહ્યું હતું કે સ્થાનિક મુસ્લિમ રહેવાસીએ શિવ વાટિકા નામ આપ્યું હતું અને મંદિરના નિર્માણમાં મુસ્લિમ સમુદાયના લોકોએ પણ યોગદાન આપ્યું હતું.

આજના સમયમાં શિવ વાટિકામાં રોઝા-ઈફ્તારનું આયોજન કરવું એ આશ્ચર્યજનક બાબત છે, પરંતુ ગંગા-જમુના

(જુઓ પાનું ૨) ▸▸

## અમૃતસર મંદિર વિસ્ફોટનો શંકાસ્પદ પંજાબ પોલીસ સાથે એન્કાઉન્ટરમાં ઠાર

ચંદીગઢ: અમૃતસરમાં એક મંદિરની બહાર થયેલા વિસ્ફોટનો શંકાસ્પદ પોલીસ સાથેની અથડામણમાં ઠાર કરાયો હતો. આ જાણકારી એક ટોચના અધિકારીએ સોમવારે આપી હતી.

અધિકારીના જણાવ્યા અનુસાર બીજો શંકાસ્પદ ભાગી જવામાં સફળ રહ્યો હતો. જેને પકડવાના પ્રયાસો ચાલુ છે. ઉલ્લેખનીય છે કે ઠાકુર દ્વાર મંદિરની બહાર ૧૫ માર્ચે એક વિસ્ફોટ થયો હતો. એક વ્યક્તિએ વિસ્ફોટક ઉપકરણ મંદિર તરફ ફેંક્યું હતું. જેથી મંદિરની દીવાલનો એક ભાગ ક્ષતિગ્રસ્ત થયો હતો, તેમજ બારીના કાચ તૂટી ગયા

(જુઓ પાનું ૨) ▸▸




**એકસ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સુનિતાની વાપસીનો તખ્તો તૈયાર, અંત ભલો તો બધું ભલું

**ઈન્ટરનેશનલ** સ્પેસ સ્ટેશન (આઈએસએસ)માં છેલ્લા ૯ મહિનાથી ફસાયેલાં સુનિતા વિલિયમ્સ અને બચ વિલ્મોરના પૃથ્વી પર પાછા ફરવાનો તખ્તો તૈયાર છે. વિશ્વના સૌથી ધનિક એવા એલન મસ્કની કંપની સ્પેસએક્સનું અવકાશયાન ડ્રેગન ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન સાથે જોડાઈ ગયું છે અને ત્રણ દિવસ પછી એટલે કે ૧૯ માર્ચે સુનિતા વિલિયમ્સ અને વિલ્મોરને લઈને પાછું પૃથ્વી પર આવવા રવાના થશે.

ડ્રેગન અવકાશયાનમાં ક્રુ-૧૦ના ચાર સભ્યો પણ સહીસલામત ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પહોંચી ગયા છે. નાસાના અવકાશયાત્રી નિકોલ એયર્સ, રશિયાના કિરિલ પેસ્કોવ, યુનાઇટેડ સ્ટેટ્સના એન મેકક્લેન અને જાપાનનાં ટાકુયા ઓનિશી હવે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમા રોકાશે જ્યારે સુનિતા વિલિયમ્સ અને બચ વિલ્મોરની સાથે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર રોકાયેલા નિક હેગ અને એલેક્ઝાન્ડર ગોર્બુનોવ પાછા આવવાના છે. આમ ડ્રેગન ચાર અવકાશયાત્રીને સ્પેસ સ્ટેશન પર મૂકીને અને ચાર અવકાશયાત્રીને લઈને પૃથ્વી પર પાછું આવશે.

સુનિતા વિલિયમ્સ અને વિલ્મોર છેલ્લા નવ મહિનાથી સ્પેસ સ્ટેશનમાં ફસાયેલાં છે. સુનિતા વિલિયમ્સ અને બચ વિલ્મોર ૫ જૂન, ૨૦૨૪ના રોજ બોઇંગના સ્ટારલાઇનર અવકાશયાનમાં બેસીને સ્પેસ સ્ટેશન ગયાં હતાં. સુનિતા અને બચ વિલ્મોર જાણીતી વિમાન બનાવતી કપંની બોઇંગ અને નાસાના સંયુક્ત 'ક્રુ ફ્લાઇટ ટેસ્ટ મિશન' પર ગયાં હતાં. સુનિતા અવકાશયાનના પાયલોટ હતાં જ્યારે બચ વિલ્મોર આ મિશનના કમાન્ડર હતા. બંને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) માં ૮ દિવસ રહ્યાં પછી પૃથ્વી પર પાછાં ફરવાનાં હતાં.

આ મિશનનો મુખ્ય ઉદ્દેશ અવકાશયાનની અવકાશયાત્રીઓને સ્પેસ સ્ટેશન સુધી લઈ જવા અને ત્યાંથી પાછાં ફરવાની ક્ષમતા સાબિત કરવાનો હતો. બોઈંગનાં આગળનાં સ્પેસ મિશન નિષ્ફળ ગયાં હતાં તેથી બોઈંગની સ્પેસ મિશન હાથ ધરવાની ક્ષમતા સામે શંકાઓ સેવાતી હતી. આ શંકાઓ દૂર કરવાનો ઉદ્દેશ મુખ્ય હતો. અવકાશયાત્રીઓએ સ્પેસ સ્ટેશન પરના તેમના ૮ દિવસ દરમિયાન રિસર્ચ અને અનેક પ્રયોગો પણ કરવાના હતા.

મૂળ મિશન ૮ દિવસનું હતું પણ ટેક્નિકલ ખામીને કારણે અવકાશયાનને સ્પેસ સ્ટેશનથી સુનિતા અને વિલ્મોરને લીધા વિના રવાના કરાયું હતું. સ્વાભાવિક રીતે જ નાસા કોઈ જોખમ લેવા નહોતું માગતું તેથી સુનિતા અને વિલ્મોરે સ્પેસ સ્ટેશનમાં જ રોકાઈ જવું પડ્યું હતું. તેમને પાછા લાવવાનાં મિશનમાં કોઈ ને કોઈ વિઘ્ન આવ્યા કરતાં હતાં તેથી વારંવાર મુલત્વી રાખવા પડ્યાં હતાં.

આ વખતનું મિશન પણ એક વાર તો મુલતવી રાખવું જ પડેલું. સુનિતા વિલિયમ્સ અને બેરી બચ વિલ્મોરને પાછાં લાવવા માટેનું અવકાશયાન ડ્રેગન મૂળ તો સોમવારે રવાના થવાનું ફરી હતું. નાસા અને સ્પેસએૅક્સ દ્વારા સંયુક્ત રીતે ચલાવવામાં આવી રહેલા મિશન હેઠળ ફાલ્કન-૯ ને અમેરિકાના ફ્લોરિડાના કેપ-કેનાવેરલ સ્પેસ ફોર્સ સ્ટેશનથી સોમવારે લોન્ચ કરવાનું હતું પણ તેમાં કેટલીક હાઇડ્રોલિક સમસ્યા આવતાં તેનું લોન્ચિંગ બુધવાર સુધી મુલતવી રાખવું પડ્યું હતું.

સ્પેસએક્સે મશીનમાં આવેલી સમસ્યા ક્યારે દૂર થશે એ વિશે તેનો ફોડ પાડ્યો નહોતો તેથી આ મિશન વિશે પણ શંકાઓ પ્રવર્તતી હતી. સ્પેસએક્સ દ્વારા માત્ર એટલો ખુલાસો કરાયો હતો કે, ફ્લોરિડાના કેપ-કેનાવેરલ સ્પેસ ફોર્સ સ્ટેશનથી ફાલ્કન ૯નું લોન્ચિંગ હાઇડ્રોલિક ગ્રાઉન્ડની ટેક્નિકલ સમસ્યાને કારણે મોકૂફ રાખવામાં આવ્યું છે અને લોન્ચિંગ ફરી વખત ગુરુવારે કરવામાં આવે એવું બની શકે. બુધવારે અવકાશયાન રવાના થયું હોત તો સુનિતા સહિતના ચારેય અવકાશયાત્રી રવિવાર સુધીમાં પૃથ્વી પર પાછાં આવી શક્યાં હોત પણ મિશન જ શરૂ ના થતાં અનિશ્ચિતતા વ્યાપી ગઈ હતી. ગુરુવારે ફરી આ સ્પેસયાવ રવાના થવાનું હતું પણ ગુરુવારે પણ મેળ ના પડતાં સુનિતાની વાપસી પર ફરી અનિશ્ચિતતાનાં વાદળો ઘેરાઈ ગયાં હતાં.

જો કે સ્પેસએક્સ અને નાસાએ મહેનત કરીને આ અનિશ્ચિતતાનાં વાદળ વિખેરી નાંખ્યાં. ચાર સભ્યની ક્રુ-૧૦ ટીમે ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી શનિવારે ભારતીય સમય મુજબ સાંજે ૪:૩૦ વાગ્યે સ્પેસએક્સના ફાલ્કન ૯ રોકેટથી ઉડાન ભરી હતી અને રવિવાર ને ૧૬ માર્ચના રોજ ભારતીય સમય મુજબ સવારે ૯:૪૦ વાગ્યે ડોકિંગ કર્યું. મતલબ કે, કલાકની સફર પછી અવકાશયાન સફળતાપૂર્વક જોડાઈ ગયું.

સુનિતા વિલિયમ્સ સહિતનાં સ્પેસ સ્ટેશન પાંચ હાજર તમામ લોકો ક્રૂ-૧૦ના સભ્યો ક્યારે આવે તેની રાહ જોતાં હતાં. બરાબર ૧૧:૦૫ વાગ્યે સ્પેસયાનનો દરવાજો એટલે કે હેચ ખૂલ્યું અને પૃથ્વી પરથી ગયેલા ચાર અવકાશયાત્રી સ્પેસ સ્ટેશનમાં પ્રવેશ્યા એ જોઈને સુનિતા વિલિયમ્સ સહિતના અવકાશયાત્રી ખુશી ખુશીથી ઝૂમી ઉઠ્યાં હતાં. આ લાગણી સ્વાભાવિક છે કેમ કે સુનિતા વિલિયમ્સ અને બચ વિલ્મોર ૯ મહિનાથી સ્પેસ સ્ટેશનમાં ફસાયેલાં છે. નવા ક્રુ મેમ્બર્સને જોઈને તેમને રાહતનો શ્વાસ આવ્યો જ હશે. મહિનાઓની ઉત્સુકતા, ચિંતા વગેરેનો અંત હવે નજીકમાં છે તેથી ખુશી થવી સ્વાભાવિક છે.

સુનિતા વિલિયમ્સ સહિતના અવકાશયાત્રીઓના પાછા આવવાનો તખ્તો તૈયાર છે પણ જ્યાં સુધી એ લોકો પાછાં ના આવે ત્યાં સુધી ફિંગર્સ ક્રોસ રહેશે. બધાંના જીવ ઉચાટમાં રહેશે કેમ કે ભૂતકાળમાં છેક પૃથ્વીની નજીક આવીને સ્પેસક્રાફ્ટ અકસ્માતનો ભોગ બનીને સળગી ગયાં હોય એવું બન્યું છે. ભારતીય મૂળનાં જ કલ્પના ચાવલાને લઈને પાછું આવતું અવકાશયાન કોલંબિયા આ રીતે સળગી ગયું ત્યારે કલ્પના ચાવલા સહિત ૭ અવકાશયાત્રી મોતને ભેટ્યાં હતાં.

નાસા અને સ્પેસએક્સ કશું અજુગતું ના બને તેની પૂરી તૈયારી કરીને બેઠાં છે તેથી સુનિતા સહિતનાં અવકાશયાત્રી સહીસલામત પાછાં ફરશે એવો પ્રબળ વિશ્વાસ છે. એલન મસ્કની કંપનીનો સ્પેસ મિશનનો ટ્રેક રેકોર્ડ એકદમ ક્લીન છે. સ્પેસએક્સનાં કોઈ મિશન અત્યાર સુધી નિષ્ફળ ગયાં નથી તેથી આ મિશન પણ સફળ થશે જ એનો પાકો ભરોસો હોવા છતાં સૌના જીવ થોડાઘણા ઉચાટમાં છે જ.

આશા રાખીએ કે, આ ઉચાટ ઠાલો સાબિત થાય અને સુનિતા પોતાની યશકલગીમાં વધુ એક છોગું ઉમેરીને સહીસલામત પૃથ્વી પર પાછાં ફરે. ૨૦૦૬-૦૭માં તેમની પ્રથમ અવકાશયાત્રામાં સુનિતાએ ૨૯ કલાક અને ૧૭ મિનિટ સ્પેસ વોક કરી હતી. સુનિતા વિલિયમ્સની આ ત્રીજી અવકાશયાત્રા છે. ત્રણેય પ્રવાસ દરમિયાન અત્યાર સુધીમાં નવ વખત સ્પેસવોક કર્યું છે. આ સમયગાળા દરમિયાન તેમણે સ્પેસવોકમાં ૬૨ કલાક અને ૬ મિનિટ વિતાવ્યા છે.

સુનિતા વિલિયમ્સ નવ મહિનાથી વધુ સમયથી આઈએસએસમાં છે અને સૌથી વધુ સમય સુધી અવકાશમાં સતત રહેનાર મહિલા બની ગયાં છે. આ નવ મહિના દરમિયાન તેમણે શું અનુભવ્યું અને કઈ રીતે ટક્યાં તેની વાતો સુનિતા આપણી વચ્ચે બેસીને કરે એવી આશા છે.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, મંગળવાર, તા. ૧૮-૩-૨૦૨૫

- ભારતીય દિનાંક ૨૭, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ વદ -૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ વદ-૪
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી ગાથા-૩ સ્પેન્તોર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૯મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર સ્વાતિ રાત્રે ક. ૧૭-૫૧ સુધી, પછી વિશાખા.
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૭, સ્ટા.ટા., સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૮, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૪-૨૩, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૧ (તા. ૧૯)
- ઓટઃ સવારે ક. ૦૭-૫૪, રાત્રે ક. ૨૦-૦૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ – ચતુર્થી. બુધ પશ્ચિમમાં અસ્ત, માર્ગી થઇને હર્ષલ વૃષભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૪૮ (તા. ૧૯).
- શુભાશુભ દ્દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ પૂજા-કથા વાંચન, રિક્તા તિથિમાં લગ્ન મુહૂર્ત થઈ શકે છે. વાયુદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજી પૂજન, રાહુ-મંગળ દેવતાનું પૂજન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, હજામત, મહેંદી લગાવવી, નવાં વસ્રો, આભૂષણ, માલ લેવો, બી વાવવું, ખેતીવાડીના કામકાજ, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, નિત્ય થતાં પશુ લેવડદેવડના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-મંગળ યુતિ અવિચારી
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ યુતિ (તા. ૧૯) બુધ પશ્ચિમમાં અસ્ત થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, માર્ગી મંગળ-મિથુન, વક્રી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ/વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# જજના આદેશને અવગણીને ટ્રમ્પ વહીવટીતંત્રએ સેંકડો ઈમિગ્રન્ટને કર્યા દેશપાર

વૉશિંગ્ટનઃ અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરતા ઈમિગ્રન્ટોને દેશપાર કરવાને લગતા ટ્રમ્પ વહીવટીતંત્રએ લાગુ કરેલા ૧૮મી સદીના કાયદાના અમલ પર કોલંબિયા ડિસ્ટ્રીક્ટ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ જૅમ્સ ઈ. બૉસબર્ગે મૂકેલા સ્ટેને અવગણીને ટ્રમ્પ વહીવટીતંત્રએ સેંકડો ઈમિગ્રન્ટોને દેશપાર કરીને અલ સાલ્વાડૉર મોકલી આપ્યા હોવાનું અધિકારીઓએ રવિવારે કહ્યું હતું.

જજે આદેશ આપ્યો ત્યારે વિમાન હવામાં હોવાનું ટ્રમ્પ વહીવટીતંત્રએ જણાવ્યું હતું.

કોલંબિયા ડિસ્ટ્રીક્ટ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ જૅમ્સ ઈ. બૉસબર્ગે ગેરકાયદે ઈમિગ્રન્ટોને દેશપાર કરવાને લગતા આદેશના અમલ પર શનિવારે સ્ટે આપ્યો હતો.

વકીલના જણાવ્યાનુસાર જજે આદેશ આપ્યો તે સમયે ઈમિગ્રન્ટોને લઈને એક વિમાન અલ સાલ્વાડોર અને એક વિમાન હૉન્ડરસ માટે રવાના થઈ ગયા હતા.

વિમાનને પાછા બોલાવી લેવાનો મુખ્ય ન્યાયાધીશ જૅમ્સ ઈ. બૉસબર્ગે મૌખિક આદેશ આપ્યો હતો, પરંતુ વિમાન પાછા બોલાવી લેવામાં નહોતા આવ્યા કેમ કે તેમણે આ આદેશ લેખિતમાં નહોતો આપ્યો.

વ્હાઈટહાઉસના પ્રસારમાધ્યમના સચિવ કૅરોલિન લૅવિટ્ટે રવિવારે આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે અમે કૉર્ટના આદેશનો અનાદર નથી કર્યો કે નથી તેનું પાલન કરવાની ના પાડી. જજે જે મૌખિક આદેશ આપ્યો હતો તેને કાયદાનો કોઈ આધાર નહોતો અને આદેશ આપ્યો તે અગાઉ જ ગેરકાયદે ઈમિગ્રન્ટોને અમેરિકામાંથી દેશપાર કરી દેવામાં આવ્યા હતા.

અગાઉ વૅનેઝૂઆલાની ગેન્ગે અમેરિકા પર આક્રમણ કર્યું છે અને તેમને દેશમાંથી હાંકી કાઢવાની નવા સત્તા અમારી પાસે છે એમ જણાવી અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે દેશપાર કરવાની પ્રક્રિયા ઝડપી બનાવવા ૧૮મી સદીનો કાયદો લાગુ કર્યો તેનાં ગણતરીના કલાકોમાં જ ફૅડરલ જજે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા એ કાયદા પર રોક લગાવી દીધી હતી.

આ કાયદો અમેરિકાના પ્રમુખને સ્થળાંતરીઓને સામૂહિક રીતે દેશપાર કરવાની સત્તા આપે છે. અમેરિકાના ઈતિહાસમાં અગાઉ આ કાયદાનો માત્ર ત્રણ જ વખત (એ પણ માત્ર યુદ્ધના સમયે) ઉપયોગ કરવામાં આવ્યો છે. કોલંબિયા ડિસ્ટ્રીક્ટ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ જૅમ્સ ઈ. બૉસબર્ગે કહ્યું હતું કે સરકારે સ્થળાંતરીઓને દેશપાર કરવાનું શરૂ કરી દીધું હોવાને કારણે અમારે આ આદેશ તાત્કાલિક જારી કરવો પડ્યો હતો.

ટ્રમ્પ વહીવટીતંત્રએ જેમને ગેન્ગના સભ્યો જાહેર કર્યા હતા તે ૩૦૦ જેટલા સ્થળાંતરીઓને વતનમાં પાછા લાવવા અંગે અલ સાલ્વાડૉરે આ અઠવાડિયે સહમતી દર્શાવી હતી.

સુનાવણી દરમિયાન બૉસબર્ગે કહ્યું હતું કે ટ્રમ્પના આ નિર્ણયને હું નથી માનતો. હું વધુ સમય રાહ જોઈ શકું એમ નથી અને મારે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે.

આ લોકોને દેશપાર કરવામાં આટલી ઉતાવળની શું જરૂર છે એમ જણાવતાં બૉસબર્ગે કહ્યું હતું કે જ્યાં સુધી આ લોકોને દેશપાર કરવામાં નહી આવે ત્યાં સુધી એ લોકો સરકારની કસ્ટડીમાં રહેશે. (એજન્સી)

### ટ્રમ્પ સાથે તણાવ

# કૅનેડાના વડા પ્રધાન યુરોપિયન સાથીઓને શરણે

પેરિસઃ કેનેડાના નવા વડા પ્રધાન માર્ક કાર્ને સોમવારે ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે મુલાકાત કરવા પેરિસ પહોંચ્યા હતા, અને ટ્રમ્પ વહીવટીતંત્ર સાથેના તણાવમાં કેનેડાના સૌથી જૂના સાથીઓમાંથી એક ફ્રાંસનો ટેકો માગ્યો હતો.

૧૪ માર્ચે શપથ લીધા બાદ કાર્નેની આ પ્રથમ સત્તાવાર વિદેશ યાત્રા છે. તેઓ હવે પછી યુકેના વડા પ્રધાન કીર સ્ટારમર અને રાષ્ટ્રના વડા કિંગ ચાર્લ્સ-૩ સાથે ચર્ચા કરશે.

કાર્નેએ ઇરાદાપૂર્વક કેનેડાના પ્રારંભિક અસ્તિત્વને આકાર આપનાર બે યુરોપિયન રાજધાની શહેરો પસંદ કર્યા છે. તેમના શપથ ગ્રહણ સમારોહ દરમિયાન, તેમણે નોંધ્યું હતું કે દેશ ત્રણ લોકો, ફ્રેન્ચ, અંગ્રેજી અને સ્વદેશી લોકોના પાયા પર બાંધવામાં આવ્યો હતો અને કહ્યું કે કેનેડા અમેરિકાથી મૂળભૂત રીતે અલગ છે અને ''ક્યારેય, કોઈપણ રીતે, આકાર કે સ્વરૂપમાં, યુનાઇટેડ સ્ટેટ્સનો ભાગ બનશે નહીં.''

એમણે જણાવ્યું હતું કે યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ઓફિસમાં આવ્યા ત્યારથી, તેમણે કેનેડિયન સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ભારે ટેરિફ લાદી છે અને કેનેડાને ૫૧મું રાજ્ય બનાવવા અંગે વારંવાર ટિપ્પણી કરી છે, કેનેડિયનોને ગુસ્સે કર્યા છે અને સમગ્ર દેશમાં યુએસ ઉત્પાદનોનો બહિષ્કાર કરવાની હાકલ કરી છે.

# યુનેસ્કોના વર્લ્ડ હેરિટેજ સેન્ટરમાં ભારતના છ સ્થળોનો વધારો

નવી દિલ્હી : યુનેસ્કોના વર્લ્ડ હેરિટેજ સેન્ટરની ભારતની હંગામી યાદીમાં તેલંગણાના મુદુમલ મેગાલિથિક મેનહિર અને મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશના બુંદેલમાં આવેલા રાજમહલ અને કિલ્લાઓ સહિત છ સ્થળોને સામેલ કરવામાં આવ્યા છે, એવી માહિતી કેન્દ્રના સંસ્કૃતિ અને પ્રવાસન ખાતાના પ્રધાન ગજેન્દ્ર સિંહ શેખાવતે સોમવારે આપી હતી.

બીજા સ્થળોમાં છત્તીસગઢના કાંગેર ખીણ રાષ્ટ્રીય ઉદ્યાન, મૌર્ય માર્ગમાં આવનાર અશોકવન એડિક્ટ સાઈટ (અનેક રાજ્યોમાં), ચોસઠ યોગીની મંદિર (અનેક રાજ્યોમાં) અને ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં રહેલા ગુપ્ત મંદિરો છે એમ પ્રધાને ઉમેર્યું હતું.

ભાજપના સંસદસભ્ય સંબિત પાત્રાએ સૂચન કર્યું હતું કે પૂરીની જગન્નાથ રથ યાત્રાને યુનેસ્કોના સાંસ્કૃતિક વારસામાં સામેલ કરો. શેખાવતે કહ્યું હતું કે આ સારું સૂચન છે. તેમણે ત્યારે ઉક્ત માહિતી આપી હતી. યુનેસ્કોના કાયમી પ્રતિનિધિએ એક નિવેદનમાં કહ્યું હતું કે આ છ નવી સાઈટ યાદીમાં સાત માર્ચે ઉમેરવામાં આવી હતી.

જો કોઈ પણ જગ્યાને વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો જોઈતો હોય તો એ આવશ્યક છે કે આ સ્થળનો સમાવેશ દેશની હંગામી યાદીમાં થવો જોઈએ. આ ઉમેરા સાથે ભારતમાં હવે હંગામી યાદીમાં ૬૨ સાઈટ છે. ( એજન્સી)

# હિમાચલના કેટલાક ભાગોમાં હળવી હિમવર્ષા-વરસાદઃ ૨૧ માર્ચ સુધી વરસાદની આગાહી

શિમલાઃ હિમાચલ પ્રદેશના ઊંચાણવાળા વિસ્તારોમાં સોમવારે હળવી હિમવર્ષા થઇ હતી. જ્યારે નીચલા અને મધ્યમ પહાડી વિસ્તારોમાં હળવો વરસાદ પડ્યો હતો. આ માહિતી સ્થાનિક હવામાન વિભાગે આપી હતી.

મંગળવારને બાદ કરતાં શુક્રવાર સુધી વરસાદ ચાલુ રહેશે. રવિવાર સાંજથી કલ્પામાં ૧૭.૯ સેમી, સાંગલામાં ૮.૬ સેમી અને ગોંડલામાં ૧ સેમી હિમવર્ષા નોંધાઇ છે. જ્યારે શિમલા, જુબ્બરહટ્ટી, કાંગડા, સુંદરનગર, જોત અને ભુંતારમાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. મંડી જિલ્લાના કેટલાક ભાગોમાં હળવા ધુમ્મસને કારણે વિઝિબિલિટી ૮૦૦ મીટર સુધી ઘટી ગઇ હતી. જ્યારે સિઓબાગ, નેરી, કોટખાઇ અને બિલાસપુરમાં ભારે પવન ફૂંકાયો હતો. ભાભાનગરમાં ૨૧.૬ મિમી વરસાદ પડ્યો હતો. ત્યારબાદ બાગી(૧૯.૫ મિમી), સેન્ડહોલ(૧૯ મિમી), બિજાહી (૧૪ મિમી), ભુંતાર (૧૧.૯ મિમી), સીઓબાગ (૧૧.૨ મિમી), કુફરી (૧૧ મિમી), થિયોગ (૧૦ મિમી) અને સાંગલા (૮.૨ મિમી)નો ક્રમ આવે છે. શિમલામાં ૬.૧ મિમી અને મનાલીમાં ૬ મિમી વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે બુધવારથી શુક્રવાર સુધી લાહૌલ અને સ્પીતિ, કિન્નૌર અને ચંબાના ઊંચાણવાળા વિસ્તારોમાં હળવો વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. હવામાન વિભાગે મંગળવારે રાજ્યમાં શુષ્ક હવામાન રહેવાની આગાહી કરી છે. કીલોંગ રાજ્યનું સૌથી ઠંડું સ્થળ રહ્યું હતું, જ્યાં લઘુતમ તાપમાન માઇનસ ૫.૧ ડિગ્રી સેલ્સિયસ નીચે નોંધાયું હતું. હિમાચલ પ્રદેશમાં ૧ થી ૧૭ માર્ચ સુધી ૭૫.૬ મિમી વરસાદ પડ્યો હતો, જ્યારે સામાન્ય રીતે ૬૩.૮ મિમી વરસાદ પડે છે.

# મણિપુર હિંસાઃ કેસની સુનાવણી ગુવાહાટીમાં જ થશેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સીબીઆઈ દ્વારા જેની તપાસ કરવામાં આવી રહી છે તે મણિપુર હિંસાને લગતા કેસની સુનાવણી અગાઉ કેસ જ્યાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા તે આસામના ગુવાહાટીમાં જ કરવામાં આવશે, એમ સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું. મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાના વડપણ હેઠળની ત્રણ ન્યાયાધીશની બનેલી ખંડપીઠે પણ જમ્મુ-કાશ્મીર હાઈ કોર્ટનાં મુખ્ય ન્યાયાધીશ ગીતા મિત્તલના વડપણ હેઠળની કમિટીની મુદત ૩૧ જુલાઈ ૨૦૨૫ સુધી લંબાવી છે.

મણિપુર વંશીય હિંસાના અસરગ્રસ્તોને રાહત આપવા અને તેમના પુનર્વસન પર દેખરેખ રાખવા બૉમ્બે હાઈ કોર્ટનાં ભૂતપૂર્વ ન્યાયાધીશ શાલિની પી. જોશી અને દિલ્હી હાઈ કોર્ટનાં ભૂતપૂર્વ ન્યાયાધીશ આશા મેનનનો પણ સમાવેશ કરતી કમિટીની રચના ૭ ઑગસ્ટ ૨૦૨૩ના કરવામાં આવી હતી.

અગાઉ સુપ્રીમ કોર્ટે ગયા વરસની પાંચ ઑગસ્ટે આ કમિટીની મુદત છ મહિના માટે લંબાવી હતી.

મુખ્ય ન્યાયાધીશે સ્પષ્ટતા કરી હતી કે મણિપુર હિંસાને લગતા કેસની સુનાવણી ગુવાહાટીમાં જ કરવામાં આવશે.

મણિપુરની એકંદરે સ્થિતિ જોઈને યોગ્ય અને ન્યાયી પ્રક્રિયા માટે સુપ્રીમ કોર્ટે ૨૭ કેસ આસામમાં ટ્રાન્સફર કર્યા હતા.

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પ-પુતિનની

હવે યુક્રેન યુદ્ધનો અંત આવે એ અમે જોવા માગીએ છીએ.

ટ્રમ્પ અને પુતિન વચ્ચે મંગળવારે બેઠક યોજાશે એ પ્રકારના વહેતા થયેલા અહેવાલને રશિયાના પ્રવક્તા ડિમિત્રી પૅસકોવે સોમવારે સમર્થન આપ્યું હતું. જોકે બેઠકમાં કયાં મુદ્દે ચર્ચા કરવામાં આવશે તેની વિગતો આપવાનું તેમણે ટાળ્યું હતું.

પુતિન પરત્વેના મમત્વ તેમ જ બે અઠવાડિયા અગાઉ ટ્રમ્પ સાથેની મુલાકાતને મામલે આકરી ટીકાનો સામનો કરી રહેલા યુક્રેનના પ્રમુખ ઝૅલેન્સ્કી પરત્વેના ટ્રમ્પના અણગમાથી યુરોપિયન યુનિયનના દેશો ચિંતિત છે.

ત્રણ વર્ષ અગાઉ કરેલા આક્રમણ બાદ યુક્રેન પર કબજો કરવાનું પ્રારંભિક લક્ષ્ય પાર પાડવામાં રશિયા નિષ્ફળ ગયું હોવા છતાં યુક્રેનના મોટા હિસ્સા પર રશિયાનો અંકુશ છે. યુક્રેન યુદ્ધનો અંત આણવા જમીન અને પાવર પ્લાન્ટ વાતચીતના મુખ્ય મુદ્દા હશે, એમ ટ્રમ્પે કહ્યું હતું. (એજન્સી)

### કૂપવાડામાં

હતું. ટોચના પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે એક આંતકવાદી માર્યો ગયો છે. સુરક્ષા દળોને અહીં આતંકવાદી હોવાની બાતમી મળતા શોધ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સંતાયેલા આતંકવાદીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો હતો. આ વિસ્તારમાં બે-ત્રણ આતંકવાદી ફસાયા હોવાની સલામતી દળોને શંકા છે. સામસામે ભારે ગોળીબાર થયો હતો. સલામતી દળોએ ઘેરાબંદી કરી હતી.

અથડામણ દરમિયાન એક એકે-૪૭ રાઈફલ અને બીજી યુદ્ધ સામગ્રી મળી હતી. આ વિસ્તારમાં વધારે આતંકવાદી સંતાયા હોવાની સંભાવનાને નકારી શકાય નહીં.

અહીં ઉલ્લેખનીય છે કે માર્ચ મહિનામાં જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશમાં થયેલી આ પહેલી અથડામણ છે. ગયા મહિને બે આતંકવાદી ઘટના બની હતી અને એમાં એક ભૂતપૂર્વ જવાન અને બે સૈનિકનાં મૃત્યુ થયાં હતાં.

દરમિયાન સોમવારે કુલગામ જિલ્લાના કૈમોહ વિસ્તારમાં સલામતી દળોએ એક આઈઈડી શોધી કાઢ્યું હતું. બૉમ્બ નિષ્ક્રિય કરનારી ટીમે તેને નકામો બનાવ્યો હતો. સલામતી દળોએ અગમચેતીનાં પગલાં તરીકે વિસ્તારને ઘેરી કાઢ્યો હતો.

### ભારત-ન્યૂ ઝીલૅન્ડ

કે બંને દેશે સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રે વ્યાપક ભાગીદારી કરવાનો નિર્ણય લીધો છે અને સંરક્ષણ ક્ષેત્રમાં એકમેકના સહકાર અંગેનો રોડમેપ જલદી જ તૈયાર કરવામાં આવશે.

બંને દેશ આતંકવાદનો વિરોધ કરે છે પછી ભલે એ ૧૫ માર્ચ ૨૦૧૯માં ક્રાઈસ્ટ ચર્ચમાં કરવામાં આવેલો હુમલો હોય કે પછી ૨૬ નવેમ્બર ૨૦૦૮માં કરવામાં આવેલો મુંબઈ આતંકવાદી હુમલો હોય એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે કોઈપણ પ્રકારનો આતંકવાદ બંને દેશને અસ્વીકાર્ય છે.

આતંકવાદી હુમલાના દોષીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવવી જોઈએ એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે આતંકવાદી અને અલગતાવાદી તત્ત્વો વિરુદ્ધની કામગીરીમાં બંને દેશ એકમેકને સહકાર આપતા રહેશે.

આતંકવાદવિરોધી લડતમાં ભારતને ન્યૂ ઝીલૅન્ડનો સાથસહકાર કાયમ મળતો રહેશે એવો વિશ્વાસ મોદીએ વ્યક્ત કર્યો હતો.

બંને દેશના લાભાર્થે મુક્ત વેપારી કરારને મામલે વાતચીત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે આ બાબત અરસપરસ વેપાર અને રોકાણને વેગ આપશે. ડેરી ઉત્પાદનો, ફૂડ પ્રોસેસિંગ અને ફાર્મ જેવા ક્ષેત્રમાં રોકાણને પ્રોત્સાહન આપવામાં આવશે.

ભારત અને ન્યૂ ઝીલૅન્ડ મુક્ત, ખુલ્લા અને સુરક્ષિત ઈન્ડો-પેસિફિકને ટેકો આપે છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે અમે વિકાસની નીતિમાં માનીએ છીએ. (એજન્સી)

### લખનઊ બન્યું

તહઝીબ મુજબ જ અવધપુરમ જીવી રહ્યું હોવાનું અમને યાદ છે અને એટલે જ ભવિષ્યમાં પણ અમે એ રીતે જીવવાનું ચાલુ રાખીશું, એમ સોસાયટીના સેક્રેટરી આરિફ અલી સિદ્દીકીએ કહ્યું હતું. રોઝા-ઈફતાર અને શિવ આરતીમાં ભાગ લઈને અનેક હિન્દુ અને મુસ્લિમ ભાઈઓએ ભાઈચારાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું હતું, એમ તેમણે કહ્યું હતું.

વસુધૈવ કુટુંબકમ (વિશ્વ એક પરિવાર છે)નો વિચાર એ સનાતન ધર્મનો પાયાનો મંત્ર છે. દરેક ધર્મનો આદર કરવો એ ભારતીય સંસ્કૃતિની ઓળખ છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### અમૃતસર મંદિર

હતા. પંજાબ પોલીસ વડા ગૌરવ યાદવે જણાવ્યું કે ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરીને અમૃતસર પોલીસે મંદિર પર હુમલા માટે જવાબદાર લોકોની ઓળખ કરી લીધી છે.

પોલીસ મહાનિર્દેશક યાદવે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું કે પોલીસની ટીમોએ રાજાસાંસીમાં શંકાસ્પદોને શોધી કાઢ્યા હતા. આરોપીઓએ ગોળીબાર કર્યો હતો, જેમાં એચસી ગુરપ્રીત સિંહ ઘાયલ થયા હતા અને ઇન્સ્પેક્ટર અમોલક સિંહની પાઘડી તૂટી ગઇ હતી. યાદવે જણાવ્યું કે સ્વ-બચાવમાં કાર્યવાહી કરતા પોલીસ ટીમે વળતો જવાબ આપ્યો હતો, જેમાં આરોપી ઘાયલ થયો હતો. તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો જ્યાં બાદમાં તેનું મૃત્યુ થયું હતું. જ્યારે અન્ય આરોપી ભાગી ગયો હતો અને તેમને પકડવાના પ્રયાસો ચાલુ હોવાનું યાદવે જણાવ્યું હતું.

ઘટનાના સીસીટીવી કેમેરા ફૂટેજમાં બે અજાણ્યા શખ્સો મોટરસાઇકલ પર મંદિર તરફ આવતા જોવા મળ્યા હતા. થોડી સેકન્ડ રાહ જોયા પછી તેમાંથી એકને મંદિર તરફ વિસ્ફોટક ઉપકરણ ફેંકતો જોવા મળ્યો હતો અને બાદમાં બંને ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા.

## બે વર્ષમાં ૮૦,૦૦૦+ અબોલ જીવોને શાતા આપવાના મહાયજ્ઞમાં દાનવીરોને ઉદાર હાથે સુકૃતમાં જોડાવા અપીલ

**૮૦,૦૦૦+ પશુ-પંખીઓની સારવાર અને પીડામાં રાહત**
**દૈનિક ૧૦૦+ પશુ-પંખીઓને તબીબી સહાય**
**મુંબઈ, પાલીતાણા અને દિલ્હી માં ફ્રી અને ત્વરિત સેવા**

આ સેવા ચાલુ રાખવા માટે આપનો સહયોગ જરૂરી છે
એક એમ્બ્યુલન્સનો દૈનિક ખર્ચ ₹ **૧૦,૦૦૦** છે, જેમાં શામેલ છે:
◉ પશુચિકિત્સકનો પગાર ◉ ડ્રાઈવરનો પગાર
◉ ડીઝલ અને વાહન જાળવણી ◉ જરૂરી દવાઓ અને સારવાર

આપશ્રીના સહયોગથી, આપણે મૌન પ્રાણીઓ માટે કરુણા અને સેવાનો સંકલ્પ પૂરો કરી શકીશું.

દૈનિક **₹ ૧,૩૦,૦૦૦** નો ખર્ચ થાય છે, જેના દ્વારા **૧૦૦+** પશુઓનું જીવન બચાવવામાં આવે છે. આ સેવાને અવિરત ચાલુ રાખવા માટે આપનું ઉદાર યોગદાન જરૂરી છે. આપનું દાન જીવ બચાવી શકે છે!

### જીવદયા અને જીવરક્ષા એ એક ઉત્તમ કાર્ય છે.

◈ **₹ ૧૦,૦૦૦** – એક એમ્બ્યુલન્સનો એક દિવસનો ખર્ચ ◈
◈ **₹ ૧,૩૦,૦૦૦** – ૧૩ એમ્બ્યુલન્સના એક દિવસના ખર્ચ ◈
◈ **₹ 3.00 લાખ** – એક એમ્બ્યુલન્સના એક મહિનાના ખર્ચ ◈
◈ **₹ 3૬ લાખ** – એક એમ્બ્યુલન્સના એક વર્ષના ખર્ચ ◈

**આપનું દાન અબોલ જીવો માટે સંજીવની પુરવાર થશે.**



**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત અર્હમ અનુકંપા-સમસ્ત મહાજનનું "કરુણા રથ" – એનિમલ એમ્બ્યુલન્સ ઓન વ્હીલ્સ, તે અબોલ જીવો માટે સમર્પિત છે, જે અકસ્માતગ્રસ્ત, બીમાર અથવા પીડિત હોય. આ એમ્બ્યુલન્સ સેવા તેમને તાત્કાલિક તબીબી સહાયતા પૂરી પાડી, તેમની પીડા ઘટાડે છે અને જીવન બચાવવા માટે કાર્યરત છે.**

**દરેક જીવની પીડા દૂર કરવી એ મહાન સેવા છે.**



ARHAM YUVA SEVA GROUP
PAROPKAR SE PARMATMA

**પશુ દવાખાનું**
૧. પાવન ધામ, મહાવીર નગર, કાંદિવલી - પશ્ચિમ
૨. સોમૈયા કૉલેજ ગેટ નં ૧ ની સામે, વિદ્યાવિહાર - પૂર્વ

મુંબઈ : ૧૦ એમ્બ્યુલન્સ | ૯૧૫૨૯૯૫૩૯૯
પાલીતાણા : ૦૧ એમ્બ્યુલન્સ | ૯૧૫૨૯૯૫૮૯૯
દિલ્હી : ૦૨ એમ્બ્યુલન્સ | ૯૧૫૨૯૯૦૪૯૯

⌘ પરેશ શાહ (ટ્રસ્ટી, સમસ્ત મહાજન | પ્રોજેક્ટ ચેરમેન "અર્હમ અનુકંપા") : +૯૧-૯૮૧૯૩૦૧૨૯૮ ⌘

REGISTERED WITH BSE SAMMAN, NITI AAYOG, TISS & IICA
Beneficiary Name: SAMAST MAHAJAN | Bank: HDFC Bank Ltd. | Current Account No.: 00602320006521
Branch: Crawford Market, Mumbai | IFSC: HDFC0000143

'**સમસ્ત મહાજન**' વિવિધ કંપનીના **સીએસઆર** ફંડના ઉપયોગ માટે માન્યતાપ્રાપ્ત સંસ્થા છે. | '**સમસ્ત મહાજન**'ને **એફસીઆરએ** હેઠળ વિદેશથી ડોનેશન મેળવવા માટે અધિકૃત સંસ્થા છે. | **સેકશન 80G** અને **12AA** અંતર્ગત, સંસ્થાને આપવામાં આવતું દાન **કરમુક્તિને** પાત્ર છે.

SAMAST MAHAJAN
Harmonious with the universe
Trust Regd. No.: E/15474 (Ahmedabad)
SamastMahajanIndia
samastmahajan

**સમસ્ત મહાજન:** ૪૦૯, પ્રસાદ ચેમ્બર, ઓપેરા હોઉસ, મુંબઈ - ૪૦૦૦૦૪ **ગિરીશ જયંતીલાલ શાહ, મેનેજિંગ ટ્રસ્ટી:** ૯૮૨૦૦૨૦૯૭૬ samastmahajan9@gmail.com www.samastmahajan.org





વિઝન વિકસિત ગુજરાતનું
ગુજરાત બજેટ 2025-26
મિશન જનકલ્યાણનું

## વિઝન આધુનિક ગુજરાતનું મિશન સદભાવપૂર્ણ સમાજના નિર્માણની

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે કુલ ₹૬,૮૦૭ કરોડની જોગવાઈ**

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

» પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના અંદાજે ૪૨ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય આપવા માટે **₹૭૧૭ કરોડની જોગવાઈ**

» **પી.એમ. યશસ્વી યોજના:** પ્રિ-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના માટે **₹૫૨૦ કરોડની જોગવાઈ**

» **સંત સુરદાસ યોજના:** ૮૦% ને બદલે હવેથી ૬૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા ૮૫ હજારથી વધુ દિવ્યાંગજનોને પણ **હવે વાર્ષિક ₹૧૨ હજારની સહાય આપવામાં આવશે**

» **વિદેશ અભ્યાસ લોન યોજના:** વિદેશમાં ઉચ્ચ કક્ષાના અભ્યાસ અર્થે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે **₹૧૦૦ કરોડ** અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વિદ્યાર્થીઓ માટે **₹૮૦ કરોડની જોગવાઈ**

» ઘરના ઘર માટેની SC-ST-OBC વર્ગો માટે મકાન સહાયમાં સબસિડીમાં વધારો કરી હાલની ₹૧.૨૦ લાખની સહાયમાં મકાનદીઠ **₹૫૦ હજારના વધારા સાથે ₹૧. ૭૦ લાખ કરવામાં આવી**

» **સમરસ છાત્રાલય:** ૧૦ જિલ્લાઓમાં ૯ સમરસ કન્યા અને ૧૧ સમરસ કુમાર છાત્રાલયો બનાવવા માટે **₹૮૩ કરોડની જોગવાઈ** જેનાથી અંદાજે વધારાના ૧૩ હજાર કુમાર/કન્યા છાત્રોને લાભ થશે

» અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓને બેંક મારફતે **₹ ૧૦ લાખ સુધી** સ્વરોજગારી માટે લીધેલ લોન પર ૬% વ્યાજ સબસિડી પુરુષ માટે તથા મહિલા માટે ૭% વ્યાજ સબસિડીની જોગવાઈ

» **સરસ્વતી સાધના યોજના:** ધોરણ ૯માં અભ્યાસ કરતી સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની તેમજ આર્થિક પછાત વર્ગની ૧.૨૫ લાખ વિદ્યાર્થિનીઓને અને અનુસૂચિત જાતિની ૧૩,૬૦૦ વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે સાયકલ આપવા માટે **₹૮૪ કરોડની જોગવાઈ**



# દાદર-પ્રભાદેવીથી કોસ્ટલ રોડ જવાનું સરળ બનશે: એપ્રિલમાં અંડરપાસ ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દાદર અને પ્રભાદેવીથી કોસ્ટલ રોડ તરફ જતા લોકોને આવતા મહિનેથી રાહત મળવાની છે. મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ દ્વારા આવતા મહિને ૫૫૦ મીટરનો વેહિકલ અંડર પાસ ખુલ્લો મૂકવામાં આવવાનો છે, તેને પગલે વાહનચાલકોને ટ્રાફિકથી વધુ રાહત મળવાની છે. વધુમાં ૭.૫ કિલોમીટર લાંબો મરીન ડ્રાઈવ પોમેનેડ જેમાં જોગિંગ ટ્રેક, સીટિંગ એરિયા અને લીલોતરીભર્યો વિસ્તાર પણ નાગરિકો માટે મે, ૨૦૨૫માં ખુલ્લો મૂકવામાં આવવાનો છે, જે પ્રિયદર્શિની પાર્કથી વરલી સુધી ફેલાયેલો હશે.

મરીન ડ્રાઈવથી બાન્દ્રા-વરલી સી લિંક સુધી ફેલાયેલો સુધરાઈનો આ મહત્ત્વાકાંક્ષી ૧૦.૫૮ કિલોમીટર લાંબો કોસ્ટલ રોડ હવે વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકી દેવામાં આવ્યો છે, જેનાથી દક્ષિણ મુંબઈથી પશ્ચિમ ઉપનગર જનારા વાહનચાલકોને ટ્રાફિકથી ભારે રાહત મળી છે.

આ દરમ્યાન ખાન અબ્દુલ ગફાર ખાન રોડ નીચે એક અંડરપાસ જે.કે.કપૂર ચોકને વરલીના બિંદુમાધવ ઠાકરે ચોક ખાતે કોસ્ટલ રોડને જોડે છે, તે એપ્રિલમાં ખુલ્લો મુકાશે. શિવડી-વરલી કનેક્ટરથી આવતા વાહનો કોસ્ટલ રોડ દ્વારા પશ્ચિમ ઉપનગર અથવા દક્ષિણ મુંબઈ તરફ ઝડપથી જવા માટે આ અંડરપાસનો ઉપયોગ કરશે. ૫૫૦ મીટર લાંબી, ૧૧ મીટર પહોળી ટનલ ફક્ત દાદર અને પ્રભાદેવીથી દક્ષિણ તરફ જતા વાહનો માટે હશે, જે વરલીમાં ટ્રાફિકમાં ઘટાડવામાં મદદ કરશે. અંડરપાસમાં પ્રવેશ્યા પછી વાહનો ક્યાં તો બાન્દ્રા તરફ જઈ શકે છે અથવા મરીન ડ્રાઈવ અથવા નરીમાન પોઈન્ટ તરફ આગળ વધી શકે છે.

પાલિકા અહીં વોકવે પર અદ્દભુત વ્યૂઈંગ ડેક બનાવવાની પણ યોજના બનાવી રહી છે. હાજી અલીની નજીક ડેક વોકવેથી લગભગ ત્રણ મીટર સુધી લંબાશે. તેનું કામ કન્સલ્ટન્ટને સોંપવામાં આવ્યું છે.

હાલમાં ટાટા સન્સ લિમિટેડ તેના કૉર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) ભંડોળ દ્વારા પ્રિયદર્શની પાર્ક થી વરલી સુધીના ૪.૫૩ કિલોમીટરના પટ્ટાનું સુશોભીકરણનું કામ કરી રહી છે. વધુમાં પાંચ કંપનીઓએ કોસ્ટલ રોડ પર ૭૦ હેક્ટર ખુલ્લી જગ્યા વિકસાવવામાં રસ દર્શાવ્યો છે, જેમાં અંદાજિત ૪૦૦ કરોડ રૂપિયાના સીએસઆર રોકાણનો સમાવેશ થાય છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ હાલ અમે કંપનીઓની સમીક્ષા કરી રહ્યા છીએ ત્યારબાદ અંતિમ નિર્ણય લઈશું.

હાલ મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટના ભાગરૂપે ૭.૫ કિલોમીટર લાંબા મરીન ડ્રાઈવ પ્રોમેનેડનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

# ડિજિટલ અરેસ્ટનો ભય બતાવી વૃદ્ધા પાસેથી ૨૦ કરોડ રૂપિયા પડાવ્યા: બેની ધરપકડ

મુંબઈ: આધાર કાર્ડનો ઉપયોગ મની લોન્ડરિંગમાં થયો હોવાનું જુઠ્ઠાણું ચલાવીને દક્ષિણ મુંબઈમાં રહેતી ૮૬ વર્ષની સિનિયર સિટિઝન પાસેથી સાયબર ઠગે ખાસ્સા ૨૦ કરોડ રૂપિયા પડાવ્યા હોવાનું સામે આવ્યું હતું. આ કેસની તપાસ દરમિયાન સાઉથ રિજન સાયબર સેલે બે આરોપીને પકડી પાડ્યા હતા, જેમાંથી એક ઈન્ટરનૅશનલ સિન્ડિકેટનો સભ્ય હોઈ તેણે ટેલિગ્રામ પર ૧૩ વિદેશી નાગરિકનું એક ગ્રૂપ બનાવ્યું હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. પોલીસે ધરપકડ કરેલા બન્ને આરોપીની ઓળખ શાયન જમીલ શેખ (૨૦) અને રાઝીક આઝમ બટ (૨૦) તરીકે થઈ હતી. શેખ મલાડનો રહેવાસી છે અને છેતરપિંડીથી પ્રાપ્ત કરાયેલી રકમમાંથી અમુક તેના બૅન્ક ખાતામાં જમા થઈ હતી. મીરા રોડમાં રહેતો આરોપી બટ ઈન્ટરનૅશનલ સિન્ડિકેટનો સભ્ય હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ૨૬ ડિસેમ્બર, ૨૦૨૪થી ત્રીજી માર્ચ, ૨૦૨૫ દરમિયાન આ સાયબર ફ્રોડ થયું હતું. આરોપીઓએ જ ફરિયાદીના આધાર કાર્ડ અને વ્યક્તિગત માહિતીનો ઉપયોગ કરીને એક રાષ્ટ્રીય બૅન્કમાં ખાતું ખોલાવ્યું હતું. પછી આ ખાતાનો ઉપયોગ મની લોન્ડરિંગ માટે થયો હોવાનું ફરિયાદીને કહેવામાં આવ્યું હતું.

સૌપ્રથમ ડિસેમ્બર, ૨૦૨૪માં આરોપીએ ફરિયાદીને કૉલ કર્યો હતો. આરોપીએ પોતાની ઓળખ પોલીસ અધિકારી તરીકે આપી હતી. આધાર કાર્ડનો ઉપયોગ મની લોન્ડરિંગ માટે થયો હોવાથી ગુનો નોંધી ડિજિટલ અરેસ્ટની આરોપીએ ચીમકી આપી હતી. ફરિયાદી અને તેના કુટુંબીજનો પર પણ ગુનો નોંધવાનો ભય આરોપીએ દાખવ્યો હતો.

બાદમાં વિવિધ કારણો રજૂ કરી ફરિયાદીને સમયાંતરે ૨૦.૨૫ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવાની ફરજ પાડવામાં આવી હતી.

સગાની સલાહ પછી પોતે છેતરાઈ હોવાનું જણાતાં વૃદ્ધાએ સાયબર પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

# મહિલાના ફોટોનો સંમતિ વિના 'ગેરકાયદે' ઉપયોગ: કોર્ટ ભડકી, ચાર રાજ્ય સરકારને નોટિસ

મુંબઈ: બોમ્બે હાઇ કોર્ટે સરકારી જાહેરાતોમાં સંમતિ વિના મહિલાના ફોટોગ્રાફ વાપરવાના 'વ્યાપારલક્ષી' અને 'ગેરકાયદે' ઉપયોગ સામે અસંમતિ દર્શાવી કેન્દ્ર અને ચાર રાજ્ય સરકારને નોટિસ ફટકારી છે.

સરકારી જાહેરાતોમાં મહિલાઓનો ફોટો તેમની સંમતિ વિના ઉપયોગમાં લેવો 'વ્યાપારલક્ષી' જ કહેવાય અને વર્તમાન ઈલેક્ટ્રોનિક તથા સોશ્યલ મીડિયાને જોતા એ ઉપયોગ 'ઘણો ગંભીર' ગણાય એવું નિરીક્ષણ બૉમ્બે હાઇ કોર્ટે કર્યું હતું. નમ્રતા અંકુશ કાવળે નામની આ મહિલાએ પોતાની અરજીમાં જણાવ્યું હતું કે એક પરીચિત ફોટોગ્રાફર દ્વારા લેવામાં આવેલી તેની તસવીર તેની સંમતિ અને જાણકારી વિના 'Shutterstock.com' વેબસાઇટ પર અપલોડ કરવામાં આવી હતી. ત્યારબાદ મહારાષ્ટ્ર, તેલંગાણા, કર્ણાટક અને ઓડિશાની રાજ્ય સરકાર અને કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય અને કેટલીક પ્રાઈવેટ કંપનીઓ દ્વારા તેમની વેબસાઇટ, હોર્ડિંગ્સ અને અન્ય જાહેરાતો પર અનધિકૃત રીતે એ ફોટોગ્રાફ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ મહિલાએ કર્યો હતો.

ન્યાયમૂર્તિ જી. એસ. કુલકર્ણી અને ન્યાયમૂર્તિ અદ્વૈત શેઠનાની ખંડપીઠે ૧૦ માર્ચે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે ઇલેક્ટ્રોનિક યુગ અને સોશિયલ મીડિયાના સમકાલીન સમયને ધ્યાનમાં રાખીને અરજીમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ એકદમ ગંભીર છે.

# મહારાષ્ટ્ર વિધાન પરિષદની પાંચ બેઠક માટેની ચૂંટણી બિનવિરોધ થવાની શક્યતા

મુંબઈ: શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)એ સોમવારે મહારાષ્ટ્ર વિધાન પરિષદની પાંચ બેઠકો માટે ૨૭ માર્ચે યોજાનારી પેટાચૂંટણી માટે એક-એક ઉમેદવાર જાહેર કરતાં હવે આ ચૂંટણી બિનવિરોધ થવાના એંધાણ જોવાઈ રહ્યા છે. મહાયુતિ સરકારમાં તેમના સાથી ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ રવિવારે ત્રણ બેઠકો માટે ઉમેદવારો જાહેર કર્યા પછી આ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. શિવસેનાએ નંદુરબાર જિલ્લાના એક અગ્રણી કાર્યકર ચંદ્રકાંત રઘુવંશીને ઉમેદવાર બનાવ્યા છે અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની એનસીપીએ સંજય ખોડકેને ઉમેદવાર બનાવ્યા છે, જેમની પત્ની ૨૦૨૪ની રાજ્ય વિધાનસભા ચૂંટણી જીતી ગઈ હતી.

## સંસ્થા સમાચાર

### ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા દસમા અને બારમાના વિદ્યાર્થીઓ માટે ૧૯મી માર્ચે નિઃશુલ્ક કારકિર્દી માર્ગદર્શન

આ વર્ષે દસમાની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને દસમા પછી કયો વિદ્યા પ્રવાહ, અર્થાત આર્ટ્સ, કોમર્સ, સાયન્સ કે તે સિવાય બીજા કોઈ વિષયમાં રસ, રુચિ અને ગમતો વિષય છે, તે નક્કી કરવા અને તેમાં પ્રવેશ લેવા માટે, આઈક્યુ અને એપ્ટિટ્યૂડ ટેસ્ટ આપવાથી અથવા ડીએમઆઈટી અર્થાત બાયોમેટ્રિક ફિંગર પ્રિન્ટનો ટેસ્ટ કરાવવાથી આપણને ક્યા ક્ષેત્રમાં વધારે સારી રીતે ભવિષ્યની સફળ કારકિર્દીનું ઘડતર કરવા માટેની સચોટ અને યોગ્ય માહિતી અને જાણકારી મળે છે કે નથી મળતી ? બધા મૂંઝવણભર્યા, માનસિક તાણ અને ચિંતા કરાવતા પ્રશ્નોની યોગ્ય અને સચોટ જાણકારી માટે કારકિર્દી માર્ગદર્શનનો નિઃશુલ્ક લાભ લઇ શકો છો. વિદ્યાર્થીઓ માટે શ્રી ઘાટકોપર સમસ્ત બ્રાહ્મણ સમાજ દ્વારા આયોજિત, સર્વ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક કારકિર્દી માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સેમિનારમાં ધોરણ ૮, ૯, ૧૦, ૧૧ અને ધોરણ ૧૨, આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ કોલેજમાં ભણતા અને ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક કારકિર્દી માર્ગદર્શન માટે આ સેમિનારમાં કોઈપણ વિદ્યાર્થીઓ, વડીલો ભાગ લઇ શકશે. કારકિર્દી માર્ગદર્શન, કરિયર કાઉન્સેલર અને મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન આઈએએસ એકેડેમી દાદર, મુંબઈના સંચાલક વ્રજ પટેલ કરશે. શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ વાડી, જોષી ગલી, ઘાટકોપર પૂર્વ ખાતે ૧૯મી માર્ચ બુધવારે બપોરે ૩.૩૦ વાગ્યે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

### ધનંજય દેસાઈ રચિત સાઈબર ફ્રોડ પુસ્તકનું રવિવારે લોકાર્પણ

ધનંજય દેસાઈ રચિત સાઈબર ફ્રોડ પુસ્તકનું વિમોચન રવિવારે ૨૩મી માર્ચના રોજ ૧૦થી ૧૨ની વચ્ચે શ્રી પાર્ટી હોલ, સિદ્ધાંત ટાવર, ગણેશ મંદિર પાસે, શિમ્પોલી ખાતે થશે. સાયબર સિક્યોરિટી પ્રાઈવસી સિસ્ટમના નિષ્ણાત હિતેન દાણીના હસ્તે આ વિમોચન હાથ ધરવામાં આવશે. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે શિક્ષણ અને સામાજિક ક્ષેત્રે અગ્રણી રાજુ દેસાઈ, વેપાર-ઉદ્યોગના આગેવાન ઈશ્વરભાઈ પડિયા અને એન.એમ. ઠક્કરની કંપનીના હેમંતભાઈ ઠક્કર હાજર રહેશે.

છેલ્લા પાનાનું ચાલુ

### કબર પર થૂંકવાની

પરિષદ પોતે જ કબર દૂર કરશે. દરમિયાન, ભાજપના નેતા સુનીલ દેવધરે હવે માગ કરી છે કે જો આ કબર દૂર કરવામાં ન આવે તો ત્યાં થૂંકવાની વ્યવસ્થા કરવામાં આવે. મહારાષ્ટ્રમાં જે કંઈ થશે તે કાયદા અનુસાર જ થશે. મારી ભૂમિકા ઔરંગઝેબની કબર તોડી પાડવાની છે. જોકે, જો આ કબર દૂર કરવામાં ન આવે તો ઔરંગઝેબની કબર પર થૂંકવાની વ્યવસ્થા કરો, એવી માગ સુનીલ દેવધરે કરી હતી. દેવધરે એમ પણ કહ્યું કે સંભાજીનગરમાં ઔરંગઝેબના મકબરા પર પણ આવી જ વ્યવસ્થા કરવી જોઈએ, કારણ કે તેનાથી ત્યાં પર્યટન વધશે.

### કબર ફરતે હાલ

પોલીસ, સ્થાનિક પોલીસના ૩૦ કર્મચારી અને ૨૦ હોમ ગાર્ડને પણ તહેનાત કરાયા હતા. કબરની મુલાકાત લેનારાઓના નામ-નંબર નોંધવામાં આવી રહ્યા હતા તથા તેમના સંબંધિત દસ્તાવેજ પણ ચકાસવામાં આવી રહ્યા હતા.

### કબર દરિયામાં

સંભાજીનગરના ખુલદાબાદમાં ઔરંગઝેબ અને તેમની કબર સામે આંદોલન શરૂ કર્યું છે. જો જરૂર પડશે તો અમે છત્રપતિ સંભાજીનગર સુધી કૂચ કરીશું અને 'કારસેવા' (જન આંદોલન) કરીશું. અમારા કાર્યકર્તાઓ (કાર્યકર્તાઓ) કબર હટાવીને દરિયામાં ફેંકી દેશે. જોકે તે પહેલાં, અમે સરકારને જિલ્લામાંથી તે કબર હટાવવા માટે કામ કરવા વિનંતી કરીએ છીએ, એવું તેમણે કહ્યું હતું.

### કમનસીબે ઔરંગઝેબની

કહ્યું હતું કે, 'છત્રપતિ શિવાજી મહારાજે ૧૮ જાતિના લોકોને ભેગા કર્યા હતા. તેઓ ખેડૂતો અને બેલદારો કે મજૂરોને એકસાથે લાવ્યા હતા. તેમણે તેમનામાં પૌરુષત્વનું બીજ રોપ્યું. તેમણે આપણને ભગવાન, દેશ અને ધર્મ માટે લડવા માટે તૈયાર કર્યા. તેમણે વાવેલા બીજને કારણે જ સંભાજી મહારાજ રાજારામ મહારાજ અને તારા રાણીએ પાછળથી સ્વરાજ્યમાં પોતાનું યોગદાન આપ્યું હતું. એએસઆઈએ પચાસ વર્ષ પહેલાથી ઔરંગઝેબની સમાધિનું રક્ષણ કર્યું છે, તેથી મહારાષ્ટ્ર સરકારની પણ જવાબદારી છે કે તેનું રક્ષણ કરે. પરંતુ આ મહારાષ્ટ્રમાં ઔરંગઝેબની સમાધિ ક્યારેય ગૌરવશાળી નહીં બને,' એમ ફડણવીસે આ પ્રસંગે કહ્યું હતું.

### ...તમે તમારું કામ

સાથે બેસીને વાતો કરી ન હતી. અમારા કારસેવકોએ જે યોગ્ય હતું તે કર્યું હતું,' એમ રાણેએ કહ્યું હતું.

'આપણે સતત ભાર મૂકવો જોઈએ કે શિવાજી મહારાજ હિંદવી સ્વરાજ્યના સ્થાપક હતા. આ ઓળખ વારંવાર પુનરાવર્તિત થવી જોઈએ જેથી અમુક જૂથો દ્વારા તેમને ધર્મનિરપેક્ષ રાજા તરીકે દર્શાવવાના પ્રયાસોને (આપણે) શિવાજી મહારાજના સાચા ભક્તો તરીકે નિષ્ફળ બનાવવા જોઈએ,' એમ તેમણે કહ્યું હતું.

### વિધાન મંડળમાં

અને ભાજપના નેતા ચંદ્રશેખર બાવનકુળેએ વિધાન પરિષદમાં કાયદાને આધિન રહીને સપકાળ સામે કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. પવારે વિધાનસભામાં એવી ખાતરી આપી હતી કે આ નિવેદનની ઊંડી તપાસ કરવામાં આવશે. કેટલાક નિવેદનો પાર્ટીના સિનિયર નેતાઓને ખુશ કરવા માટે અને તેમની નજરમાં રહેવા માટે કરવામાં આવતા હોય છે, પરંતુ તેમના મતોની ટકાવારી સતત ઘટી રહી છે અને તેમના સાચા રંગ જોવા મળી રહ્યા છે.

### ઔરંગઝેબ મામલે

તોફાનોમાં ચાર જણ ઘાયલ થયા હતા.

પોલીસે ચિટનીસ પાર્ક અને મહલ વિસ્તારોમાં ટોળાને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા અને લાઠીચાર્જ કર્યો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે મોડી બપોરે હિંસા શહેરના કોતવાલી અને ગણેશપેઠમાં પણ ફેલાઈ હતી.

પ્રાથમિક માહિતી મુજબ, તોફાનીઓ દ્વારા કેટલાક ફોર-વ્હીલરને આગ લગાવવામાં આવી હતી. રહેવાસીઓના ઘરો પર પણ પથ્થરમારો કરવામાં આવ્યો હતો. હજારોની સંખ્યામાં ભેગા થયેલા ટોળાને વિખેરવાનો પ્રયાસ કરી રહી છે. મહલ વિસ્તારમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા પાસે બજરંગ દળના સભ્યોએ પ્રદર્શન કર્યા પછી મોડી બપોરે મુશ્કેલી શરૂ થઈ.

પોલીસના જણાવ્યા મુજબ, આંદોલન દરમિયાન પવિત્ર ગ્રંથ કુરાન સળગાવવામાં આવ્યો હોવાની અફવા ફેલાઈ હતી. બજરંગ દળના પ્રદર્શનના વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયા, જેના કારણે મુસ્લિમ સમુદાયના સભ્યોમાં રોષ ફેલાયો.

સાંજે ગણેશપેઠ પોલીસ સ્ટેશનમાં પવિત્ર ગ્રંથ સળગાવવાનો આરોપ લગાવતી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

પોલીસે જણાવ્યું હતું કે ફરિયાદ બાદ, મહલ, કોટવાલી, ગણેશપેઠ અને ચિતનવીસ પાર્ક સહિત શહેરના વિવિધ ભાગોમાં મોટી સંખ્યામાં મુસ્લિમ સમુદાયના સભ્યો એકઠા થવા લાગ્યા હતા.

પોલીસે પેટ્રોલિંગ વધારી દીધું અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વધારાના સુરક્ષા દળોને તહેનાત કર્યા હતા. (પીટીઆઈ)


## ક્લાસિફાઈડ

### ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**

**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૭૦૮/એ)

### ૧૨. યાત્રા સહેલગાહ

**તુષારભાઈ**

ઉત્તરાખંડ ચારધામ, નેપાળ મુક્તિનાથ પુષ્કરાશ્રમ,. દેવીબેન પ્રવાસ : 9892496610, 9833730639. (૧૫૬૬૮-એ)

### ૧૪. નોકરી ખાલી છે

GOVT. REGISTERED CO. Requires Retired / Bankers / Businessmen. Salary+ PF. :7304326589. (B-15687)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**અંબિકા જ્યોતિષ**

જન્માક્ષરથી લવ પ્રોબ્લમ, લગ્ન, નશાખોરી, સંતાન, શત્રુદુખ, સોતનદુખ, ધંધાની સાચી સલાહ અને સચોટ ઉકેલ - 9521365565. (બી-૧૫૬૮૬)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૬૫૮-ઈ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૬૭૦/બી)

### ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૫૬૭૬)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## પારસી મરણ

અદી પીરોજશા હાતારીયા તે મરહુમો હીલ્લામાય તથા પીરોજ શા હાતારીયાના દીકરા. તે ગુલ, આબાન, તે મરહુમ દાદી હાતારીયાના ભાઇ. તે નોઝર ને સુન્નુના મામા. તે તનાઝ ને અપીકના કાકા. તે મરહુમ કેકી સી. કરારીયાના બનેવી. તે ઝરીન દાદી હાતારીયાના દેર. (ઉં. વ. ૮૦) રે. ઠે. ૨૫૦, બજાર ગેટ સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા: તા.૧૮-૩-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે માનેકજી સેઠ અગિયારીમાં છેજી.

હોમી મનચેરશા મિસ્ત્રી તે દેઝીના ધની. તે દીનીયાર, સાઇરસ, હોરમઝના પપા. તે સોનુના સસરા. તે દાનેશ ને મહેરશાદના બપાવા. તે મરહુમો મેહેરબઇ, મનચેશા સોરાબજી મિસ્ત્રીના દીકરા. તે પરવીઝ, ફ્રેની તથા મરહુમો દારા, ફિરોઝ, બાનુ ધન ને કેટીના ભાઇ. (ઉં. વ. ૮૬) રે. ઠે. એન-૧૪, ગોદરેજ બાગ, નેપીયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૯-૩-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે જોખી અગિયારી ગોદરેજ બાગમાં.

## હિન્દુ મરણ

**કચ્છી ભાટીયા**

ગં. સ્વ. અરુણા મૂળરાજ રામૈયા (ઉં. વ. ૮૮) તે સ્વ. લક્ષ્મીબેન (લખાબાઇ) જમનાદાસ રામૈયાના પુત્રવધૂ (અલ્પઇવાળા) તે સ્વ. હરિદાસ પરષોતમ ગોવિંદજીના પુત્રી. સ્વ.વિજયસિંહ હરિદાસ, સ્વ. શાંતિકુમાર હરિદાસના બહેન. ધિમંત ધીરુબેન હેમરાજ, તૃપ્તિના ફોઇ તથા મંજુલા ભાનુકમાર રામૈયાના દેવરાની. તા. ૧૭-૩-૨૫ના ગોલોકવાસી થયા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

જોષી હરીશભાઈ ચંડીચક્ર (ઉં. વ. ૮૧) ભુજ હાલે મુલુંડ, તે સ્વ. પુષ્પાબેન વેલજી લખમશી ચંડીચક્રના સુપુત્ર. વિમલાબેનના પતિ. પ્રશાંત, ચૈતાલી, દર્શનના પિતા. સ્વ. ગોદાવરીબેન નારાયણજી સચદેના મોટાજમાઈ. જીતેન્દ્ર અને મહેન્દ્રના નાનાભાઈ તા. ૧૫ માર્ચ ૨૫ શનિવારના હરિઓમશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખવામાં આવી નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક સમાજ**

અમરાવતી નિવાસી હાલ મલાડ, સ્વ. હંસાબેન તથા સ્વ. કનૈયાલાલ શાહના પુત્ર વિનોદભાઈ શાહ (ઉં. વ. ૬૯) રવિવાર, તા. ૧૬/૦૩/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે જયશ્રીબેનના પતિ. રિતેશ, નિકિતા આશિષકુમાર ગોરસીયાના પિતાશ્રી. તારિકા તથા આશિષકુમાર ગોરસીયાના સસરાજી. અતુલભાઈ પ્રભુદાસ ગાંધી, નટવરલાલ દામોદરદાસ ગોરસીયાના વેવાઈ. સ્વ. ડાયાભાઈ પુરુષોત્તમદાસ માલવિયાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

અ.સૌ સપના સુરેશ વેદ (તારા) (ઉં. વ. ૭૪) તે સુરેશ જયરામ વેદના ધર્મપત્ની. શિવજી વાલજી ટોપરાણી માંડવીના દીકરી. માધવી ઉદય કાપડિયા, ભારગેશના માતુશ્રી. વિજયસિંહ, તરૂણ તથા સ્વ.મંજુલાના બહેન તા. ૧૬/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મેવાડા બ્રાહ્મણ**

મહેશ દુર્ગાશંકર શુકલા ગામ બામણા નિવાસી હાલ વડાલા (ઉં. વ. ૭૪) તા. ૧૬-૩-૨૫ના દેવલોક પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી (મુંબઇગરા જ્ઞાતિ)**

ભાયંદર (રાઇગામ) હાલ વિલેપાર્લે તે સ્વ. ત્રિવેણીબેન દામોદર શાહના સુપુત્ર તરુણભાઇ (ઉં. વ. ૭૬)તે દક્ષાબેનના પતિ. તે વિશાલ અને દેવાંગના પિતા. તે મીની અને જાનહવીના સસરા. તે ચિન્મય અને સનયના દાદા. તે સ્વ. કનૈયાલાલ, સ્વ. રમેશભાઇ, મધુસુદનભાઇ, સ્વ. ગીરીશભાઇ, ડો. જીતેન્દ્રભાઇ, અ. સૌ. નયનાબેન પંકજભાઇ પાતાણી અને ડો. કિરણભાઇના ભાઇ. તા. ૧૫-૩-૨૫ના શનિવારે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે, ચક્ષુદાન કરેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી મુંબઇગરા જ્ઞાતિ**

તળાજા નિવાસી હાલ મુંબઇ ગં. સ્વ. સવિતાબેન મહેતા (બદડુક) (ઉં. વ.૧૦૦) તે સ્વ. નાગરદાસ ચંપકલાલ મહેતાના ધર્મપત્ની. નલિન, ઇન્દિરાબેન ગોકળદાસ પારેખ, મૃદુલા હેમંત મોદી, નિરુપા જસ્મિન પારેખ, ગીતા ભરત સરવૈયાના માતુશ્રી. મીના નલિન મહેતાના સાસુ. પિયર પક્ષે સ્વ. ગોદાવરીબેન રાયચંદ પાનાચંદ દેસાઇની સુપુત્રી. સ્વ. શાંતિલાલ અને હસમુખલાલ રાયચંદ દેસાઇના બેન તા. ૧૭-૩-૨૫ના સોમવારે શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮-૩-૨૫ મંગળવારના ૫થી ૭. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી**

ભાવનગર નિવાસી હાલ બોરીવલી કિરીટકુમાર શાંતિલાલ શાહના ધર્મપત્ની સૌ. નીલાબેન (નીરુબેન) (ઉં. વ. ૭૧) તા. ૧૭-૩-૨૫ના સ્વર્ગવાસી થયેલ છે. તે સ્વ. નીકેશ, બીનીતાના મમ્મી. જૈનમના દાદી. અમીતા નીકેશ તથા સ્વ. કેતનકુમાર ઠાકરના સાસુ. પિયરપક્ષ પાલિતાણા નિવાસી સ્વ. સવિતાબેન પ્રાગજીભાઇ દોશીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## જૈન મરણ

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી ચંપકલાલ ભગવાનજી ગાંધી (ઉં.વ. ૯૪) તે સ્વ. લીલાબેનનાં પતિ. ડૉ. જયેશ-રીટા, રાજેશ-નીતા તથા અશેષ-શિલ્પાનાં પિતા. ડો. રોઝીલ- ડો. અદિતિ, ડો. ચૈતી, નિર્મિત- પાયલ, ટૉસિન, પયોજા અને ટીશા-જયનાં દાદા. સ્વ. ત્રિભોવનભાઈ, સ્વ. જેચંદભાઇ, સ્વ. કાંતિભાઈ, સ્વ. ચંદુભાઈ, સ્વ. માણેકબેન, સ્વ. સમતાબેન, સ્વ. જયાબેનના ભાઈ. સ્વ. ભોગીલાલ સંઘવી, સ્વ. કસ્તૂરીબેન, સ્વ. કંચનબેન, સ્વ. સુભદ્રાબેનનાં બનેવી તા. ૧૦-૩-૨૫નાં અમદાવાદ મુકામે અરિહંતશરણ પામ્યા છે, પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સાભરાઇના ભવાનજી દેવરાજ ગડા (ઉં. વ. ૮૫) તા. ૧૪-૩-૨૦૨૫ના અવસાન પામેલ છે. દેવકાબેન દેવરાજના પુત્ર. મોંઘીબેનના પતિ. જ્યોતિ, રાજેશ, ચેતન, મયુરના પિતા. હાલાપુરના મઠાંબાઇ આશુભાઇ મારૂના જમાઇ. પ્રા. શ્રી વ. સ્થા.જૈન શ્રાવક સંઘ સંચાલિત શ્રી કરસન લધુ નિસર હોલમાં બપોરે ૨ થી ૩.૩૦. નિ. ચેતન ગડા, ૪૦૧, સતગુરુ સુપ્રિમ કો.હા. સો., વાલજી લધા રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.

મોટી ખાખરના ભોગીલાલ મુરજી ગાલા (ઉં. વ. ૫૮) તા. ૧૪-૩-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. પાનબાઇ મુરજી નાનજી પાસુના સુપુત્ર. નીતાના પતિ. સ્વ. ભરત, નેમજી, સ્વ. ચંદન, સ્વ. ગીતાના ભાઇ. સાવિત્રી તુકારામ રાયગુડેના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભોગીલાલ મુરજી ગાલા, રૂમ નં. ૧૦૪, ઓમ મહાદેવ દર્શન, સત્યનારાયણ મંદિરની બાજુમાં, ખારીગાંવ, ભાયંદર (ઇસ્ટ).

પત્રીના માતુશ્રી લક્ષ્મીબેન મોરારજી ઘરોડ (ઉં. વ. ૯૨) તા. ૧૧-૦૩-૨૫ના અવસાન પામેલ છે. સોનબાઇ શામજીના પુત્રવધૂ. મોરારજી શામજીના પત્ની. કપાયાના મકાબાઈ દેવજીના પુત્રી. નવીન, અશ્વિન, નયન, મીના, વર્ષાના માતાજી. લાલજી, શાંતિલાલ, તલક્ષી, લીલબાઈ, ઉમરબાઈ, સુશિલા, દેવકાબાઈ, હેમલતાના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવાની તસ્દી લેવી નહિ.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ ગોરેગામ, સ્વ. નર્મદાબેન અને નારણદાસ મહેતાના સુપુત્ર મુકુન્દભાઈ (ઉં.વ.૮૩) તા.૧૬/૩/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.હંસાબેનના પતિ. સંજય અને નિમેષના પિતા. જલ્પા અને અલ્પાના સસરા. જશ, વિરમ, રાજ, સન્નિધીના દાદા. સ્વ. કાંતિલાલ મોહનલાલ અજમેરાના જમાઈ. સ્વ. કાંતિભાઈ, કનુભાઈ, રાધાબેન, શારદાબેન, જયાબેન, ચંદનબેનના ભાઈ. પ્રાર્થનાસભા તા.૧૮/૩/૨૫ના ૩.૩૦ થી ૫.૩૦. મેવાડભવન, સેલો કમ્પાઉન્ડ, સોનાવાલા રોડ, ગોરેગામ (ઇસ્ટ). ચક્ષુદાન કરેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

નવાગામ નિવાસી હાલ મુલુંડ સ્વ. ભૂપતરાય હેમચંદ શાહના ધર્મપત્ની કુમુદબેન (ઉં. વ. ૭૮) તે પરેશ, અલ્પા ચેતનકુમાર શેઠ, બિંદુ દીપકકુમાર વેજાણી તથા ઝંખનાના માતુશ્રી. દિપ્તીના સાસુ. તથા શાંતિલાલભાઇના ભાઇના પત્ની. ભોગીભાઇ, વસંતભાઇ, સુભદ્રાબેન જયસુખલાલ દોશી અને મધુબેન ધીરજલાલના ભાભી. રવિવાર તા. ૧૬-૩-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. પિયર પક્ષે સ્વ. તલકચંદ દુર્લભજી દોશી (બર્મી) દાઠાવાળા હાલ ભાવનગરના દીકરી. સાદડી મંગળવાર, તા. ૧૮-૩-૨૫ના ૪થી ૭. ઠે. એ/૯૦૧, સાઇ આશ દીપ સોસાયટી, સેવારામ લાલવાણી રોડ, જલારામ મંદિરની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), ગ્રાઉન્ડ ફ્લોર પર રાખેલ છે, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ દહીસર સ્વ. પરસનબેન જગજીવનદાસ સંઘવીના પુત્ર વિનોદચંદ્રના ધર્મપત્ની અ. સૌ. અરૂણાબેન (ઉં. વ. ૭૩) શનિવાર, તા. ૧૫-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રમણીકભાઇ, જયાબેન બાવચંદભાઇ દોશી ઉનાવાળા, પુષ્પાબેન ઇન્દ્રવદન શાહ, પાલીતાણાવાળાનાં ભાભી. આચાર્ય શ્રીકુન્દકુન્દ સુરીશ્વરજી મહારાજ સાહેબના સંસારીભાઇનાં ધર્મપત્ની. જયશ્રીબેન દેવેન્દ્રકુમાર ભરવાડાનાં કાકી. તે પિયર પક્ષે વાંકાનેર નિવાસી સ્વ. લલિતાબેન શાંતિલાલ દોશીના દીકરી. દેહદાન કરેલ છે, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા હાલ કાંદીવલી સ્વ. વિઠ્ઠલદાસ રામચંદભાઇ મહેતાના પુત્ર સ્વ. મુળચંદભાઇના ધર્મપત્ની રસીલાબેન (ઉં.વ.૭૯) તા. ૧૬-૩-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે અનિશભાઇ, અલ્પાબેનના માતુશ્રી. કાજલબેન, અતુલભાઇ પારેખના સાસુ. હિતાર્થ-ખુશીના દાદી. સાર્થક-હેતવીના નાની. સ્વ. રતીલાલભાઇ, સ્વ. જયંતીભાઇ, ચંદ્રકાન્તભાઇ, સ્વ. જશકુંવરબેન, ઇન્દુબેનના ભાભી. સ્વ. લવજીભાઇ ગોરધનદાસ શાહ (મઢડાવાળા)ની દીકરી. ભાવયાત્રા : તા. ૨૧-૩-૨૫ના શુક્રવારે સવારે ૯.૩૦થી ૧૧.૩૦. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી શ્વે. મૂ. પૂ. જૈન**

બરવાળા નિવાસી સ્વ. મધુબેન વિનયચંદ્ર જગજીવનદાસ દોશીના પુત્ર દિલીપભાઇ (ઉં. વ. ૭૦) હાલ મલાડ, તા. ૧૭-૩-૨૫ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે દિના (મીના)ના પતિ. હાર્દિકના પિતા. નવનીતાના સસરા. ઉર્શિતાના દાદા. મનીષ, મીનાબેન હસમુખલાલ ગાંધી, સુરેખાબેન જીતેનભાઇ દેસાઇના ભાઇ. સ્વ. કાંતિલાલ દુર્લભજીના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા ઓશવાળ જૈન**

દેવગઢ ઉદયપુર હાલ મુંબઇ પુખરાજજી ધનરાજી કોઠારી (ઉં.વ. ૯૪) તા. ૧૫-૩-૨૫ના મુંબઇમાં અરિહંતશરણ પામ્યા છે. સ્વ. લાલચંદજી, નેમીચંદજી, સંપતરાજજીના ભાઇ. સ્વ. અનિલ-સંતોષ, રૂપેશજી જયોતી, દીપેશ કોઠારી (પુત્રવધૂ). મંજુ (અલકા). જવાહર ગાંધી, ઉષા-ઉમેશ નાગૌરી, વનિતા સંજીવજી (પુત્રી-જમાઇ), અમિત, માહિર, પૃથ્વી, સોનિયા, માન્યતા (પૌત્ર-પૌત્રી). પ્રાર્થનાસભા તા. ૧૯-૩-૨૫ બુધવારના ૧૧થી ૧. ઠે. મિશિગન ગ્રાઉન્ડ, એવમ બેન્કવેટ, વિલ્સન કોલેજની સામે, ગિરગાંવ, ચોપાટી-મુંબઈ.

**દિગંબર જૈન**

બોટાદ નિવાસી હાલ મલાડ ઉષાબેન (ઉં. વ. ૭૭) તે સ્વ. કિર્તીભાઇ નાગરદાસ કોઠારીના ધર્મપત્ની સોમવાર, તા. ૧૭-૩-૨૫ના દેહપરિવર્તન પામેલ છે. તે આશીષ અને અમિતના માતુશ્રી. નેહા, હેતલના સાસુ. આશ્વી, અહમના દાદી. કિરીટભાઇ, ઇલાબેન, સ્વ. ભૂપતભાઇ, સ્વ. કુસુમબેન, સ્વ. શશીકાન્તભાઇ-રંજનબેન અને જયેશભાઇ-સુમતિબેનના ભાભી. સ્વ. ચીમનલાલ દિપચંદ શાહના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

માર્કેટ નિયમનનું ઉલ્લંઘન

# ગૌતમ અને રાજેશ અદાણી સામેનો કેસ હાઇ કોર્ટે કાઢી નાખ્યો

મુંબઈઃ બોમ્બે હાઇ કોર્ટે સોમવારે અદાણી એન્ટરપ્રાઇઝિસ લિમિટેડ, ગ્રૂપ ચેરમેન ગૌતમ અદાણી અને મેનેજિંગ ડિરેક્ટર રાજેશ અદાણીને ૩૮૮ કરોડ રૂપિયા સાથે સંકળાયેલા માર્કેટ રેગ્યુલેશન્સના કથિત ઉલ્લંઘનના કેસમાંથી દોષમુક્ત જાહેર કરી જણાવ્યું હતું કે છેતરપિંડી કે ગુનાહિત કાવતરાનો કોઇ કેસ નથી બનતો. ૨૦૧૨માં સિરિયસ ફ્રોડ ઇન્વેસ્ટિગેશન ઓફિસ (એસએફઆઇઓ)એ અદાણી એન્ટરપ્રાઇઝિસ લિમિટેડ (એઇએલ) અને તેના પ્રમોટર્સ ગૌતમ અદાણી અને રાજેશ અદાણી સામે કેસ શરૂ કર્યો હતો અને તેમના પર ગુનાહિત કાવતરું અને છેતરપિંડીનો આરોપ મૂકી આરોપનામું દાખલ કર્યું હતું.

૨૦૧૯માં કંપની અને બંને ઉદ્યોગપતિઓએ હાઈ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. અરજીમાં આ કેસમાંથી ડિસ્ચાર્જ કરવાનો ઈનકાર કરતા તે જ વર્ષના સેશન્સ કોર્ટના આદેશને રદ કરવાની માગ કરવામાં આવી હતી. ન્યાયાધીશ આર. એન. લધાની હાઈ કોર્ટની ખંડપીઠે સોમવારે સેશન્સ કોર્ટના આદેશને રદ કર્યો હતો અને આ બંને તેમ જ કંપનીને આ કેસમાંથી મુક્ત કર્યા હતા.

રજૂઆતો અને રેકોર્ડ્સનું કાળજીપૂર્વકનું મૂલ્યાંકન કરવાથી "સ્પષ્ટ થાય છે કે ફરિયાદ છેતરપિંડીના ગુનાના આવશ્યક મુદ્દા સાબિત કરવામાં નિષ્ફળ જાય છે" એમ અદાલતે તેના આદેશમાં જણાવ્યું હતું. છેતરપિંડીનો ગુનો બનતો નથી ત્યારે ગુનાહિત કાવતરાનો આરોપ પણ ટકી નથી શકતો એમ તેમાં ઉમેરવામાં આવ્યું હતું. (પીટીઆઈ) ■

# વિકસિત ભારત બનાવવા માટે વિકસિત મહારાષ્ટ્રની માગરિખા નક્કી કરતું બજેટઃ અજિત પવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત દેશોની હરોળમાં લઈ જવાનો નિર્ણય લીધો છે. મહારાષ્ટ્ર પણ આ માટે તૈયાર છે. તેનું પ્રતિબિંબ રાજ્યના બજેટમાં ચોક્કસપણે દેખાય છે. આ બજેટ વિકસિત ભારતના નિર્માણ માટે વિકસિત મહારાષ્ટ્રનો રોડમેપ નક્કી કરે છે, એમ નાયબ મુખ્ય પ્રધાન અને નાણાપ્રધાન અજિત પવારે આજે ૨૦૨૫-૨૬ માટેના બજેટ પરની સામાન્ય ચર્ચાના જવાબમાં મહારાષ્ટ્રના સંતુલિત વિકાસને પ્રાપ્ત કરવાની ક્ષમતા હોવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ સાથે રાજ્યના બજેટને સોમવારે મંજૂરી આપી દેવામાં આવી હતી.

મુંબઈ દેશની આર્થિક રાજધાની છે. મહારાષ્ટ્રે લાંબા સમયથી દેશની પ્રગતિમાં સિંહફાળો ભજવ્યો છે, એમ જણાવતાં પવારે એવી પણ ખાતરી આપી હતી કે મહારાષ્ટ્ર વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આપણા દેશ માટે નિર્ધારિત લક્ષ્યોને સાધ્ય કરવામાં પાછળ રહેશે નહીં.

અમે આ બજેટ દ્વારા મહારાષ્ટ્ર બીજા કોઈપણ રાજ્યો કરતાં વધુ યોગદાન આપે તે સુનિશ્ચિત કરવાનો નિષ્ઠાવાન પ્રયાસ કર્યો છે. તેમણે એમ પણ કહ્યું કે આ જ કારણ છે કે 'વિકસિત ભારત, વિકસિત મહારાષ્ટ્ર' આ બજેટનો મુખ્ય વિષય છે.

અજિત પવારે ભૂતકાળની યોજનાઓ અંગે કહ્યું હતું કે, સમયાંતરે બધી યોજનાઓની સમીક્ષા કરવામાં આવે છે. જૂની થઈ ગયેલી યોજનાઓ બંધ કરવી પડશે. અમે કોવિડ દરમિયાન કેટલીક યોજનાઓ અને છૂટછાટો શરૂ કરી છે. કોવિડ સમાપ્ત થયા પછી તેમને બંધ કરવી પડી હતી. ક્યારેક, કેન્દ્ર સરકાર એક નવી યોજના લઈને આવે છે જે રાજ્યની યોજના જેવા જ લાભો આપે છે. યોજનાનું ડુપ્લિકેશન ટાળવા અને રાજ્યના ખર્ચ બચાવવા માટે પણ યોજનાઓ બંધ કરી દેવામાં આવે છે. ■


भावपूर्ण श्रद्धांजलि

श्री पुखराजजी धनराजजी कोठारी (उ.९४)



अरिहंत शरण

१५-०३-२०२५

प्रार्थना सभा : दि. १९-०३-२०२५

चौपाटी. सुबह ११-१

पुत्रः रूपेश कोठारी

MOB: 877951 5362


# બાંધકામ માટે ૧૫ દિવસમાં રેતી ઉપલબ્ધ કરવાનું ફરજિયાત

સરકાર ટૂંકમાં લાવશે નવો નિયમઃ નહીં તો તહેસીલદાર સામે પગલાં લેવાશે

મુંબઈઃ રાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં રેતી સંબંધિત નવા નિયમો અમલમાં મૂકવામાં આવનાર છે. તેથી હવે બાંધકામ માટે રેતી સરળતાથી ઉપલબ્ધ થશે, એવી ચર્ચા સોમવારે વિધાનસભામાં થઇ હતી.

ભાજપના નેતા સુધીર મુનગંટીવારે પૂછેલા અમુક પ્રશ્નોનો જવાબ આપતા મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું કે આગામી આઠ દિવસમાં રાજ્યમાં રેતી સંબંધિત નૅવા નિયમો આવશે જેના હેઠળ રેતી માટે અરજી કર્યાના પંદર દિવસમાં જો રેતી ઉપલબ્ધ ન થાય તો તહેસિલદાર સામે કાર્યવાહી કરવામાં આવશે.

અત્યાર સુધી આ બાબતે ૨૮૫ સૂચનો આવ્યા છે. તે માટે અન્ય રાજ્યના નિયમોનો પણ અભ્યાસ કરવામાં આવ્યો છે. ખડકોમામાંથી બનાવેલી રેતી જ મોટા પ્રમાણમાં વાપરવાની છે. આ માટે પથ્થરો તોડનારાઓને ઉદ્યોગોનો દરજ્જો આપીને સબસિડી પણ આપવામાં આવશે, એમ બાવનકુળેએ વધુમાં જણાવ્યું હતું.

આ સિવાય ઘરમાલિકોને પાંચ બ્રાસ વધારાની રેતી પણ આપવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું. ભંડારા જિલ્લાના મહેસૂલ ખાતાના અધિકારીઓ બેજવાબદારી રીતે વર્તન કરતા હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. આ અંગે તપાસનો આદેશ પણ મહેસૂલ પ્રધાને આપ્યો હતો. ■

ટૉરેસ સ્કૅમ

# ૨૭,૧૪૭ પાનાંનું આરોપનામું દાખલ

મુંબઈઃ કરોડો રૂપિયાના ટૉરેસ ઇન્વેસ્ટમેન્ટ સ્કૅમની તપાસ કરી રહેલી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ સોમવારે વિશેષ કોર્ટમાં ૨૭,૧૪૭ પાનાંનું આરોપનામું દાખલ કર્યું હતું, જેમાં અડધો ડઝન યુક્રેનિયનોએ રોકાણ પર આકર્ષક વળતરની લાલચ આપતી પોન્ઝી સ્કીમ ચલાવી હતી અને લગભગ ૬૦ હાજર રોકાણકારો સાથે ૨૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. આ સ્કૅમ સામે આવ્યા બાદ ૧૪,૧૫૭ રોકાણકારો સામે આવ્યા હતા, જેમની સાથે ૧૪૨.૫૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ટૉરેસ જ્વેલરી બ્રાન્ડ ચલાવતી કંપની મે. પ્લેટિનમ હર્ન પ્રા. લિ. સામે આરોપનામું દાખલ કરાયું હતું, જેમાં આરોપી તાનિયા ઉર્ફે તઝાગુલ ઝાસ્તોવા, વેલેન્ટિના ગણેશ કુમાર, કંપનીના ડિરેક્ટર સર્વેશ સુર્વે, કથિત હવાલા ઑપરેટ અલ્પેશ ખારા, કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ઓપરેટર તૌસિફ રિયાઝ, લલ્લન સિંહ તેમ જ યુક્રેનિયન એક્ટર આર્મેન અતેઇનની ધરપકડ કરાઇ હતી.

આર્થિક ગુના શાખાએ સોમવારે ભારતીય ન્યાય સંહિતા, મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ એક્ટ તેમ જ બીયુડીએસ એક્ટની સંબંધિત કલમો હેઠળ વિશેષ એમપીડીએ કોર્ટમાં આરોપનામું દાખલ કર્યું છે. આ કેસમાં આઠ યુક્રેનિયન વિક્ટોરિયા કોવાલેન્કો, ઓલેકઝાન્ડર બોરોવિક, ઓલેક્ઝાન્ડ ઝાપિયેન્કો, ઓલેક્ઝાન્ડર બ્રુન્કિવસ્કા, ઓલેક્ઝાન્ડર ટ્રેડોબિખમ, આર્ટેમ ઓલિફરચુક, ઇયુરચેન્કો ઇગોર તેમ જ તુર્કીના નાગરિક મુસ્તફા કારાકોક, બે ભારતીયને વૉન્ટેડ આરોપી બતાવવામાં આવ્યા છે.

ટૉરેસ કંપની અને આરોપીઓના સ્થળોએ પોલીસ દરોડા પાડ્યા હતા અને ૩૨ કરોડ રૂપિયાની મિલકતો જપ્ત કરી છે. રોકાણકારોને રૂપિયા પરત કરવા માટે જપ્ત કરાયેલી મિલકતોની હરાજી કરાવવા માટે પોલીસે કોર્ટનો સંપર્ક સાધ્યો છે. ■

# લાડકી બહેનના પૈસા પતિએ ઊડાવ્યા દારૂમાંઃ પોલીસ કેસ

મુંબઈઃ રાજ્ય સરકારની મુખ્યમંત્રી લાડકી બહીણ યોજના વિધાનસભા ચૂંટણીમાં નિર્ણાયક સાબિત થઈ. મહાયુતિના ત્રણેય પક્ષો હાલ સંતુષ્ટ છે કે તેમની પ્રિય બહેનોના કારણે રાજ્યમાં બહુમતી સાથે ગઠબંધન સરકાર સ્થાપિત થઈ. જોકે હવે લાડકી બહેન યોજનાની ચકાસણી શરૂ કરવામાં આવી છે અને જેમની પાસે કાર હોય એવા પરિવારોની મહિલાઓનાં નામ બાકાત રાખવામાં આવી રહ્યાં છે. અત્યાર સુધી નવ લાખ જેટલી મહિલાઓનાં નામ બાકાત કરી દેવામાં આવ્યાં છે.એક તરફ મહિલાઓને સશક્ત બનાવવા માટે આ યોજના શરૂ કરવામાં આવી હતી, તો બીજી બાજુ લાડકી બહેનના દારૂડિયા પતિઓ આ યોજનામાંથી મહિલાઓને મળતા પૈસાની માગ કરી રહ્યા છે. સોલાપુરના માધા ખાતે આવો કિસ્સો જાણવા મળ્યો હતો. આ અંગે પોલીસે કેસ પણ નોંધ્યો છે.

ખાસ કરીને નોંધનીય બાબત એ છે કે માધા તાલુકામાં બનેલી આઘાતજનક ઘટનામાં પત્નીએ પતિ પાસેથી જવાબ માગતાં પતિએ કોયતાથી હુમલો કર્યો હતો. આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આ ઘટના માધા તાલુકાના લોની ગામમાં બની હતી અને પતિ અને તેમના પરિવારજનો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પીડિતાની પત્નીની ફરિયાદના આધારે કુર્દુવાડી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. આ કેસમાં વધુ તપાસ ચાલુ છે. ■

# ખાનગી કંપનીઓમાં વિશાખા સમિતિની રચના કરવી ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજયની તમામ ખાનગી કંપનીઓમાં વિશાખા સમિતિની રચના ફરજિયાત કરવાની રહેશે એવી જાહેરાત વિધાનપરિષદમાં બાળવિકાસ પ્રધાન અદીતિ તટકરેએ કરી હતી.

વિધાનપરિષદના સભ્ય ચિત્રા વાઘે ખાનગી સંસ્થાઓમાં કામ કરતી મહિલાઓની સુરક્ષાને લઈને વિશાખા સમિતિની સ્થાપનાને લઈને મુદ્દો ઉઠાવ્યો હતો, તે મુદ્દે બાળવિકાસ પ્રધાને જવાબ આપતા કહ્યું હતું કે રાજયમાં તમામ સરકારી ઓફિસમાં વિશાખા સમિતિની સ્થાપના કરવામાં આવી છે. પરંતુ હજી સુધી અનેક ખાનગી સંસ્થાઓમાં આ સમિતિની સ્થાપના કરવામાં આવી હતી. સમિતિની સ્થાપના કરવા માટે જુદા જુદા સ્તરે અહેવાલ મગાવવામાં આવ્યો છે. તેમ જ વિશાખા સમિતિની સ્થાપના કરવા માટે સંબંધિત વિભાગના અધિકારીઓ સ્વતંત્ર સમિતિની સ્થાપના કરવામાં આવશે. વિશાખા સમિતિમાં આવનારી ફરિયાદનો ઉકેલ ઝડપી ગતિએ કરવામાં આવશે.

વધુમાં અદીતિ તટકરેએ જણાવ્યું હતું કે મહિલાઓ SHE BOX ઓનલાઈન પોર્ટલના માધ્યમથી પણ ફરિયાદ નોંધાવી શકશે. રાજ્યમાં હાલ ૭૪,૦૧૦ સમિતિની સ્થાપના થઈ છે. તેમ જ ૧૦ કરતા ઓછા કર્મચારી હોય તેવા સ્થળે અથવા નીમણૂક કરનારા વિરોધમાં ફરિયાદ હોય તેવા પ્રકરણ માટે જિલ્લા સ્તરે ૩૬ સ્થાનિક ફરિયાદ સમિતિ હાલ કામ કરી રહી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

# લાંચ કેસમાં સેશન્સ કોર્ટના જજને આગોતરા જામીન આપવાનો હાઈ કોર્ટનો ઇનકાર

મુંબઈઃ લાંચ કેસનો સામનો કરી રહેલા સેશન્સ કોર્ટના જજને આગોતરા જામીન આપવાનો બોમ્બે હાઈ કોર્ટે સોમવારે ઈનકાર કર્યો હતો.

એક છેતરપિંડીના કેસમાં જામીન આપવા માટે પાંચ લાખ રૂપિયાની કથિત માગણી કરવા માટે સાતારા ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ કોર્ટના જજ ધનંજય નિકમ સામે મહારાષ્ટ્ર એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી) દ્વારા ગુનો નોંધવામાં આવ્યો હતો.

જસ્ટિસ એન. આર. બોરકરની સિંગલ બેન્ચે ચેમ્બરમાં જ આ કેસની સુનાવણી કરી હતી, કારણ કે કેસ કાયદાના અધિકારી સામેનો હતો. કોર્ટે અરજી ફગાવતા કહ્યું હતું કે આ કેસમાં કોઇ પણ રાહત આપી શકાશે નહીં. આ કેસના ચુકાદાની વિસ્તૃત નકલ બાદમાં ઉપલબ્ધ થશે.

નિકમે જાન્યુઆરીમાં આગોતરા જામીનની માગણી સાથે હાઈ કોર્ટમાં ધા નાખી હતી તથા દાવો કર્યો હતો કે તેઓ નિર્દોષ છે અને તેમને ખોટી રીતે આ કેસમાં ફસાવવામાં આવ્યા છે.

નિકમના વકીલ દ્વારા રજૂ કરાયેલી અરજીમાં જણાવાયું હતું કે એફઆઇઆરમાં પ્રત્યક્ષ રીતે જણાતું નથી કે નિકમે સીધી પૈસાની માગણી કરી હોય. ફરિયાદી અને આરોપી સાથે યોજાયેલી બેઠક વિશે તેમને ખબર જ નહોતી.

નિકમ મુખ્ય તારીખો અથવા ડેપ્યુટેશન વખતે રજા પર હતા જે કરવામાં આવેલા આરોપો પર શંકા ઊભી કરે છે, એમ અરજીમાં વધુમાં જણાવ્યું હતું.

એક મહિલા દ્વારા કરાયેલી ફરિયાદ અનુસાર તેના પિતા જેઓ નાગરી સંરક્ષણ કર્મચારી છે તેઓ સરકારી નોકરીની લાલચ હેઠળ છેતરપિંડીના કેસમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં છે.

મહિલાએ તેના પિતા માટે જામીનની અરજી કરી હતી જેની સુનાવણી સાતારા સેશન્સ કોર્ટમાં નિકમ દ્વારા થવાની હતી. એસીબીના જણાવ્યાનુસાર બે ખાનગી વ્યક્તિની મદદથી નિકમે મહિલા પાસે પાંચ લાખ રૂપિયાની માગણી કરી હતી. ■

# ઈન્ટરનેશલ ઍરપોર્ટ પર જૂનથી પ્રિ-પેઇડ રિક્ષા સેવા

મુંબઈઃ પરિવહનપ્રધાન પ્રતાપ સરનાઈકે પરિવહન વિભાગ અને અદાણી જૂથના પ્રતિનિધિઓને ૧ જૂન, ૨૦૨૫ થી છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના ટી-વન અને ટી-ટૂ ટર્મિનલ પર પ્રિ-પેઈડ ઓટોરિક્ષા સેવાઓ શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે.

પ્રતાપ સરનાઈકે વિધાન ભવન ખાતે છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર પ્રિ-પેઈડ રિક્ષા સેવાઓના પ્રારંભ અને નાશિક અને સિંધુદુર્ગ જિલ્લાઓમાં બસ સ્ટેન્ડની કામગીરીની સમીક્ષા કરી હતી.સરનાઈકે જણાવ્યું હતું કે છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું સંચાલન અદાણી ગ્રુપ પાસે છે અને અદાણી ગ્રુપ અને પરિવહન વિભાગ સાથે સંકલન કરીને આગામી બે મહિનામાં પ્રિ-પેઈડ રિક્ષા સેવા શરૂ કરવા માટે તમામ જરૂરી માળખાગત સુવિધાઓ બનાવવામાં આવશે.આનાથી મુસાફરોને વધુ સુવિધાજનક અને સરળ મુસાફરી સુવિધાઓ મળશે, તેથી એરપોર્ટનું સંચાલન કરતા અદાણી ગ્રુપે પરિવહન વિભાગના સહયોગથી ૧ જૂનથી પ્રીપેડ રિક્ષા સેવા શરૂ કરવા માટે કાર્યવાહી કરવી જોઈએ. ■



**શરણે શિવરાયાને...:** મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે થાણે જિલ્લામાં ભિવંડીમાં છત્રપતિ શિવાજી મહારાજને સમર્પિત એક મંદિરનું લોકાર્પણ કરી 'સ્વરાજ્ય' અને દેશ માટે લડવા બદલ મરાઠા રાજાની પ્રશંસા કરી હતી.(પીટીઆઈ)

# મોઢામાં ટૉવેલનો ડૂચો માર્યા પછી ગળું દબાવી પત્નીની હત્યા કરનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લગ્નેત્તર સંબંધની શંકા પરથી પતિએ મોઢામાં ટૉવેલનો ડૂચો મારી પત્નીની કથિત હત્યા કરી હોવાની ઘટના ગોરેગામમાં બની હતી. પોતે કરેલા અધમ કૃત્યની જાણ પત્નીની બહેનપણીને ફોન પર કરીને ફરાર થઈ ગયેલા પતિને પોલીસે કલ્યાણથી પકડી પાડ્યો હતો.

ગોરેગામ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ રૉયલ શેખ (૨૦) તરીકે થઈ હતી. શેખ પત્ની રેખા ખાતૂન ઉર્ફે રાબિયા શેખ (૨૩) સાથે ગોરેગામની તબેલા ચાલમાં રહેતો હતો. શેખ દંપતી છ મહિના પહેલાં જ કોલકતાથી મુંબઈ રહેવા આવ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર વર્ષ અગાઉ જ બન્નેએ પ્રેમલગ્ન કર્યાં હતાં, પરંતુ છેલ્લાં અમુક સપ્તાહથી દંપતી વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. ગુસ્સામાં શેખ પત્ની રેખાની મારપીટ સુધ્ધાં કરતો હતો, એવું પડોશીઓએ પોલીસને કહ્યું હતું.

પોલીસ તપાસમાં જણાયું હતું કે રેખાને લગ્નેત્તર સંબંધ હોવાની શંકા શેખને હતી. રવિવારની બપોરે આ જ મુદ્દે બન્ને વચ્ચે ફરી ઝઘડો થયો હતો. શેખે મારપીટ કરતાં રેખાની આંખ, નાક અને મોઢા પર ઇજા થઈ હતી. રડતી રેખાએ મદદ માટે બૂમો પાડવા માંડતાં તેને ચૂપ કરવાને ઇરાદે શેખે મોઢામાં ટૉવેલનો ડૂચો માર્યો હતો. અસહાય રેખાની ફરી મારપીટ કરી શેખે તેનું ગળું દબાવ્યું હતું.

રેખા બેભાન થઈ ગઈ હોવાનું જોઈ આરોપી ઘરની બહાર જતો રહ્યો હતો. જતાં જતાં તેણે દરવાજાને બહારથી કડી લગાવી હતી. થોડી મિનિટ પછી તેણે રેખાની બહેન પણી રાખી શેખને ફોન કરી પોતે પત્નીની હત્યા કરી હોવાની જાણ કરી હતી. રાખી તરત જ રેખાને ઘરે પહોંચી ત્યારે જમીન પર બેભાન અવસ્થામાં રેખા નજરે પડી હતી. જોગેશ્વરીના ટ્રોમા કૅર સેન્ટરમાં લઈ જવાયેલી રેખાને તબીબે મૃત જાહેર કરી હતી.

આ પ્રકરણે ગોરેગામ પોલીસે એફઆઈઆર નોંધી ફરાર શેખની શોધ હાથ ધરી હતી. રવિવારની મોડી રાતે પોલીસે શેખને કલ્યાણથી પકડી પાડ્યો હતો. તે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જવાની તૈયારીમાં હતો, એવું અધિકારીએ જણાવ્યું હતું. ■

# ઇકબાલ કાસકરના બોડીગાર્ડની હત્યાના કેસમાંથી રાજનનો છુટકારો

મુંબઈઃ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમનો ભાઇ ઇકબાલ કાસકરનો ડ્રાઇવર-બોડીગાર્ડની હત્યાના ૨૦૧૧ના કેસમાંથી વિશેષ અદાલતે સોમવારે ગેંગસ્ટર છોટા રાજનને નિર્દોષ જાહેર કર્યો હતો.

મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ)ની વિશેષ અદાલતે રાજનને નિર્દોષ જાહેર કર્યો હતો.

છોટા રાજન હાલમાં દિલ્હીની તિહાર જેલમાં છે અને તેને એમસીઓસીએની વિશેષ અદાલતમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

આ કેસમાંથી રાજનને દોષમુક્ત જાહેર કરવામાં આવે છે, એમ કોર્ટે જણાવ્યું હતું. ■

# કોલાબામાં નવી જેટી સામે રહેવાસીઓનો વધી રહેલો વિરોધ

મુંબઈઃ મહારાષ્ટ્રના પોર્ટ અને મત્સ્યોદ્યોગ પ્રધાન નીતેશ રાણેએ ગયા અઠવાડિયે રેડિયો ક્લબ નજીક પેસેન્જર જેટી અને ટર્મિનલ બિલ્ડિંગના ભૂમિપૂજન કર્યું હતું. જોકે આ સમારોહ બાદ કોલાબાના રહેવાસીઓનો આ પ્રોજેક્ટ સામે પોતાનો વિરોધ વધુ તીવ્ર બનાવ્યો હતો. તેઓ હવે બાંધકામ તાત્કાલિક રોક લગાવવાની માગ કરી રહ્યા છે.

સ્થાનિક ધારાસભ્ય રાહુલ નાર્વેકરને લખેલા પત્રમાં રહેવાસીઓએ જેટીની સ્થાનિક સમુદાય અને મુંબઈના દરિયાકાંઠાના ઇકોસિસ્ટમ પર સંભવિત પ્રતિકૂળ અસર અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ૧૫મી માર્ચના રોજ લખાયેલા આ પત્રમાં જાન્યુઆરી ૨૦૨૫માં નાર્વેકર અને મહારાષ્ટ્ર મેરીટાઇમ બોર્ડ (એમએમબી) બંને સમક્ષ ઉઠાવવામાં આવેલા વાંધાઓનો પુનરાવર્તિત સમાવેશ થાય છે. આ વાંધાઓ જેને અધિકારીઓ દ્વારા સ્વીકારવામાં આવ્યા હતા, તેમણે પ્રોજેક્ટ દ્વારા ઊભા થતા પર્યાવરણીય, વારસો અને સામાજિક-આર્થિક જોખમો અંગે ચેતવણી આપી હતી.

તેમની દલીલ છે કે આ પગલું કોલાબાના રહેવાસી સમુદાયની માન્ય અને વારંવારની અપીલોને અવગણે છે, જેમાં સ્થાનિક હિસ્સેદારો સાથે કોઈ પારદર્શિતા કે પરામર્શ નથી. આ પત્રમાં ચેતવણી આપવામાં આવી છે કે જેટીના બાંધકામનાં વિનાશક પરિણામો આવી શકે છે. રહેવાસીઓનો દાવો છે કે જરૂરી પરવાનગીઓ લેવામાં આવી નથી અને પ્રોજેક્ટ માટે મેળવેલી મંજૂરીઓ અંગે જાહેરમાં ખુલાસો કરવામાં આવ્યો નથી. ■

# ભાયંદરમાં સિનિયર સિટિઝનનું મર્ડરઃ બે સગીર પકડાયાં

## કામના સ્થળે કાયમ ગાળો આપતો હોવાથી હત્યા કરી મૃતદેહ ઝાડીઝાંખરામાં ફેંકી દીધો

મુંબઈઃ ભાયંદરમાં ૭૫ વર્ષના સિનિયર સિટિઝનની મહિના અગાઉ થયેલી હત્યાનો કેસ પોલીસે ઉકેલી કાઢી બે સગીર અને સગીરાને પકડી પાડ્યાં હતાં. મૃતક કામના સ્થળે કાયમ ગાળો આપતો હોવાથી બંનેએ રોષે ભરાઇને માથામાં પથ્થર ફટકારીને હત્યા કર્યા બાદ મૃતદેહને ઝાડીઝાંખરમાં ફેંકી દીધો હતો, એવું તપાસમાં જણાયું હતું.

બોરીવલીમાં રહેતો કિશોર બ્રિજમોહન મિશ્રા (૭૫) નાયગાવ પૂર્વમાં ટિવરી રોડ પર સ્ટોલ ધરાવતો હતો. ૧૫ ફેબ્રુઆરીએ મિશ્રા ઘરેથી નીકળ્યા બાદ રાતે પાછો ફર્યો નહોતો. મિશ્રાની શોધ ચલાવ્યા છતાં તેનો કોઇ પત્તો ન લાગતાં નાયગાંવ પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. મિશ્રાનો મોબાઇલ પણ બંધ હોવાથી તેને શોધવો મુશ્કેલ હતો.

દરમિયાન મિશ્રાને શોધવા પોલીસની બે ટીમ તૈયાર કરાઇ હતી. પોલીસ ટીમે નાયગાવ પૂર્વથી લઇ ભાયંદર સુધી સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. એક ફૂટેજમાં સગીરા સાથે મિશ્રા ભાયંદર સ્ટેશનથી બહાર આવતો નજરે પડ્યો હતો. પોલીસે આ ફૂટેજને આધારે બંનેની શોધ ચલાવી હતી અને સગીરા તથા તેના સગીર મિત્રને શોધી કાઢ્યાં હતાં.

બંનેની પૂછપરછમાં એવું સામે આવ્યું હતું કે મિશ્રા કામના સ્થળે કાયમ સગીરાને ગાળો આપતો હોવાથી સગીરાના મનમાં રોષ હતો. આથી તેણે મિત્ર સાથે મળીને મિશ્રાનો કાંટો કાઢવાનું નક્કી કર્યું હતું. તેમણે મિશ્રાને ભાયંદરમાં ઉત્તન પોલીસ સ્ટેશનની હદમાં દરગાહ નજીક બોલાવ્યો હતો, જ્યાં માથામાં પથ્થર ઝીંકી તેની હત્યા કરવામાં આવી હતી અને બાદમાં મૃતદેહને ઝાડીઝાંખરામાં ફેંકી દેવામાં આવ્યો હતો. ■

# પીડિતા યુવતીને વળતર આપવામાં સહાનુભૂતિ દેખાડોઃ કોર્ટે પ.રે.ને ખખડાવી

## ૨૦૧૭માં મરીન ડ્રાઈવ પર રસ્તો ક્રોસ કરી રહેલી નિધિને પ. રે. ની એસયુવીએ ઊડાવી દીધા પછી એ સાવ જડ અવસ્થામાં જીવન જીવી રહી છે

મુંબઈઃ બોમ્બે હાઈકોર્ટે તાજેતરમાં રેલવે પ્રધાનને કહ્યું હતું કે આઠ વર્ષ પહેલાં દક્ષિણ મુંબઈના મરીન ડ્રાઈવ ખાતે પશ્ચિમ રેલવેની માલિકીની ઈનોવા કારે અડફેટે લીધા બાદ સાનભાન ગુમાવીને બેઠેલી હાલ સાવ જડ અવસ્થામાં જીવન વ્યતિત કરી રહેલી પચીસ વર્ષની યુવતીના પાંચ કરોડ રૂપિયાના આખરી પતાવટના દાવા અંગે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી નિર્ણય લેવા જણાવ્યું હતું. આ અકસ્માત ૨૮ મે, ૨૦૧૭ના દિવસે થયો હતો. એ દિવસે ૧૭ વર્ષની નિધિ રાજેશ જેઠમલાણી મરીન પ્લાઝા હોટેલની સામે મરીન ડ્રાઈવ અથવા નેતાજી સુભાષચંદ્ર બોઝ રોડ વિસ્તારમાં રસ્તો ક્રોસ કરી એડમિશન લેવા નજીક આવેલી કે.સી. કોલેજ જઈ રહી હતી.બોમ્બે હાઈકોર્ટ મુંબઈના મોટર એક્સિડન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલ (એમએસીટી) ના ફેબ્રુઆરી ૨૦૨૧ના આદેશ સામે મહિલાના પિતા દ્વારા કરવામાં આવેલી અપીલની સુનાવણી કરી રહી હતી. ટ્રિબ્યુનલે નિધિને વ્યાજ અને ૧.૫ કરોડ રૂપિયાનું ભંડોળ અને વ્યાજ સાથે ૬૯.૯૨ લાખ રૂપિયા આપ્યા હતા. આ પૈસાનો ઉપયોગ તેના ભવિષ્યના તબીબી અને અન્ય ખર્ચ માટે કરવામાં આવશે. ઓક્ટોબર ૨૦૨૨માં હાઈકોર્ટે પિતાને પશ્ચિમ રેલવે દ્વારા કોર્ટમાં જમા કરવામાં આવેલા ૧.૧૫ કરોડ રૂપિયા ઉપાડવાની મંજૂરી આપી હતી. આગામી સુનાવણી ૨૦ માર્ચ સુધી મુલતવી રાખી અદાલતે પ્રતિવાદી અધિકારીઓને ઉચ્ચ સ્તરે નિર્ણય લેવા વિનંતી કરી હતી. ■




# ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગનો સૌપ્રથમ તાજ સચિનની ટીમના શિરે, એક કરોડનું ઈનામ મળ્યું

## લારાની ટીમ રનર-અપ, અંબાતી રાયુડુ મેન ઑફ ધ ફાઈનલ




રાયપુરઃ નિવૃત્ત અને પીઢ ક્રિકેટરો વચ્ચેની ઇન્ટરનેશનલ માસ્ટર્સ લીગ (આઈએમએલ)ની સૌપ્રથમ સીઝનનું ટાઈટલ સચિન તેન્ડુલકરની કેપ્ટન્સી હેઠળની ઇન્ડિયા માસ્ટર્સ ટીમે ઑલરાઉન્ડ પર્ફોર્મન્સની મદદથી જીતી લીધું છે. રવિવારે રાયપુરમાં ૫૦,૦૦૦ પ્રેક્ષકોની હાજરીમાં રમાયેલી રોમાંચક ફાઈનલમાં ભારતીય ટીમે બ્રાયન લારાની વેસ્ટ ઈન્ડિઝ માસ્ટર્સ ટીમને છ વિકેટે હરાવી દીધી હતી.

વેસ્ટ ઈન્ડિઝની ટીમ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૪૮ રન બનાવી શકી હતી. ભારતીય ટીમે ૧૭.૧ ઓવરમાં માત્ર ચાર વિકેટના ભોગે ૧૪૯ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો.

અંબાતી રાયુડુ (૭૪ રન, ૫૦ બોલ, ત્રણ સિક્સર, નવ ફોર) આ ફાઇનલનો સુપર હીરો હતો. તેની અને કેપ્ટન સચિન તેન્ડુલકર (પચીસ રન, ૧૮ બોલ, એક સિક્સર, બે ફોર) વચ્ચે ૪૭ બોલમાં ૬૭ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. ગુરકીરત સિંહે ૧૪ રન બનાવ્યા બાદ સ્ટુઅર્ટ બિન્નીએ બે સિક્સરની મદદથી બનેલા ૧૬ રને અને યુવરાજ સિંહ ૧૩ રને અણનમ રહ્યા હતા. યુસુફ પઠાણ શૂન્યમાં જ વિકેટ ગુમાવી બેઠો હતો. લારાની ટીમ વતી ટીમ વતી ઍશલી નર્સે બે વિકેટ તેમ જ ટિનો બેસ્ટ અને સુલિમન બેને એક-એક વિકેટ લીધી હતી. રવિ રામપોલ તથા જેરોમ ટેલરને વિકેટ નહોતી મળી.

એ પહેલાં, બ્રાયન લારાના સુકાનમાં વેસ્ટ ઇન્ડિઝ માસ્ટર્સે પ્રથમ બેટિંગ પસંદ કરીને ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૪૮ રન બનાવ્યા હતા. એમાં લેન્ડલ સિમોન્સના ૪૧ બોલમાં બનેલા ૫૭ રન હાઇએસ્ટ હતા. ઓપનર ડ્વેઇન સ્મિથે ૩૫ બોલમાં ૪૫ રન બનાવ્યા હતા. ખુદ કેપ્ટન લારા ઓપનિંગમાં રમ્યો હતો અને ફક્ત છ રન બનાવીને વિનય કુમારના બોલમાં પવન નેગીના હાથમાં કેચઆઉટ થયો હતો. વિનય કુમારે ત્રણ તેમ જ શાહબાઝ નદીમે બે અને સ્ટુઅર્ટ બિન્ની તથા પવન નેગીએ એક-એક વિકેટ લીધી હતી. ધવલ કુલકર્ણીને ૧૯ રનમાં તેમ જ મુખ્ય બોલર ઇરફાન પઠાણને ૪૭ રનમાં એક પણ વિકેટ નહોતી મળી.

આ સ્પર્ધામાં છ દેશની ટીમે ભાગ લીધો હતો. સેમિ ફાઇનલમાં ઇન્ડિયા માસ્ટર્સનો ઑસ્ટ્રેલિયા માસ્ટર્સ સામે ૯૪ રનથી અને વેસ્ટ ઇન્ડિઝ માસ્ટર્સનો શ્રીલંકા માસ્ટર્સ સામે છ રનથી વિજય થયો હતો. ■

### કોને ઈનામમાં કેટલા પૈસા મળ્યા?

(૧) ચેમ્પિયન ઇન્ડિયા માસ્ટર્સ ટીમઃ એક કરોડ રૂપિયા
(૨) રનર-અપ વેસ્ટ ઇન્ડિઝ માસ્ટર્સ ટીમઃ ૫૦ લાખ રૂપિયા
(૩) મેન ઑફ ધ ફાઈનલઃ અંબાતી રાયુડુ... ૫૦,૦૦૦ રૂપિયા
(૪) માસ્ટર સ્ટ્રોક ઑફ ધ મેચઃ અંબાતી રાયુડુ... ૫૦,૦૦૦ રૂપિયા
(૫) મોસ્ટ સિક્સીસ ઑફ ધ ફાઈનલઃ અંબાતી રાયુડુ...૫૦,૦૦૦ રૂપિયા
(૬) મોસ્ટ ફોર્સ ઑફ ધ સીઝનઃ કુમાર સંગકારા (૩૮ ફોર)... પાંચ લાખ રૂપિયા
(૭) મોસ્ટ સિક્સીસ ઑફ ધ સીઝનઃ શેન વોટ્સન (પચીસ સિક્સર)... પાંચ લાખ રૂપિયા

**નોંધઃ** ગેમ ચેન્જર ઑફ ધ મેચનો પુરસ્કાર શાહબાઝ નદીમ (ચાર ઓવરમાં ૨/૧૨)ને મળ્યો હતો. નદીમને મોસ્ટ ઇકોનોમિકલ બોલર (૩.૦૦નો ઇકોનોમી રેટ)નો અવોર્ડ પણ અપાયો હતો.

### શું તમે જાણો છો?

(૧) આઈએમએલની આ પહેલી ટૂર્નામેન્ટમાં સૌથી વધુ રન (૩૬૧) શેન વોટ્સનના હતા. ભારતીયોમાં યુવરાજ સિંહ (૧૬૬ રન) મોખરે હતો.
(૨) ટૂર્નામેન્ટમાં સૌથી વધુ (૧૦) વિકેટ ઓસ્ટ્રેલિયાના ઝેવિયર ડુઅર્ટીએ લીધી. ભારતીયોમાં પવન નેગી (આઠ વિકેટ) મોખરે હતો.
(૩) ઇંગ્લેન્ડનો બેન ડન્ક (અણનમ ૧૩૨) હાઈએસ્ટ વ્યક્તિગત સ્કોર સાથે પ્રથમ હતો. ભારતીયોમાં સ્ટુઅર્ટ બિન્નીના ૬૮ રન હાઈએસ્ટ હતા.
(૪) ટૂર્નામેન્ટમાં શેન વોટ્સનની હાઈએસ્ટ પચીસ સિક્સર સામે ભારતીયોમાં યુવરાજ સિંહ ૧૩ છગ્ગા સાથે મોખરે હતો.
(૫) આખી ટૂર્નામેન્ટમાં કુલ સાત સેન્ચુરી ફટકારવામાં આવી હતી, પણ એમાં ઇન્ડિયા માસ્ટર્સના એકેય બેટરની સદી નહોતી.
(૬) ભારત વતી બે ટેસ્ટ રમનાર ભૂતપૂર્વ સ્પિનર શાહબાઝ નદીમે આઈએમએલની આ પ્રથમ સીઝનમાં ઓવર દીઠ ૫.૧૦નો સર્વશ્રેષ્ઠ ઇકોનોમી રેટ નોંધાવ્યો હતો. આખી સ્પર્ધામાં એકમાત્ર નદીમનો ઇકોનોમી રેટ ૬.૦૦થી નીચે હતો.
(૭) શ્રીલંકા માસ્ટર્સના અસેલા ગુણરત્નેએ ત્રણ હાફ સેન્ચુરી ફટકારી હતી જે તમામ ખેલાડીઓમાં સૌથી વધુ હતી.

# કોહલીને તમામ બોલર્સમાં સૌથી વધુ બુમરાહ સામે રમવામાં મુશ્કેલી પડે છે

## આઈપીએલમાં આરસીબી અને એમઆઈનો પ્રથમ મુકાબલો સાતમી એપ્રિલે



બેંગ્લૂરુઃ વિરાટ કોહલી થોડા મહિનાઓથી કોઈ પણ બોલરના ઑફ સ્ટમ્પ પરના કે બહારના બોલમાં બહુ સસ્તામાં વિકેટકીપરના હાથમાં કે સ્લિપમાં કેચઆઉટ થઈ રહ્યો છે, પરંતુ એકંદરે તેને અત્યાર સુધીના તમામ બોલર્સમાંથી સૌથી વધુ જે બોલરના બોલમાં રમવાનું સૌથી મુશ્કેલ લાગ્યું છે એની દિલ ખોલીને વાત તેણે તાજેતરમાં એક ઈવેન્ટ વખતે કરી હતી.

આઈપીએલ બાવીસમી માર્ચે શરૂ થશે અને એ દિવસે રોયલ ચેલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)ની પ્રારંભિક મેચ ઈડન ગાર્ડન્સમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઇડર્સ (કેકેઆર) સામે રમાશે. જોકે કોહલી જે સૌથી ટફ બોલરની વાત કરી રહ્યો છે એ કેકેઆરની ટીમમાં નથી.

કોહલીને સૌથી પરેશાન કરી મૂકતો બોલર મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઈ) ટીમમાં છે અને આરસીબીનો એમઆઈ સામે પ્રથમ મુકાબલો છેક સાતમી એપ્રિલે વાનખેડેમાં થશે.

કોહલીને જસપ્રીત બુમરાહ સૌથી મુશ્કેલ અને સૌથી પડકારરૂપ બોલર લાગે છે.

કોહલી કહે છે, 'મારી દ્રષ્ટિએ બુમરાહ તમામ ફોર્મેટનો સર્વશ્રેષ્ઠ બોલર છે. તેણે મને આઈપીએલમાં કેટલીક વાર આઉટ કર્યો છે. તેની સામે જ્યારે પણ રમવાનો સમય આવે એને હું મોજ માનવાના અવસર તરીકે ગણીને જ રમું છું. ટીમ ઇન્ડિયા માટેની નેટ પ્રેક્ટિસમાં પણ અમે મેચમાં સામસામે રમતા હોઈએ એ રીતે રમીએ છીએ. તે હંમેશાં મને આઉટ કરવાનો પ્રયત્ન કરે છે અને હું આઉટ કેવી રીતે ન થવું એ વિચારું છું અને ફટકાબાજી કરું છું.'

બુમરાહ પીઠના દુખાવાને લીધે આઈપીએલની શરૂઆતની થોડી મેચ નથી રમવાનો. ■

**ઈન્ડિયન વેલ્સ**

# રશિયાની ૧૭ વર્ષની છોકરી સામે હારી વિશ્વની નંબર વન ખેલાડી આર્યના સબાલેન્કા



ઇન્ડિયન વેલ્સ (અમેરિકા): રશિયાની કિશોરી મીરા એન્ડ્રીવાએ વિશ્વની નંબર વન ખેલાડી આર્યના સબાલેન્કાને ૨-૬, ૬-૪, ૬-૩ થી હરાવીને બીએનપી પરિબાસ ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સનું ટાઇટલ જીત્યું હતું. ૧૭ વર્ષીય ખેલાડીએ પહેલો સેટ ગુમાવ્યા બાદ શાનદાર વાપસી કરી અને ૧૯૯૯માં સેરેના વિલિયમ્સ પછી ટુર્નામેન્ટની સૌથી નાની ઉંમરની ચેમ્પિયન બની હતી.

પુરુષોની ફાઇનલમાં બ્રિટનના ૧૩મા ક્રમાંકિત જેક ડ્રેપરે ડેન્માર્કના ૧૨મા ક્રમાંકિત હોલ્ગર રુનને ૬-૨, ૬-૨થી હરાવીને તેની પ્રથમ માસ્ટર્સ ૧૦૦૦ ચેમ્પિયનશિપ જીતી હતી. ડ્રેપર ૨૩ વર્ષનો છે અને આ જીત સાથે તે વિશ્વ રેન્કિંગમાં ટોચના ૧૦માં પ્રવેશી ગયો છે. શનિવારે સેમિફાઇનલમાં તેણે બે વખતના ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝને હરાવ્યો હતો.

આ જીત સાથે એન્ડ્રીવા મહિલા રેન્કિંગમાં ટોચના ૧૦માં પણ પહોંચી ગઈ છે. આ સાઝનમાં તેનું બીજું માસ્ટર્સ ૧૦૦૦ ટાઇટલ છે. અગાઉ તે દુબઈ માસ્ટર્સમાં ચેમ્પિયન બની હતી. મેચ પછી તેણીએ કહ્યું હતું કે, ''હું મારી જાત પર વિશ્વાસ રાખવા બદલ અને ક્યારેય હાર ન માનવાની મારી ભાવના બદલ પોતાનો આભાર માનું છું. મારો આત્મવિશ્વાસ અને જુસ્સો જાળવી રાખવો ખરેખર મુશ્કેલ હતું તેથી મેં મારું શ્રેષ્ઠ પ્રયાસ કરવાનો પ્રયાસ કર્યો. તેથી હું મારી જાતનો આભાર માનું છું કારણ કે મેં પણ આ જીતમાં નાની ભૂમિકા ભજવી હતી. ■

# આજથી શરૂ થશે સ્વિસ ઓપન ટૂર્નામેન્ટ, ફોર્મ મેળવવાનો પ્રયાસ કરશે સિંધુ, લક્ષ્ય સેન





બાસેલઃ ભારતનાં સ્ટાર બેડમિન્ટન ખેલાડીઓ પી.વી. સિંધુ અને લક્ષ્ય સેન મંગળવારથી અહીં શરૂ થઈ રહેલી સ્વિસ ઓપન ટૂર્નામેન્ટમાં પોતાનું ફોર્મ પાછું મેળવવાનો પ્રયાસ કરશે. સ્વિસ ઓપન ટૂર્નામેન્ટ્સમાં ઇનામ તરીકે ૨૫૦,૦૦૦ ડોલર આપવામાં આવશે.

સાતમા ક્રમની ખેલાડી બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા સિંધુનો સામનો ભારતની બીજા ક્રમાંકિત માલવિકા બંસોડ સામે થશે. લક્ષ્ય ભારતના એચએસ પ્રણય સામે પણ રમશે, જેણે ૨૦૧૬માં અહીં ટાઇટલ જીત્યું હતું.

ત્રણ વર્ષ પહેલાં અહીં ટાઇટલ જીતનાર સિંધુ ગયા અઠવાડિયે ઓલ ઇંગ્લેન્ડ ચેમ્પિયનશિપના પહેલા રાઉન્ડમાં હારી ગઈ હતી. જોકે, માલવિકાએ સિંગાપોરની યિઓ જિયા મીનને હરાવી હતી.

લક્ષ્ય ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપના ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યો હતો જ્યારે પ્રણય પહેલા રાઉન્ડમાં જ બહાર થઈ ગયો હતો. સ્વિસ ઓપનમાં ભારતીયોનો રેકોર્ડ સારો છે અને સિંધુ, કે. શ્રીકાંત, પ્રણય, સમીર વર્મા, સાઇના નેહવાલ અને પુરુષોની ડબલ્સમાં સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ અહીં ટાઇટલ જીત્યાં છે.

પેરિસ ઓલિમ્પિક પછી લક્ષ્ય અને પ્રણય વચ્ચે આ પહેલી મેચ હશે. પેરિસ ઓલિમ્પિકમાં ચોથા સ્થાને રહેનાર લક્ષ્યે ગયા અઠવાડિયે ઇન્ડોનેશિયાના જોની ક્રિસ્ટીને હરાવ્યો હતો, જ્યારે ચિકનગુનિયામાંથી સ્વસ્થ થયા પછી પાછો ફરેલો પ્રણય શરૂઆતના રાઉન્ડમાં જ બહાર થઈ ગયો હતો.

મહિલા સિંગલ્સમાં આકર્ષી કશ્યપ અને અનુપમા ઉપાધ્યાય પણ રમશે. કશ્યપનો મુકાબલો ક્વોલિફાયર સામે થશે જ્યારે અપરાજિતાનો મુકાબલો ડેન્માર્કની લાઇન હોમાર્ક સામે થશે. રક્ષિતા શ્રી સંતોષ રામરાજ પ્રથમ રાઉન્ડમાં ડેન્માર્કની લાઇન ક્રિસ્ટોફરસન સામે રમશે. મેન્સ સિંગલ્સમાં કિરણ જ્યોર્જ ડેન્માર્કના રાસ્મસ ગેમકે સામે ટકરાશે જ્યારે પ્રિયાંશુ રાજાવત સ્વિટ્ઝર્લેન્ડના ટોબિયાસ કુએન્ઝી સામે ટકરાશે.

મહિલા ડબલ્સમાં ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની ટક્કર એલાઇન મ્યૂલર અને કેલી વાન બુઈટેન સામે થશે. પ્રિયા કે અને શ્રુતિ મિશ્રા અને આરતી સાહા અને વર્ષિની વિશ્વનાથની જોડી પણ આ શ્રેણીમાં રમશે. ■

# મારા માટે છેલ્લા કેટલાક મહિનામાં સમયનું ચક્ર ૩૬૦ ડિગ્રી ફરી ગયુંઃ હાર્દિક પંડ્યા



નવી દિલ્હીઃ ભારતના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ કહ્યું કે છેલ્લા કેટલાક મહિનામાં સમયનું ચક્ર તેના માટે સંપૂર્ણ ૩૬૦ ડિગ્રી ફરી ગયું છે, પરંતુ મુશ્કેલ પરિસ્થિતિઓમાં હાર ન માનવાની ભાવનાને કારણે તે મેદાન પર અડગ રહ્યો હતો. ગયા વર્ષે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) માં રોહિત શર્માના સ્થાને મુંબઈ ઇન્ડિયન્સનો કેપ્ટન નિયુક્ત થયા બાદ હાર્દિકને ચાહકોના ગુસ્સાનો સામનો કરવો પડ્યો હતો.

પરંતુ તે પછી તેણે ભારતના ટી-૨૦ વર્લ્ડ કપ અને ચેમ્પિયન્સ ટ્રોફીની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી અને આઇપીએલની આગામી સીઝન માટે તૈયારી કરી રહેલા આ ઓલરાઉન્ડરને આશા છે કે આ વખતે તેને મુંબઈ ઈન્ડિયન્સના ચાહકોનો પ્રેમ મળશે.

હાર્દિકે ૨૨ માર્ચથી શરૂ થતી આઇપીએલ અગાઉ જિયો હોટસ્ટારને કહ્યું હતું કે ''હું ક્યારેય હાર માનતો નથી,'' મારી કારકિર્દીમાં એવો સમય આવ્યો જ્યારે મારું ધ્યાન જીતવા કરતાં રમતમાં ટકી રહેવા પર હતું.

તેમણે કહ્યું હતું કે, મને સમજાયું કે મારી સાથે જે પણ થઈ રહ્યું છે ક્રિકેટ હંમેશા મારો સાચો મિત્ર રહેશે. મેં મારી જાતને ટેકો આપ્યો અને જ્યારે મારી મહેનત રંગ લાવી ત્યારે તે મારી કલ્પના કરતાં પણ વધુ હતું. હાર્દિકે કહ્યું હતું કે, આ છ મહિનાના સમયગાળામાં અમે વર્લ્ડ કપ જીત્યા અને ઘરે પાછા ફર્યા પછી મને મળેલા પ્રેમ અને સમર્થનથી હું અભિભૂત થઈ ગયો. મારા માટે સમયનું ચક્ર સંપૂર્ણ ૩૬૦ ડિગ્રી ફેરવાઈ ગયું હતું.

૩૧ વર્ષીય ખેલાડીને વિશ્વાસ હતો કે જો તે સમર્પણ સાથે કામ કરતો રહેશે, તો તે વધુ મજબૂત રીતે પાછો આવશે. તેમણે કહ્યું, ''મને ખબર નહોતી કે આ ક્યારે થશે, પરંતુ જેમ કહેવાય છે તેમ ભાગ્યની પોતાની યોજનાઓ હતી અને મારા કિસ્સામાં અઢી મહિનામાં બધું બદલાઈ ગયું.''

જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં મોહમ્મદ શમી સાથે પંડ્યાએ નવી બોલિંગ સાથે ભારતની તાજેતરની ચેમ્પિયન્સ ટ્રોફી જીતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તે ગયા વર્ષે અમેરિકામાં ભારતની ટી-૨૦ વર્લ્ડ કપ વિજેતા ટીમનો પણ ભાગ હતો. આઇપીએલની છેલ્લી સીઝનમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ છેલ્લા સ્થાને રહી હતી, પરંતુ હાર્દિક માને છે કે આ વખતે તેની ટીમ એકદમ સંતુલિત છે અને પરિસ્થિતિ બદલી શકશે. ■

# છ વર્ષ બાદ ધોનીએ સ્વીકારી પોતાની મોટી ભૂલ

## ૨૦૧૯ની આઈપીએલની મેચમાં મેદાનમાં થઇ હતી બબાલ

ચેન્નઇઃ ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ની શરૂઆત પહેલા ચેન્નઈ સુપર કિંગ્સના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ એક મોટો ખુલાસો કર્યો છે. આ ઘટના ૨૦૧૯ની આઈપીએલ મેચ સાથે સંબંધિત છે. તે સમયે જયપુરમાં રમાયેલી ચેન્નઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચ દરમિયાન એમએસ ધોની વિવાદમાં ફસાયો હતો. તે મેચની છેલ્લી ઓવરમાં ચેન્નઇને ૧૮ રનની જરૂર હતી. ધોની આઉટ થયો હતો. ત્યાર પછી અમ્પાયરે નો-બોલનો નિર્ણય બદલ્યા બાદ ધોની ગુસ્સામાં મેદાનમાં ઘૂસી ગયો હતો. આ વિવાદની તે સમયે ખૂબ ચર્ચા થઈ હતી. આ હરકત બદલ ધોનીને દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. છ વર્ષ પછી ધોનીએ આને પોતાની 'મોટી ભૂલ' ગણાવી છે. એક ઈવેન્ટમાં વાતચીત દરમિયાન આ ઘટનાને યાદ કરતા એમએસ ધોનીએ કહ્યું હતું કે, 'આ આઈપીએલ મેચમાં થયું હતું. તે સમયે હું મેદાન પર ગયો હતો. તે એક મોટી ભૂલ હતી. ધોનીએ કહ્યું કે એવા ઘણા પ્રસંગો આવ્યા છે જ્યારે અમુક બાબતો તમને ઉશ્કેરે છે. અમે એવી રમતમાં છીએ જ્યાં દાવ ઘણો ઊંચો છે, તમે દરેક મેચ જીતવાની અપેક્ષા રાખો છો. તમારે ઘણી બધી વસ્તુઓનું સંચાલન કરવું પડશે. ધોનીએ વધુમાં કહ્યું કે, એટલા માટે હું કહું છું કે જ્યારે તમે થોડા ગુસ્સામાં કે નિરાશ હોવ તો તમારું મોઢું બંધ રાખો.' ■

# ભારતીય પુરુષ હોકી ટીમની તાલીમ શિબિર શરૂ

બેંગલુરુઃ ભારતીય પુરુષ હોકી ટીમના કોર ગ્રુપના ૩૬ ખેલાડીઓ માટે રાષ્ટ્રીય શિબિર સોમવારે અહીં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એસએઆઇ) સંકુલમાં શરૂ થઈ હતી અને મુખ્ય કોચ ક્રેગ ફુલ્ટને જણાવ્યું હતું કે તેમાં ટીમના તાજેતરના પ્રદર્શનનું વિશ્લેષણ કરવામાં આવશે. આ શિબિર ૨૮ માર્ચે પૂર્ણ થશે.

હોકી ઇન્ડિયાના એક નિવેદનમાં ફુલ્ટને કહ્યું હતું કે ''ખેલાડીઓ માટે આ ખૂબ જ વ્યસ્ત સીઝન રહી છે કારણ કે તેમને સતત બીજી ટૂર્નામેન્ટમાં મુશ્કેલ મેચો રમવી પડી છે.

આ શિબિરમાં ટીમના તાજેતરના પ્રદર્શનનું વિશ્લેષણ કરવા ઉપરાંત, ફિટનેસ અને કન્ડિશનિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

તેમણે કહ્યું, ''હવે અમારો પ્રયાસ યુરોપમાં પ્રો લીગ મેચોના આગામી તબક્કા માટે તૈયારી કરવાનો રહેશે અને મને એ પણ જોવામાં રસ હશે કે કેટલીક નવી પ્રતિભાઓ અપેક્ષાઓ પર કેવી રીતે ખરી ઊતરે છે.''

આવતા અઠવાડિયે લગ્ન કરી રહેલા સ્ટ્રાઈકર મનદીપ સિંહને કેમ્પમાંથી મુક્તિ આપવામાં આવી છે.

ભારતીય ટીમે એફઆઇએચ હોકી પ્રો લીગ ૨૦૨૪-૨૫માં પ્રભાવિત કર્યા હતા. ઘરઆંગણે રમાયેલી આઠમાંથી પાંચ મેચમાં જીત મેળવી હતી. ભારતીય ટીમ હાલમાં પ્રો લીગ ટેબલમાં ૧૫ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. ઈંગ્લેન્ડ અને બેલ્જિયમ ૧૬ પોઈન્ટ સાથે અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને છે.

# આપણે અનેક ક્ષેત્રોમાં ભૂલો કરી રહ્યા છીએઃ ઇન્ઝમામ

લાહોરઃ પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન ઇન્ઝમામ-ઉલ-હકે દેશમાં ક્રિકેટના પતન પર ચિંતા વ્યક્ત કરી છે અને તેના માટે રમતનું સંચાલન કરનારા લોકોએ અનેક ક્ષેત્રોમાં કરવામાં આવેલી ભૂલોને જવાબદાર ઠેરવી છે. ઇન્ઝમામે લાહોરમાં પત્રકારોને જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય ટીમના પ્રદર્શનમાં ઘણો ઘટાડો થયો છે. તેમણે કહ્યું હતું કે, ''આપણે યોગ્ય દિશામાં કામ કરી રહ્યા નથી અને ઘણાં ક્ષેત્રોમાં સતત ભૂલો કરી રહ્યા છીએ.''

રાષ્ટ્રીય પસંદગી સમિતિના ભૂતપૂર્વ અધ્યક્ષ ઇન્ઝમામે ચેતવણી આપી હતી કે જો ટૂંક સમયમાં કોઈ નક્કર યોજના બનાવવામાં નહીં આવે તો ટીમના પ્રદર્શનમાં ઘટાડો ચાલુ રહેશે. તેમણે આ માટે ટીમ મેનેજમેન્ટ, કોચ અને ખેલાડીઓમાં સતત થતા ફેરફારોને જવાબદાર ઠેરવ્યા હતા.

ઇન્ઝમામે કહ્યું હતું કે, ''મારું માનવું છે કે ક્રિકેટ બોર્ડે હવે તેની ભૂલોમાંથી શીખવું જોઈએ અને છેલ્લા બે વર્ષથી જે ભૂલો કરી રહ્યું છે તેનું પુનરાવર્તન કરવાનું ટાળવું જોઈએ. તેમણે કહ્યું, છેલ્લા બે વર્ષમાં પાકિસ્તાન ટીમના પ્રદર્શનમાં ઘણો ઘટાડો થયો છે. જો આપણે યોગ્ય દિશામાં તાત્કાલિક પગલાં નહીં ભરીએ તો આ ઘટાડો ચાલુ રહેશે.'' ■

**બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા ચૂંટણી**

# અધ્યક્ષપદ માટે અજયસિંહને કલિતા અને ભંડારી આપશે પડકાર



નવી દિલ્હીઃ બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (બીએફઆઇ) ના વર્તમાન વડા અજયસિંહ સતત ત્રીજી વખત પ્રમુખ બનવાનો પ્રયાસ કરી રહ્યા છે, તેમને ૨૮ માર્ચે યોજાનારી આ મહાસંઘની ચૂંટણીમાં મહાસચિવ હેમંત કલિતા અને ઉપપ્રમુખ રાજેશ ભંડારીના પડકારનો સામનો કરવો પડશે.

અજયસિંહ સ્પાઇસજેટ એરલાઇન્સના ચેરમેન પણ છે અને તેમનું નામ ઉત્તરાખંડ બોક્સિંગ એસોસિએશન દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યું હતું. પ્રમુખપદ માટે તેઓ આસામ બોક્સિંગ એસોસિએશનના સેક્રેટરી કલિતા અને હિમાચલ પ્રદેશ બોક્સિંગ એસોસિએશનના પ્રમુખ ભંડારી સામે ચૂંટણી લડશે.

ભંડારીએ ઉત્તર ઝોનના ઉપપ્રમુખ પદ માટે પણ અરજી કરી છે, જે પદ હાલમાં તેઓ ધરાવે છે. કેરળ રાજ્ય બોક્સિંગ એસોસિએશનના સેક્રેટરી ડી ચંદ્રલાલ પ્રમુખપદ માટે ચોથા દાવેદાર છે.

ગુરુગ્રામમાં બીએફઆઇની વાર્ષિક સામાન્ય સભા દરમિયાન ચૂંટણીઓ યોજાશે. ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૧૬ માર્ચ હતી. પૂર્વ રમતગમત મંત્રી અનુરાગ ઠાકુર પણ પ્રમુખપદ માટે ચૂંટણી લડે તેવી અપેક્ષા હતી અને હિમાચલ પ્રદેશ બોક્સિંગ એસોસિએશને તેમના પ્રતિનિધિ તરીકે તેમનું નામ મોકલ્યું હતું. પરંતુ અજયસિંહ દ્વારા અંતિમ સ્વરૂપ આપવામાં આવેલી મતદાર યાદીમાં તેમનું નામ નહોતું. જોકે કલિતાએ તેમને એક અલગ યાદીમાં સામેલ કર્યા હતા, પરંતુ ચૂંટણી અધિકારી આર કે ગૌબાએ સ્થાપિત ધોરણોનું પાલન કરીને બીએફઆઇ વડા દ્વારા આપવામાં આવેલી યાદીને મંજૂરી આપી હતી.

સિંહે કહ્યું હતું કે ઠાકુર હિમાચલ પ્રદેશનું પ્રતિનિધિત્વ કરવા માટે અયોગ્ય છે. ઠાકુરના જૂથે તે નિર્ણય સામે કાનૂની કાર્યવાહી કરવાનો ઇનકાર કર્યો નથી.

સચિવપદ માટે ઘણા ઉમેદવારો મેદાનમાં છે, જેમાં ઉત્તર પ્રદેશના પ્રમોદ કુમાર, કર્ણાટકના સતીશ એન, ઓડિશાના અનિલ કુમાર બોહિદાર અને આઉટગોઇંગ કોષાધ્યક્ષ દિગ્વિજય સિંહ (મધ્ય પ્રદેશ)નો સમાવેશ થાય છે. દિગ્વિજયે ખજાનચીપદ માટે પણ ઉમેદવારી નોંધાવી છે. ■

# તન-મન-ધનથી રહો તરોતાજા

# બજારનાં જોખમને કઈ રીતે પારખી શકાય?




**એક ચીની કહેવત કહે છેઃ 'માછલીને ખાવાનું દેખાય છે, પણ ખીલો દેખાતો નથી. એ જ રીતે મનુષ્યને નફો દેખાય છે, પણ જોખમ દેખાતું નથી.'**

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

એક ઑફિસના ત્રણ કર્મચારી વચ્ચે કંઈક આવી વાતચીત ચાલી રહી હતીઃ

નીતિઃ ઓ..હો...હો... ચોકલેટ્સ તો બહુ જ સરસ છે, ક્યાંથી લાવ્યા?

રમેશઃ મારી ભત્રીજીએ બનાવી. ચોકલેટ્સ બનાવવામાં તો એ માસ્ટર છે.

નીતિઃ એ ચોકલેટ્સ વેચે છે? શું ભાવ રાખ્યો છે?

રમેશઃ ના, એ ચોકલેટ્સ વેચવા માટે નથી બનાવતી. ફક્ત ફૅમિલી અને ફ્રેન્ડ્સ માટે બનાવે છે.

નીતિઃ મારી તો ઇચ્છા હતી કે એને ઑર્ડર આપી દઉં. મારા પાડોશી પણ ચોકલેટ્સ બનાવે છે અને કિલોના ૪૫૦ રૂપિયાના ભાવે વેચે છે.

રમેશઃ હું મીનાક્ષી મહેતા નામનાં બહેનને ઓળખું છું. એ ૩૮૫ રૂપિયે કિલો આપે છે અને ઘરે ડિલિવરી પણ કરાવી દે છે. તારે એમને ઑર્ડર આપવો છે?

નીતિઃ હા..હા.. નંબર આપો. એમની પણ ચોકલેટ્સ એક વખત ટ્રાય કરી લઉં.

પીટર (જે અત્યાર સુધીની વાતચીત સાંભળી રહ્યો હતો): મને તો મિસિસ ફર્નાન્ડિસ નામનાં બહેને બનાવેલી ચોકલેટ્સ ઘણી ગમે છે. તેઓ ૫૨૫ રૂપિયાનો ભાવ લે છે, પણ સ્વાદ એટલો બધો સારો હોય છે કે એમને વધારે પૈસા આપવાનું પરવડે.

આ પ્રકારની વાતચીત મોટા ભાગની ઑફિસોમાં થતી રહેતી હોય છે, પરંતુ આમાં આપણા માટે નોંધવાલાયક એક વાત એ છે કે રમેશની ભત્રીજી ચોકલેટ્સ બનાવે છે, પણ વેચતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો તેની ચોકલેટ્સ માર્કેટમાં નથી. આથી એને કોઈ સ્પર્ધા નડતી નથી. બીજી બાજુ, મીનાક્ષીબહેન અને મિસિસ ફર્નાન્ડિસ ચોકલેટ્સ વેચે છે. આથી એમની વસ્તુ બજારમાં છે અને તેને માર્કેટ રિસ્ક (બજારસંબંધી જોખમ) લાગુ પડે છે.

આ જ રીતે આપણે જ્યારે રોકાણ કરીએ છીએ ત્યારે આપણાં નાણાં બજારમાં આવે છે. આ રોકાણ ઈક્વિટી માર્કેટમાં, બુલિયન માર્કેટ (સોના-ચાંદી) માર્કેટમાં કે રિયલ એસ્ટેટ માર્કેટમાં હોઈ શકે છે. આપણે ફિક્સ્ડ ડિપોઝિટ કે બોન્ડમાં પણ રોકાણ કરીએ તો આપણાં નાણાં ડેટ માર્કેટમાં આવ્યાં કહેવાય અને એ રકમને વ્યાજદરમાં થતા ફેરફારની અસર થતી હોય છે. આપણે જાણીએ છીએ એમ બજારમાં પ્રવર્તમાન સ્થિતિના આધારે રોકાણનું મૂલ્ય વધે છે કે ઘટે છે. આ ફેરફારને માર્કેટ રિસ્ક કહેવાય.

અહીં આપણે એક હેમંતભાઈ ભટ્ટનું ઉદાહરણ લઈએ. લાંબા ગાળા માટે સ્ટોક માર્કેટમાં રોકાણ કરવું જોઈએ એવું એ દઢપણે માનતા હતા. પોતાના પિતા પાસેથી આ વાત શીખી હતી. એક વખત સારી કંપનીના સ્ટોકમાં રોકાણ કર્યા બાદ એ તેના ભાવની હિલચાલ પર રોજિંદા ધોરણે ધ્યાન આપતા ન હતા. વર્ષમાં એકાદ વખત એકંદર સ્થિતિની સમીક્ષા કરી લેતા, એટલું જ. સ્ટોક ખરીદ્યા પછી એ સતત બજારમાં રહેતા નહીં હોવાથી એમના પોર્ટફોલિયોને બજારસંબંધી જોખમ ફક્ત નામપૂરતું લાગુ પડતું હતું. સ્ટોકના ભાવ વધે કે ઘટે, એ ભાવ ફક્ત કાગળ પર જ રહેતા. સ્ટોકનો ભાવ હંમેશાં તેને વેચવામાં આવે ત્યારે જ ગણતરીમાં લેવાનો હોય એ બાબત અહીં નોંધવા જેવી છે.

બીજી બાજુ, મનોજભાઈ જૈને ૧૦ વર્ષની મુદતના ભારત સરકારના કરમુક્ત બોન્ડ ખરીદ્યા હતા. એમના મનમાં પહેલેથી સ્પષ્ટતા હતી કે એમનું આ રોકાણ નિવૃત્તજીવન માટેનું છે અને તેની પાકતી તારીખે જ વટાવવામાં આવશે, વચ્ચે તેનું ટ્રેડિંગ કરવામાં નહીં આવે. મનોજ જૈને એમ પણ નક્કી કર્યું હતું કે એ રોકાણ કર્યા પછી ડેટ માર્કેટમાં રહેવાના નથી. આથી એમને વ્યાજદરમાં થનારા ફેરફારની અસર થવાની ન હતી.

ઉપરોક્ત ચર્ચા પરથી એટલું જ કહેવાનું છે કે રોકાણ કરતી વખતે માર્કેટ રિસ્કનો પણ વિચાર કરી લેવો આવશ્યક છે. આપણે કોઈક સાધનમાં રોકાણ કરીએ ત્યારે તેને સંબંધિત માર્કેટ રિસ્ક લાગુ પડે જ છે. એ રોકાણ પર બજારની સ્થિતિના આધારે ફેરફાર થાય ત્યારે તેનું મૂલ્ય બદલાતું જાય છે. આપણે એ રોકાણ કર્યા બાદ જો વધુ ખરીદી કે વેચાણ નહીં કરવાનું નક્કી કરીએ તો ટેક્નિકલ દૃષ્ટિએ આપણે બજારમાંથી બહાર નીકળી ગયા કહેવાઈએ અને તે વખતે માર્કેટ રિસ્ક લાગુ પડે નહીં. રોકાણમાં કોઈ સાચો કે ખોટો વ્યૂહ હોતો નથી. આપણે અપનાવેલા માર્ગ વિશે આપણા મનમાં સ્પષ્ટતા હોય તો આપણને માર્કેટ રિસ્ક લાગુ પડે છે કે નહીં તેનો સ્પષ્ટ ખયાલ હોય છે. એના આધારે આપણે યોગ્ય પગલાં લઈ શકીએ. ■

---

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

# વરિષ્ઠ નાગરિક બચત યોજના જાણી લો, બીજા કેટલાક મહત્ત્વના મુદ્દા




આ પખવાડિક કૉલમમાં છેલ્લે આપણે વરિષ્ઠ નાગરિક બચત યોજના (સિનિયર સિટિઝન સેવિંગ્સ સ્કીમ - SCSS) વિશે પ્રાથમિક માહિતી મેળવી હતી. નિવૃત્તિ પછી આવકનો નિયમિત સ્રોત વ્યાજના રૂપે મળે અને સાથે સાથે મુદ્દલની સુરક્ષા અને કરવેરાના લાભ મળે એવો આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

આજે હવે એ યોજનાને લગતા બીજા જાણી લેવા જેવા મુદ્દાઓ તરફ વળીએ.

**SCSS એકાઉન્ટ પર વ્યાજનો દર**

નાણાં મંત્રાલયે જાહેર કરેલો વ્યાજનો વર્તમાન દર વાર્ષિક ૮.૨% છે. SCSS ખાતા પરનું વ્યાજ થાપણની તારીખથી ૩૧ માર્ચ/૩૦ જૂન/૩૦ સપ્ટેમ્બર/૩૧ ડિસેમ્બર સુધી એપ્રિલ/જુલાઈ/ઓક્ટોબર/જાન્યુઆરીના પહેલા કામકાજના દિવસે ચૂકવવામાં આવે છે. અહીં જણાવવું રહ્યું કે આ ખાતાના વ્યાજનું ઈસીએસ (ઈલેક્ટ્રોનિક ક્લીયરિંગ સિસ્ટમ) દ્વારા બચત ખાતામાં ટ્રાન્સફર કરી શકાય છે.

**SCSS ખાતા સામે લોન**

લોન મેળવવા માટે એ ખાતામાં થાપણ ગિરવે મૂકવાની સુવિધા આપવામાં આવી નથી, કારણ કે એમ કરવાથી નિયમિત ધોરણે આવક થાય એવો યોજના પાછળનો ઉદ્દેશ્ય માર્યો જાય છે. આ એકાઉન્ટમાંથી અકાળે ઉપાડ કે ખાતું બંધ કરાવવું ખાતું ખોલાવ્યાની તારીખ પછી કોઈ પણ સમયે તેની SCSS ડિપોઝિટ ઉપાડવાનો વિકલ્પ હોય છે. જોકે, એમાં અમુક દંડ લેવામાં આવે છે. ખાતું કેટલા સમય સુધી સક્રિય રહ્યું છે એના આધારે દંડની રકમ બદલાયા કરે છે. કોઈ ખાતું ખોલાવ્યાની તારીખથી એક વર્ષ પૂરું થાય તે પહેલાં જો તેને બંધ કરવામાં આવે તો કોઈ વ્યાજ મળતું નથી અને, જો ખાતામાં કોઈ વ્યાજ ચૂકવવામાં આવી ગયું હોય તો એટલી રકમ દંડ તરીકે મુદ્દલમાંથી કાપી લેવામાં આવે છે.

જો ખાતું ખોલાવ્યાની તારીખથી પ્રથમ વર્ષ પૂરું થયા પછી, પરંતુ બીજા વર્ષના અંત પહેલાં બંધ કરવામાં આવે, તો થાપણના ૧.૫% જેટલી રકમ દંડ તરીકે કાપવામાં આવે છે.

જો ખાતું બીજા વર્ષે કે પછી પણ તેની પાકતી મુદત પહેલાં બંધ કરાવી દેવાય તો થાપણના ૧% જેટલી રકમ દંડ તરીકે કાપવામાં આવે છે.

અહીં એ નોંધવું અગત્યનું છે કે ખાતાની મુદત લંબાવ્યાની તારીખથી એક વર્ષ પછી એ ખાતું બંધ કરવામાં આવે તો કોઈ દંડ નથી.

**SCSS વિશે આ પણ જાણી લો**

૧) આ ખાતાની થાપણમાં સંયુક્ત ખાતાધારકનો હિસ્સો કેટલો હશે?

સંપૂર્ણ રકમ પ્રારંભિક થાપણદારના એટલે કે પ્રથમ અરજદાર તરીકે જેનું નામ હોય એના નામે હોય છે. સંયુક્ત ખાતાધારક તરીકે જીવનસાથીનું નામ લખવાથી કોઈ ફરક પડતો નથી.

૨) શું પતિ-પત્ની બંને અલગ-અલગ ખાતું ખોલાવી શકે છે?

હા, પતિ-પત્ની બંને અલગ-અલગ વ્યક્તિગત ખાતું ખોલાવી શકે છે. જોકે, દરેક જીવનસાથી દીઠ મહત્તમ રૂા. ૩૦ લાખની રકમની મર્યાદા છે.

૩) જો હું મૃત્યુ પામું તો મારા ખાતાનું શું થાય?

જો તમે વ્યક્તિગત ખાતું (કોઈ સંયુક્ત રોકાણકાર વિના) ખોલાવ્યું હોય અને ન કરે નારાયણ ને તમારું અવસાન થઈ જાય તો એ ખાતું બંધ કરાવવાની પ્રક્રિયા શરૂ કરાશે. આ સંજોગોમાં ખાતાધારકના એટલે કે તમારા નોમિનીએ ફોર્મ 'એફ' દ્વારા અરજી કરવી આવશ્યક છે.

૪) હું વરિષ્ઠ નાગરિક છું, પરંતુ મારા જીવનસાથીની ઉંમર ૬૦ વર્ષથી ઓછી છે, શું હું તેને મારા SCSS ખાતામાં સંયુક્ત ધારક તરીકે નિયુક્ત કરી શકું?

હા, તમે કરી શકો છો. અહીં તમારી ઉંમર લાયકાતનું પરિમાણ છે, તમારા જીવનસાથીની નહીં. આમ, એમની ઉંમર ૬૦ વર્ષથી ઓછી હોય તોપણ તમે એમને સંયુક્ત ધારક રાખી શકો છો. જોકે, આનાથી ઊંધી સ્થિતિ શક્ય નથી. કહેવાનો અર્થ એ છે કે જો તમારાં પત્નીની ઉંમર ૬૦ વર્ષથી ઓછી હશે તો એ આ યોજનાનું ખાતું ખોલાવી શકશે નહીં, પછી ભલે તમે ૬૦ વર્ષથી વધુ ઉંમરના હો. ટૂંકમાં, પ્રાથમિક અથવા પ્રથમ થાપણદારની ઉંમર ધ્યાનમાં લેવામાં આવે છે, સંયુક્ત ધારકની નહીં. ટૂંકમાં, SCSS એ ભારતીય સરકાર દ્વારા પ્રાયોજિત રોકાણ યોજના છે, જે મૂડીની સુરક્ષા સાથે શ્રેષ્ઠ વળતર આપે છે અને તેથી એને સલામત અને અત્યંત વિશ્વસનીય માનવામાં આવે છે. તે એકાઉન્ટ ખોલાવવાની સરળ પ્રક્રિયા ધરાવતું મધ્યમ ગાળાના રોકાણનું સાધન છે અને એને સહેલાઈથી ઓપરેટ કરી શકાય છે માટે દરેક વરિષ્ઠ નાગરિકે આનો જરૂર લાભ લેવો જોઈએ. ■

---

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

# ઓછો જાણીતો, પણ જોખમી રોગઃ લિસ્ટેરિયા




ભલે, થોડી અતિશયોક્તિ લાગે, પણ આ વિશ્વમાં જેટલી સંખ્યા મનુષ્યોની હશે, કદાચ એટલી જ સંખ્યામાં વિવિધ પ્રકારના રોગો પણ છે એમ કહી શકાય. દુનિયાના કયા ખૂણે કયા રોગ વકર્યા છે તે જો જાણવા માંગીએ તો અનેક એવા રોગ હશે જેનાં આપણા જેવા સામાન્યજનોએ નામ પણ સાંભળ્યા નહિ હોય.

હાલમાં જ સમાચાર જાણવા મળ્યા કે અમેરિકામાં ચેપી રોગ લિસ્ટેરિયાનાં લક્ષણો ધરાવતા દર્દીઓ જોવા મળ્યા છે. તાજેતરના કિસ્સામાં અમેરિકામાં એક જાણીતી બ્રાન્ડના સપ્લિમેન્ટ શેકના નમૂનાઓમાં આ વાયરસ હોવાની જાણ થઈ હતી. અમેરિકાનાં ઘણાં રાજ્યોમાં એફડીએ અને જાહેર આરોગ્ય અધિકારીઓ સપ્લિમેન્ટ શેક સાથે જોડાયેલા લિસ્ટેરિયા ચેપના પ્રકોપની તપાસ કરી રહ્યા છે. આ પ્રકોપમાં ઘણા લોકો બીમાર પડતાં પહેલાં હૉસ્પિટલમાં દાખલ થયા હતા. જોકે આ પહેલો કિસ્સો નથી જ્યારે આ રોગ સામે આવ્યો હોય. આ પહેલાં લગભગ બે વર્ષ પૂર્વે યુરોપિયન ફૂડ સેફ્ટી ઑથોરિટીને આંતરરાષ્ટ્રીય સ્તરે મશહૂર ચોકલેટ બ્રાન્ડના કેટલાક પ્રોડક્ટ્સમાં આ ખતરનાક બેક્ટેરિયા હોવાનું જાણવા મળ્યું હતું. આ માહિતી મળતાં જ યુકેમાં એ ચોકલેટનાં હજારો ઉત્પાદનો દુકાનોમાંથી તાત્કાલિક પાછાં ખેંચવાં પડ્યાં હતાં. લગભગ એ જ સમયગાળામાં ઑસ્ટ્રેલિયામાં પણ આ રોગે દેખા દીધી હતી.

## શું છે લિસ્ટેરિયા?

આ બેક્ટેરિયલ ચેપ લિસ્ટેરિયા 'મોનોસાયટોજેન્સ (એલ. મોનોસાયટોજેન્સ)' દ્વારા થાય છે. આ વાયરસથી થતા ચેપને 'લિસ્ટરિયોસિસ' કહે છે. આ ચેપ મુખ્યત્વે ખાદ્યપદાર્થો દ્વારા ફેલાતો હોવાની શક્યતા વધુ છે.

આપણે આ રોગ વિશે વધુ જાણકારી મેળવીએ તો જાણીતા મેડિકલ જર્નલ 'નેચર' અનુસાર, લિસ્ટેરિયા બેક્ટેરિયા માટી, પાણી અને પ્રાણીઓના મળમાં મળી શકે છે. લિસ્ટેરિયાથી દૂષિત ખોરાક ખાવાથી પણ રોગ થઈ શકે છે, જેમાં કાચાં શાકભાજી, પ્રોસેસ્ડ મીટ, હોટ ડોગ્સ, અનપેસ્ટ્યુરાઇઝ્ડ દૂધ અને નરમ ખોરાકનો સમાવેશ થાય છે. તે તાજાં ફળો, ખાસ કરીને તરબૂચ ખાવાથી પણ થઈ શકે છે. આ બેક્ટેરિયા મનુષ્ય સહિત ઘણા સસ્તન પ્રાણીઓમાં જોવા મળે છે. અમેરિકન એજન્સી 'સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ' અનુસાર, આ ચેપની સીધી અસર હાડકાં, સાંધા, છાતી અને પેટ પર જોવા મળે છે.

## કેવાં હોય છે એનાં લક્ષણ?

જો લિસ્ટેરિયાનો ચેપ લાગ્યો હોય, તો ૧ મહિના પછી પણ લક્ષણ દેખાઈ શકે છે. તાવ, શરદી અને માથાનો દુખાવો તેનાં પ્રાથમિક લક્ષણ હોઈ શકે છે. પેટમાં અસ્વસ્થતા, ઝાડા, ઊલટી, સ્નાયુઓમાં દુખાવો, મૂંઝવણ, સંતુલન ગુમાવવું, સ્નાયુ સંકોચન થઈ શકે છે. ગંભીર લિસ્ટરિયોસિસ લોહીના પ્રવાહમાં અથવા મગજમાં ફેલાઈ શકે છે. ગંભીર ચેપ સેપ્સિસ, મેનિન્જાઇટિસ અથવા એન્સેફાલીટીસ તરફ દોરી શકે છે. તે એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાતો નથી, પણ તે માતા પાસેથી ગર્ભાશયમાં રહેલા બાળકમાં પસાર થઈ શકે છે.

## શું લિસ્ટેરિયાનો ચેપ જોખમી છે?

તે સામાન્ય રીતે દૂષિત ખોરાકને કારણે થાય છે. સારી રોગ પ્રતિકારકતા ધરાવતા લોકો લિસ્ટેરિયા ચેપથી બીમાર પડતા નથી. તે ગર્ભમાં રહેલાં શિશુઓ, નવજાત શિશુઓ અને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો, જેમ કે, વૃદ્ધો અને ગર્ભવતી મહિલાઓ માટે જીવલેણ બની શકે છે.

## શું છે એના ઈલાજ?

બ્લડ-યુરિન અને કરોડરજ્જુના પ્રવાહીના ટેસ્ટની મદદથી આ રોગનું નિદાન થઈ શકે છે. તેમાં કેવો ઉપચાર થશે એ વ્યક્તિને કેવાં લક્ષણો દેખાય છે અને શું અસર થઈ છે, તેના ઉપર નિર્ભર રહે છે. ઓછાં લક્ષણોવાળા રોગીઓને કદાચ ડૉક્ટરો કોઈ વિશેષ ઈલાજ ન પણ સૂચવે. ગંભીર લક્ષણોના કિસ્સામાં એન્ટિબાયોટિક સૂચવી શકે છે. જો કોઈ વ્યક્તિને લિસ્ટેરિયોસિસ હોય, તો સૌ પ્રથમ એણે ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન મુજબ દવાઓ લેવી જોઈએ. નોનસ્ટીરોઇડ એન્ટી-ઇન્ફ્લેમેટરી દવાઓ તાવને નિયંત્રિત કરવા અને સ્નાયુઓમાં દુખાવો દૂર કરવા માટે સૂચવવામાં આવતી હોય છે, પરંતુ કોઈ પણ કિસ્સામાં જાતે જ આવી દવાઓ લેવી હિતકારક નથી. એની આડ-અસર પણ થઈ શકે. આ રોગથી પીડાતી વ્યક્તિએ પુષ્કળ આરામ લેવો જોઈએ. પુષ્કળ પ્રવાહી પીવું જોઈએ અને હળવો આહાર લેવો જોઈએ. બહારના ખાદ્યપદાર્થોને તો અડવું પણ નહીં.

## બીજું શું ધ્યાન રાખશો?

તમારા રેફ્રિજરેટર, કન્ટેનર અને એવી સપાટીઓ સાફ કરો. લિસ્ટેરિયા રેફ્રિજરેટરમાં ટકી શકે છે અને સરળતાથી અન્ય ખોરાકને દૂષિત કરી શકે છે.

કોવિડના પ્રકોપ સમયે જે સાવચેતી અને ઉપાયો ખાદ્ય પદાર્થોની સફાઈ અંગે આપણે પાળતા હતા તે હંમેશા પાળવાથી આવા ચેપી રોગથી બચવું સહેલું બને છે. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# ગરમીમાં કાકડી ખાવાથી શરીરને મળશે અનેક લાભ

## ગ્રીષ્મમાં ખીરા કરશે ખરેખરની કમાલ

ગરમીના દિવસો ધીમે ધીમે શરૂ થઈ રહ્યા છે. બદલાતી મોસમને કારણે શરીરમાં ફેરફાર થતા હોય છે. અનેક લોકો કબજિયાતનો શિકાર બને છે. તો અનેક લોકોનું પેટ ઢીલું પડી જતું હોય છે. જેને કારણે વારંવાર ઝાડા થવાની ફરિયાદ તેઓ કરતા હોય છે. તો વળી કેટલાક લોકોમાં શરદી-તાવની તકલીફ વધી જતી હોય છે. તો વળી કેટલાક લોકોને સૂકી ઉધરસ સતાવતી હોય છે. ગરમીમાં શરીરની અંદર પૂરતા પ્રમાણમાં પ્રવાહી જળવાઈ રહે તે અગત્યનું છે. તે માટે રસદાર ફળ તેમ જ રસદાર શાકભાજીનો આહારમાં ઉપયોગ આવશ્યક બની જાય છે. ગરમીના દિવસોમાં બજારમાં ઠેર-ઠેર લાંબી પાતળી કાકડી મળતી હોય છે. આ કાકડીનું બીજું નામ 'ખીરા' છે. 'ખીરા કાકડી' સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી ગણાય છે. તેથી જ આ કાકડી માટે ખાસ કહેવત જોવા મળે છે. 'રત્નોમાં હિરા - શાકભાજીમાં ખીરા.' શરીરની અંદર શુદ્ધીકરણ કરવાની સાથે બહારની ત્વચા, આંખને ઠંડક પહોંચાડવામાં અત્યંત ઉપયોગી ગણાય છે. પાણીદાર કાકડીમાં વિટામિન એ, વિટામિન સી તથા વિટામિન કે જેવાં પોષક તત્ત્વો સમાયેલાં છે. કાકડીમાં ફાઈબર પોટેશિયમ, લ્યૂટેનની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. શરીરની ચરબી ઘટાડવામાં કાકડીનો ઉપયોગ અકસીર ગણાય છે.

ગરમીમાં કાકડીનું સેવન ખાસ કરવું જોઈએ. કેમ કે તેમાં પાણીની માત્રા વધુ હોય છે જેથી નિર્જલીકરણ (ડિહાઈડ્રેશન)ની સમસ્યાથી બચી શકાય છે. ગરમીના દિવસોમાં બજારમાં ખાસ લાંબી પાતળી કાકડી મળતી હોય છે. તે કાકડીને અંગ્રેજીમાં કુકુમ્બર, તમિલમાં વેલ્લારિકા, બંગાળીમાં સાશા કે સૌશા, મરાઠીમાં સીતલચિન્ની કહે છે. કાકડીનું સેવન શરીરને ઠંડક પહોંચાડે છે. કેમ કે તેમાં ૯૫ ટકા પાણીનું પ્રમાણ હોય છે.



**શરીરને નિર્જલીકરણની સમસ્યાથી બચાવે છેઃ** ગરમીના દિવસોમાં પરસેવો વધુ થાય છે. જેને કારણે શરીરમાં પાણીનો ઘટાડો થાય છે. લાંબા સમય સુધી પાણી પીવામાં ના આવે તો વ્યક્તિ બેચેની અનુભવવા લાગે છે. ક્યારેક ચક્કર ખાઈને પડી જાય છે. આમ થવાનું કારણ શરીરમાં ડિહાઈડ્રેશનની તકલીફ જોવા મળે છે. કાકડીનું સેવન પ્રમાણભાન રાખીને દિવસે કરવાથી યોગ્ય માત્રામાં શરીરમાં પ્રવાહી જળવાઈ રહે છે. શરીરમાં રહેલા વિષાણુ બહાર નીકળી જાય છે. જેથી ત્વચા સ્વસ્થ બને છે.

**વજન ઘટાડવામાં મદદરૂપઃ** કાકડીનું સેવન કરવાથી વજન ઘટાડવામાં મદદ મળે છે. કાકડીમાં ફાઈબરની માત્રા વધુ હોય છે. તેથી તેનું સેવન કરવાથી કે તેનો રસ પીવાથી લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. વળી કાકડીમાં કૅલરીની માત્રા ઓછી હોય છે. તેથી તેનું સેવન સલાડમાં કરવાથી વજન વધતું નથી.

**બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં ગુણકારીઃ** કાકડીનું સેવન હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા હોય તેમને માટે ગુણકારી ગણાય છે. કેમ કે ખીરામાં પોટેશિયમ હોય છે જે બ્લડપ્રેશરને કાબૂમાં રાખે છે. વળી શરીરમાં કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગી ગણાય છે. કારણકે કાકડીમાં સ્ટેરૉલ નામક તત્ત્વ છે. જે કૉલેસ્ટ્રોલની યોગ્ય માત્રા જાળવી રાખવામાં મદદ કરે છે. જેથી હૃદય સંબંધિત રોગના ખતરાથી બચી શકાય છે.

**કિડનીને રાખે સ્વસ્થઃ** કાકડીમાં પાણીની માત્રા વધુ હોય છે જે સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. પોટેશિયમની સાથે મળીને યૂરિક ઍસિડ તથા અન્ય ઝેરીલા પદાર્થને શરીરમાંથી બહાર કાઢવામાં મદદ કરે છે. જેને કારણે કિડની સ્વસ્થ રહે છે. પથરી જેવી સમસ્યાથી બચાવે છે.

**ચમકદાર ત્વચા માટે ગુણકારીઃ** કાકડી સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. સાથે સાથે ત્વચા તેમ જ વાળ માટે અત્યંત લાભકારક ગણાય છે. કાકડી કે ખીરાનું સેવન નિયમિત કરવાથી ખરતાં વાળ અટકે છે. વાળ લાંબા ભરાવદાર થવા લાગે છે. વળી કાકડીનું સેવન કરવાથી ત્વચા ચમકદાર બને છે. આંખો ઉપર કાકડીને મૂકવાથી લાંબા સમયથી આંખમાં થતાં કળતરમાં રાહત મળે છે. આંખની આસપાસ કાળા ડાઘને દૂર કરવામાં મદદ કરે છે. બ્યુટીપાર્લરમાં તો કાકડીનો ઉપયોગ કરીને ખાસ પ્રકારનું ફેસિયલ પણ કરવામાં આવે છે. તેથી જ કાકડી ત્વચા તથા વાળ માટે અમૃત સમાન ગણાય છે.

**ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં ગુણકારીઃ** કાકડીમાં સમાયેલાં મિનરલ્સ તથા પોષક તત્ત્વો શરીરમાં ઈન્સ્યુલિનની માત્રાને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. કાકડીના સેવન બાદ શરીરમાં ઈન્સ્યુલિનના ઉત્પાદનમાં વધારો થાય છે. ભોજનમાં રહેલાં ગ્લુકોઝની માત્રાને તોડવામાં મદદ મળે છે. તેથી જ ડાયાબિટીસના દર્દીઓ કાકડીનું સેવન કરે તો બ્લડ શુગર લેવલને નિયંત્રણમાં રાખવામાં સહાય મળે છે.

**હાડકાં મજબૂત બનેઃ** કાકડીનું સેવન કરવાથી હાડકાં મજબૂત બને છે. તેનું મુખ્ય કારણ કાકડીમાં વિટામિન કેની માત્રા ભરપૂર છે. જે હાડકાંનું ઘનત્વ વધારવામાં મદદ કરે છે. જેથી હાડકાં બરડ બનતાં નથી.

કાકડીમાંથી વિવિધ વાનગીઓ તથા રસ બનાવી શકાય છે. કાકડીને ઠંડી કરી વચ્ચેથી કાપીને અંદર સંચળ-લાલ મરચું-જીરાનો પાઉડર ભભરાવીને ખાવાની અલગ મજા છે. મહારાષ્ટ્રમાં કાકડીનું થાલીપીઠ લોકપ્રિય છે. કાકડીનું રાયતું ગુજરાતમાં ઘેર-ઘેર બનતું હોય છે. સૅન્ડવીચમાં કાકડીનો ઉપયોગ અચૂક કરવામાં આવે છે. આજે આપણે કાકડીનો ઉપયોગ કરીને એક ઠંડું પીણું બનાવીશું. જે ગરમીમાં ટાઢક આપશે.

**કાકડી વિશે અવનવુંઃ** કાકડીની ખેતી પ્રાચીન ભારતમાં લગભગ ૪૦૦ વર્ષ પહેલાં કરવામાં આવતી હતી. ધીમે ધીમે તે ભારતની બહાર પ્રાચીન ગ્રીસ, રોમ યુરોપ, અમેરિકા, ચીન બાદ ધીમેધીમે સંપૂર્ણ વિશ્વમાં પહોંચી ગઈ છે.

- હાલમાં દુનિયાની ચોથા ક્રમાંકે સૌથી વધુ ખેતી થતાં શાકમાં સ્થાન ધરાવે છે. કાકડી ગરમીમાં ઊગતું શાક ગણાય છે. ૧૮-૨૪ ડિગ્રી તાપમાન ઉપર સૌથી વધુ પાક મેળવી શકાય છે. કાકડીને અંગ્રેજીમાં કુકુમિસ સૈંટાઈવસ તરીકે ઓળખવામાં આવે છે.
- તેનો આકાર લાંબો વેલણ જેવો તથા ગોળ જોવા મળે છે.
- કાકડીનું સેવન કરવાથી ભોજનમાં રુચિ વધે છે.
- કાકડીમાં ૯૫ ટકા પાણી સમાયેલું હોય છે.
- પિત્તને શાંત કરીને શરીરને ઠંડક પહોંચાડે છે.
- કાકડીનું સેવન મૂળા સાથે કરવું ના જોઈએ. ખાટાં ફળ સાથે કાકડીનું સેવન ન કરવું. રાત્રિના સમયે કાકડીનું સેવન કરવાનું ટાળવું જોઈએ.
- કાકડીનું સેવન કરવાથી મોંની દુર્ગંધ દૂર થાય છે. ■



### કાકડીનું ઠંડું પીણું

સામગ્રી : ૨ નંગ છાલ કાઢેલી કાકડી, ૨ નાની ચમચી લીંબૂનો રસ, ૧૦-૧૨ નંગ ફૂદીનાનાં પાન, ૧ ચમચી સંચળ પાઉડર, ૧૦ નંગ બરફના ટુકડા.

**બનાવવાની રીતઃ** કાકડીની છાલ કાઢી લેવી. કાકડી કડવી છે કે નહીં તે ચકાસી લેવું. હવે મિક્સર જારમાં કાકડીના ટુકડા, ફૂદીનાનાં પાન, લીંબુનો રસ, સ્વાદાનુસાર સંચળ પાઉડર, ૧૦ નંગ બરફના ટુકડાને ક્રશ કરીને લેવા. બધું જ બરાબર મિક્સરમાં ગ્રાઈન્ડ કરી લેવું. હવે એક ગ્લાસમાં ઠંડો-ઠંડો કાકડીનો જ્યૂસ પીરસવો.


feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# શીતલા અષ્ટમી - આરોગ્ય તહેવાર

ભારતમાં મંદિરો અને તહેવારોનું મહત્ત્વ અધિક થી અધિક છે. તહેવારો સાથે આસ્થા જોડાયેલી છે. ધાર્મિક આસ્થા સાથે આરોગ્યનો ખૂબજ ઊંડાણપૂર્વકનો ઉદ્દેશ છે. બધાજ તહેવારો ઉજવવા પાછળ શારીરિક અને માનસિક આરોગ્યનો સંબંધ છે. તહેવારો ઉજવવાથી માનસિક ઉત્સાહ એક ચરમ પર રહે છે. જીવન જીવવાનો ઉત્સાહ જળવાઈ રહે છે. સામાજિક ઉન્નતિ અકબંધ રહે છે. તહેવારો ઉજવવાથી આર્થિક પ્રગતિ થાય છે, આર્થિક ઉપાર્જનના કારણે સમાજ, દેશ સમૃદ્ધ બને છે. ભારતીય તહેવારો એટલે શારીરિક માનસિક અને આર્થિક આરોગ્યની દૃષ્ટિએ મહત્ત્વના છે તેમજ એકબીજા સાથે સંબંધ મજબૂત બને છે. આધુનિક સમયમાં યુવાપેઢી તહેવારોને ઉજવવા પ્રત્યે ઉદાસીનતા દાખવે છે તેથી જ ડિપ્રેશન જલદી આવી જાય છે. યુવાપેઢી જો જાણી લે કે તહેવારો ઉજવવા પાછળનો ઉદ્દેશ એ પોતાની આર્થિક માનસિક અને શારીરિક પ્રગતિ છે તો કોઈ શંકાને સ્થાન નહીં રહે. તહેવારો એ ભારતીય સંસ્કૃતિની ઉચ્ચત્તમ વ્યવસ્થા છે.

ભારતીય તહેવારમાં એક મહત્ત્વપૂર્ણ તહેવાર તે શીતલા અષ્ટમી છે. આને બસોડા કે બાસોદા પણ કહેવાય છે. શીતલાદેવી એ સ્વચ્છતા, આરોગ્ય અને સુખ-સમૃદ્ધિની દેવી તરીકે પૂજાય છે. જે આપણને સ્વચ્છતા અને આરોગ્ય વિશે સજાગ કરે છે. ભારતનાં ગામડાઓમાં ગામની શરૂઆતમાં જ એટલે કે પાદરમાં જ શીતલાદેવીનું મંદિર હોય છે. બાળકો પણ ગામના પાદરમાં જ રમે છે. બાળકોને શીતળા એટલે કે ચિકન-પોક્સનો ઈલાજ એટલે શીતળાદેવી. આગલા દિવસે બનાવેલું ભોજન એટલે ઠંડું કે વાસી ભોજન જમવું. જેનાથી ચિકનપોક્સની બીમારીથી સાજા થવાય. આપણા વડવાઓએ એવી વ્યવસ્થા બનાવી જેને કારણે ચિકનપોક્સ એ દુઃખદાયી ન લાગે અને ઉત્સવ જેવું લાગે. વડવાઓ શીતળા કે ચિકનપોક્સનો ઈલાજ જાણતાં હતાં. જે આજના આધુનિક ડૉક્ટરોને પણ માત આપે છે. આની રસી પણ શોધાઈ પણ તે વધુ સફળ ન થઈ. બાળકોની ઈમ્યુનિટી વધારવા માટે ખૂબજ સરળ ઈલાજ છે. શીતળાને રોગ ન ગણતાં તે પ્રાકૃતિક છે અને તેનો ઈલાજ પણ સરળ છે.





શીતળા એટલે શરીર પર અલગ અલગ દાણા નીકળે કે ફોડલીઓ નીકળે જેને કારણે શરીરમાં બળતરા થાય અને તાવ આવે. જે પસથી ભરેલા હોય છે. આ પ્રાકૃતિક રીતે લગભગ દરેક બાળકોને થાય છે. જેને પિત્તજ્વર દાહજ્વર, ચામડીનો રોગ આંખના રોગ વગેરે થાય છે. આ લગભગ ત્રણથી ચાર દિવસ રહે છે. બળતરા થતી હોવાને કારણે ભોજન ઠંડું લેવું જોઈએ. જેને કારણે બળતરા શમી જાય છે.

આ તહેવાર ઉત્તર ભારત, રાજસ્થાન, હરિયાણા, મધ્ય પ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રના અમુક ભાગમાં મોટે પાયે ઉજવાય છે. આ વર્ષે માર્ચની એકવીસ કે બાવીસ તારીખના આવે છે તિથિ ચૈત્ર કૃષ્ણ પક્ષની અષ્ટમીના દિવસે આ તહેવાર આવે છે. શીતળા અષ્ટમીના દિવસે આરોગ્ય દિવસ મનાવવો જોઈએ. ઉત્તર ભારતમાં આ તહેવારનું અધિક મહત્ત્વ છે. તેઓ બાસોડા નામથી આ તહેવાર ઉજવે છે. શીતળા કે ચિકનપોક્સ કે ચેચક બીમારી બાળકોને થાય અને થઈ હોય તો શીતળા અષ્ટમીના દિવસે ઠંડું કે વાસી ભોજન કરી તેનો ઉપચાર કરવો તે છે. શીતળા એ વાઈરસનો રોગ છે. વાઈરસ ન ફેલાય તેની માટે સ્વચ્છતા જરૂરી છે. માટે શીતલાદેવીને સ્વચ્છતાની દેવી પણ કહે છે.

શીતળા અષ્ટમી એ આરોગ્યનો દિવસ છે. આ દિવસે ખાવામાં આવતી વાનગીઓની યાદી ઘણી મોટી છે. આજની યુવા પેઢીને આ બનાવી જાણતી નથી તેથી આનું મહત્ત્વ પણ જાણતી નથી. આ દિવસે બનતી વાનગીઓમાં મીઠો બાજરાનો રોટલો, મીઠી ઘઉંની રોટલી, મીઠા ભાત, હલવો, નમક વગરની પૂરી, છાસ નાખીને ભાતની રાબ, દહીં નાખીને રાયતા, દહીં પૌઆ, ચણાની દાળ, શેરડીનો રસ નાખીને બનતા મીઠા ભાત, બાજરાને જાડું પીસી તેમાં છાસ નાખીને બનતી ઘાટ (એક પ્રકારની રાબ) કાંજીવડા, ગાજરની કાંજી, બીટની કાંજી તેમજ લોટમાં છાસ નાખીને બનતી કાંજી, દહીંવડા, રાબોરી (છાસ નાખીને બનતું પાપડનું શાક) મીઠા પકવાન, માલપુઆ, ખીર, છાસ બનાવેલું કેર-સાંગરીનું શાક, ગુલગુલે, મીઠા ચિલા, બાજરાની ખીચડી, કઢી પકોડા જેવી વાનગીઓ બને છે. રાજ્યોની ખાવાની રુચિ પ્રમાણે વાનગીઓ બને છે.

શીતળા અષ્ટમી તહેવાર શરીરમાં થતી વિટામિન બી-૧૨ની કમીને પૂરી કરે છે. આ તહેવારમાં બનતા ભોજન એ આરોગ્યની દૃષ્ટિએ ઉચ્ચ પ્રકારના છે. સ્વચ્છતા અને ઉમંગથી આ ભોજન બનાવાય છે જેને કારણે શરીરમાં ખુશીના હાર્મોનમાં વૃદ્ધિ થાય છે. કાંઈ નવું કર્યાનો આનંદ થાય છે. પૂજા પાઠથી મનની શુદ્ધિ થાય છે. બાળકોથી લઈ વૃદ્ધો સુધી માટે આ ખોરાક મહત્ત્વનો છે. વિટામિન બી-૧૨ માટે આજે મોટા બરાડા પડાય છે કે શાકાહારીના ભોજનમાં આ વિટામિનની કમી છે. જેથી લોકો દવાઓ અને ઈન્જેક્શન પર નિર્ભર રહે છે. જેની ઘણી સાઈડ ઈફેક્ટ છે. આ તહેવારે બનતા ભોજન જે આરોગ્ય માટે શ્રેષ્ઠ છે. વિટામિન બી-૧૨ની કમી હોય તો મહિનામાં બેથી ત્રણવાર આ બનાવી (આગલા દિવસે બનાવવો)ને આ વિટામિન કમી દૂર કરી શકાય છે. જેથી અન્ય બીમારી જેવી કે અલ્ઝાઈમર, અલ્સર, છાલા કે રેસીસ થતા હોય તો દૂર કરી શકાય. અન્ય વસ્તુઓ જેવી કે ઢોકળા, હાંડવો, થેપલા, ઈદડા, મેંદુવડા, ઈડલી પણ ઠંડાં કરીને લેવાથી વિટામિનની કમી દૂર કરી શકાય છે. ઘણીવાર વિટામિન એ શરીરમાં અધિક વધી જવાથી પણ વિટામિન બી-૧૨ ઓછું થાય છે કે મોઢામાં છાલા પડે ત્યારે આ ભોજન લેવું જોઈએ.

ભારતીય સંસ્કૃતિનો આ અમૂલ્ય વારસો જે જાળવે છે કે મનાવે છે તે મોટા ધન્યવાદને પાત્ર છે. જેને આરોગ્યની કે બાળકોના આરોગ્યની ચિંતા છે તેઓ આવા ઉત્સવ જરૂર મનાવે છે. જીવન જીવવાનો ઉત્સાહ વધી જશે. આસ્થા અને આરોગ્ય જળવાઈ રહેશે. ઉત્સવમાં સારા કપડાં પહેરવા કે ફોટા પડાવવા કે રીલ બનાવવા નહિ. આપણા શારીરિક, માનસિક અને આર્થિક વિકાસ માટે જરૂરી છે. સહજ રીતે આરોગ્ય જાળવી શકાય છે.

ચિકનપોક્સને કાબૂમાં કરવા ગાયના છાણના ઉપલા બનાવી તેનો ધૂપ કરો. ઉત્તર ભારતમાં છાણાની માળા બનાવે તેને બડકુલા કહે છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# જીવ-જંતુઓ તથા પ્રાણીઓના ડંખ વખતે પ્રાથમિક સારવાર

### મધમાખીનો ડંખ

- મધમાખી પાછળ પડી હોય ત્યારે તેનાથી બચવા પવનથી વિરુદ્ધ દિશામાં દોડવું કેમ કે, મધમાખીની સામાન્ય સ્પીડ કલાકે ૨૪થી ૩૨ કિલોમીટર હોય છે, પરંતુ જ્યારે તેને પવનથી વિરુદ્ધ દિશામાં ઊડવાનું થાય ત્યારે તેની સ્પીડ તેનાથી અડધી થઈ જાય છે. વાંકા-ચૂકા નહિ, પરંતુ સીધા દોડવું. કેમ કે, વાંકા-ચૂકા દોડવાથી આપણી સ્પીડ ઘટી જાય છે, પરંતુ મધમાખીની સ્પીડ ઘટતી નથી.
- મકાનની અંદર જવાનું શક્ય હોય તો તળાવ કે નદી જેવાં કોઈ જળાશયોમાં ન પડવું.
- વધારે રંગીન કપડાં, ઘરેણાં અને અત્તરની સુગંધ મધમાખીને આપણા તરફ વધારે આકર્ષે છે માટે તેવા સમયે સાવધાની રાખવી.
- શક્ય હોય ત્યાં સુધી મોઢાને ઢાંકીને રાખવું.
- મધમાખી કરડી હોય તેના એલર્જી-રિએક્શનનાં લક્ષણઃ
- શ્વાસ લેવામાં તકલીફ પડવી.
- ડંખની જગ્યાની ચામડી લાલ થઈ જવી અને સોજો ચડવો.
- મોઢા અને ગળા ઉપર સોજો આવવો.
- આખું શરીર સોજી જવું અને ખંજવાળ આવી શકે.
- બ્લડપ્રેશર ઘટી જવું.



### સાવધાની

મધમાખીના ડંખથી જો આવાં રિએક્શનનાં લક્ષણો જણાતાં હોય તો તરત જ ચિકિત્સક પાસે જઈ યોગ્ય સારવાર લેવી.

- મધમાખીને ક્યારેય જાણી જોઈને છંછેડવી નહીં.
- જ્યાં મધમાખી કરડી હોય ત્યાં હાથથી ચોળવું. ખંજવાળવું કે ઘસવું નહીં.

### મધમાખી કરડી હોય તેના ઉપચારો

૧) મધમાખીનો કાંટો શક્ય હોય તેટલો જલદી કાઢી નાખવો. જેટલો જલદી કાંટો કાઢવામાં આવે તેટલું તેનું ઝેર શરીરમાં ઓછું પ્રસરશે.

૨) મધમાખી કરડી હોય તે જગ્યાએ તરત જ તુલસીના પાનને મસળીને તેનો રસ લગાડવો અને ૧૦-૧૫ તુલસીનાં પાન ચાવી જવાં.

૩) ખાવાનો સોડા જરાક પાણીમાં ઓગાળીને ડંખ પર વારંવાર લગાવવો.

૪) મધમાખી કરડી હોય ત્યારે અહીં દર્શાવેલી કોઈ પણ વસ્તુ ડંખ પર લગાડી શકાય.

મીઠું, મીઠા લીમડાનો રસ, કપડાની અંદર બરફના ટુકડાઓ, કુંવારપાઠું, ટૂથપેસ્ટ, મધ, બટેકાના ટુકડા, પપૈયાની ચીર વગેરે ૧૫-૨૦ મિનિટ હળવા હાથે ઘસવા-લગાવવા.

૫) ચીકણી માટી થોડાં પાણી સાથે ભેગી કરી ડંખ પર લગાવવી.

### કૂતરું કરડે ત્યારે

**પ્રાથમિક સારવારઃ**

૧) સહુ પ્રથમ જ્યાં કૂતરું કરડ્યું હોય ત્યાં સાબુ અને પાણીથી વ્યવસ્થિત સાફ કરી, પાટાથી વીંટાળી દેવું.

૨) જો વધારે લોહી નીકળતું હોય તો તે ભાગને પાટાથી દબાવી રાખવો.

૩) હૉસ્પિટલમાં ચિકિત્સક પાસે જઈ યોગ્ય સારવાર લેવી.

**સાવધાનીઃ**

- કૂતરાઓ જ્યારે ખાતા, ઝગડતા, સૂતા કે મૈથુન કરતા હોય ત્યારે કાંઈ પદાર્થ મારીને વિક્ષેપ ન કરવો; તેમ કરવાથી તેઓ ગુસ્સે થઈ આપણા પર હુમલો કરીને કરડી શકે છે.
- કૂતરાની નજીક દોડવું નહિ, કૂતરાની આંખોમાં સીધું જોવું નહિ, જો કૂતરું તમારી નજીક આવે તો ત્યાં જ સ્થિર થઈ જાવું. મોટા ભાગના કૂતરાઓ તમને સૂંઘીને જતા રહેશે.

### સર્પનો ડંખ

**પ્રાથમિક સારવારઃ**

૧) દર્દીએ અથવા સાથેની વ્યક્તિએ સર્પના ડંખના ઘાનું અવશ્ય નિરીક્ષણ કરી લેવું. જેથી સર્પડંખની ગંભીરતાનો ખ્યાલ આવી શકે. જેની વિગત નીચે આપેલ છે.

૨) જખમી વ્યક્તિને જમીન પર સીધો સુવડાવી દેવો. તેને હલન-ચલન કરવાનું બંધ કરાવી દેવું.

૩ ) શરીર પર પહેરેલાં ફીટ કપડાં તથા ઈજાના ભાગવાળા અંગનાં ઘરેણાં વગેરે કાઢી નાખવાં.

૪) સર્પ કરડ્યો હોય ત્યારે જખમીને અહીં દર્શાવેલ રીત મુજબ તરત જ પાટો બાંધવો.

**સર્પ કરડ્યો હોય ત્યારે પાટો બાંધવાની રીત**

૧. જે અંગમાં સાપ કરડ્યો હોય તે અંગમાં નીચેથી પાટો બાંધવાનું શરૂ કરવું.
૨. પાટો ખૂબ દબાણથી બાંધવો.
૩. પાટો શક્ય હોય તેટલો ઊંચે સુધી બાંધવો.
૪. ઈજાગ્રસ્ત પગમાં ખપાટ મૂકવી.
૫. પાટો બાંધ્યા બાદ તુરત જ ચિકિત્સક પાસે જઈ યોગ્ય સારવાર લેવી.

સર્પ કરડ્યો હોય ત્યારે પાટો બાંધવાની રીત




**સર્પ કરડ્યો હોય ત્યારે શું ન કરવું?**

- જ્યારે સર્પ કરડ્યો હોય ત્યારે જખમીએ કોઈ પ્રકારના ભયમાં કે ટેન્શનમાં આવી જવું નહિ, કારણ કે ઘણા લોકોને ઝેરી સાપ કરડ્યો ન હોય છતાં પણ ઝેરના ડરથી જ મૃત્યુ પામે છે..
- જ્યાં સર્પ કરડ્યો હોય તે ભાગને કાપવો નહિ કે બરફથી ઘસવો નહીં.
- મોઢેથી સર્પનું ઝેર ચૂસીને કાઢવાનો પ્રયત્ન કરવો નહીં.
- જખમીને તે સમયે કાંઈ ખાવા-પીવાનું આપવું નહીં.
- કોઈ પણ પ્રકારની ટ્યૂબ કે લોશન લગાવવું નહીં.

### સર્પદંશના ઉપચારો

૧) ૨૫૦ ગ્રામ શુદ્ધ ઘીને ગરમ પ્રવાહીરૂપ કરી દર્દીને વારંવાર પિવડાવવું. જેથી ઝાડા-ઊલટી થઈ ઝેર નીકળી જશે.

૨) દર્દીને વારંવાર ઊલટી કરાવવી. જો કડવા લીમડાનાં પાન દર્દીને મીઠાં લાગે તો તેને ઝેરની અસર છે તેમ સમજવું. પાન કડવાં ન લાગે ત્યાં સુધી વારંવાર ચવરાવ્યાં કરવાં.

૩) કરડેલા ભાગમાં તુલસીના પાનનો રસ વારંવાર લગાડવો.

૪) કરડેલા ભાગમાં ત્યાં સુધી આંકડાનું દૂધ ભરતા રહો, જ્યાં સુધી તે ભાગ દૂધ ચૂસવાનું બંધ ન કરે.

૫) કુતરિયા નામના ઘાસને મૂળ સહિત વાટીને તેનો રસ કાઢી ડંખ ઉપર તથા આસપાસ લગાડવો. આંખ તેમ જ નાકમાં પણ તે રસનાં ટીપાં નાખવાં અને તેના રસમાં સાકર નાખી ચમચી-ચમચી રસ દર બે કલાકે પિવડાવવો.

૬) કેળના થડનો રસ ૧ કપ જેટલો વારંવાર પિવડાવવો.

૭) વટાણાના મૂળ વાટીને પાવા અને ડંખ ઉપર તેનો લેપ કરવો.

**ખાસ નોંધઃ**

શક્ય હોય ત્યાં સુધી દર્દીને તુરંત જ હૉસ્પિટલ લઈ જવો.
અહીંયા દર્શાવેલ ઉપચારો કોઈ વિકલ્પ ન હોય ત્યારે કરવા. ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# સ્વાસ્થ્યની જાળવણી માટે યોગનો પણ વ્યાપક ઉપયોગ થાય છે



યોગવિદ્યા ભારતની એક મૂલ્યવાન વિદ્યા છે. યોગવિદ્યા ઘણી પ્રાચીન વિદ્યા છે. વેદની સંહિતાઓ અને બ્રાહ્મણ ગ્રંથોમાં પણ યોગવિદ્યાનાં ઘણાં મૂલ્યવાન તત્ત્વોના ઉલ્લેખો જોવા મળે છે. હજુ ગઈ કાલ સુધી માત્ર સાધુસંન્યાસીઓ યોગનો અભ્યાસ કરતા હતા અને તેમણે જ યોગવિદ્યાની પરંપરા જાળવી રાખી છે. પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ છે. સાધુસંન્યાસીઓના આશ્રમોમાં જ ગોપિત અને સીમિત રહેલી આ મહાન વિદ્યા હવે ચોરે ને ચૌટે પહોંચી ગઈ છે. માત્ર ભારતના જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વના જનસમાજમાં યોગ વિશે ઘણા વ્યાપક પ્રમાણમાં રસ ઉત્પન્ન થયો છે. બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ સહિત સૌ યોગ વિશે કાંઈક જાણવા માટે અને યોગાભ્યાસ કરવા માટે તત્પર થયાં છે. વિશાળ મેદાનોમાં હજારો સ્ત્રી-પુરુષો એકી સાથે યોગાભ્યાસ કરતા જોવાં મળે છે. ટી.વી., સમાચારપત્રો આદિ માધ્યમો દ્વારા યોગનો પ્રચાર અને પ્રસાર વ્યાપક પ્રમાણમાં થઈ રહ્યો છે અને વધી રહ્યો છે. ભિન્ન ભિન્ન હેતુઓની પૂર્તિ માટે લોકોએ યોગ તરફ જાણે દોટ જ મૂકી છે.

યોગનો જેટલા વ્યાપક પ્રમાણમાં પ્રસાર થઈ રહ્યો છે, તેટલા જ વ્યાપક પ્રમાણમાં યોગવિષયક ગેરસમજોનો પણ પ્રસાર થઈ રહ્યો છે. કોઈ પણ વિદ્યાનો અતિશય પ્રસાર થાય ત્યારે તેનું મૂળ સ્વરૂપ દબાઈ જાય અને તેનું ભ્રામક સ્વરૂપ કે નકલી સ્વરૂપ ઉપર આવી જાય તેવું જોખમ હોય જ છે. યોગ પર પણ આવું જોખમ ઊભું થયું જ છે.

કોઈ પણ મૂલ્યવાન વિદ્યા ગોપિત રહેવાને બદલે સર્વજનસુલભ બને, તેમાં કશું ખોટું નથી. તે આવકાર્ય જ છે, પરંતુ તેમ બનવાથી તે વિદ્યા પોતાનું પોત ગુમાવી ન બેસે તેવી કાળજી અને સાવધાની રાખવી જ જોઈએ. યોગ અધ્યાત્મવિદ્યા મટીને ચિકિત્સાપદ્ધતિ બની જાય તેવું જોખમ ઊભું થયું છે. જો યોગ પોતાના મૂળ સ્વરૂપને ગુમાવી બેસશે તો યોગ મટી જશે; યોગ કાંઈક બીજું જ બની જશે.

હવે આપણે એવા સ્થાને અને એવા સમયે ઊભા છીએ કે આ સ્થાને અને આ સમયે યોગના યથાર્થ સ્વરૂપની સમજનો પણ વ્યાપક પ્રમાણમાં પ્રસાર થવો જોઈએ. યોગ શું છે અને શું નથી, તે વિશેની પ્રમાણભૂત માહિતી આપણે લોકો સુધી પહોંચાડવી જોઈએ.

યોગના યથાર્થ સ્વરૂપનું નિર્દેશન અને યોગવિષયક યથાર્થ સમજનો પ્રસાર - આ યુગની માગ છે.

**૨. ગેરસમજનું નિરસનઃ**

યોગવિષયક યથાર્થ સમજની પ્રાપ્તિ થાય તે માટે પહેલાં આપણે યોગવિષયક ગેરસમજમાંથી મુક્ત થવું જોઈએ. યોગ શું છે, તે સમજતાં પહેલાં યોગ શું નથી, તે સમજી લેવું જોઈએ.

**(૧) યોગ ચિકિત્સા પદ્ધતિ નથીઃ**

યોગનો પ્રાદુર્ભાવ અને વિકાસ આધ્યાત્મિક વિકાસ માટે થયો છે.

કેટલાક રોગોના નિવારણ માટે યોગની કેટલીક ક્રિયાઓ ઉપયોગી બની શકે તેમ છે, તે સાચું છે, પરંતુ આયુર્વેદ, એલોપથી કે પ્રાકૃતિક ચિકિત્સાપદ્ધતિની જેમ યોગ મૂલતઃ અને સ્વરૂપતઃ ચિકિત્સા પદ્ધતિ નથી. યોગ અધ્યાત્મવિદ્યા છે. બધા જ રોગોની ચિકિત્સા યૌગિક ક્રિયાઓ દ્વારા થઈ શકે તેવો દાવો કરવો કે તેવી અપેક્ષા રાખવી તે યોગના મૂળ સ્વરૂપને ન સમજવા બરાબર છે.

કેટલાક યૌગિક ગ્રંથોમાં રોગનિવારણ માટે યૌગિક ક્રિયાઓ પ્રયોજવાના ઉલ્લેખો મળી આવે છે, પરંતુ આ વિનિયોગ જુદા જ હેતુથી અને જુદા જ દૃષ્ટિબિંદુથી કરવામાં આવ્યો છે તેમ લાગે છે. યોગાભ્યાસીને યોગાભ્યાસ દરમિયાન કોઈ બીમારી આવી પડે તો તેના નિવારણ માટે યૌગિક ક્રિયાઓ પ્રયોજવા માટેના આ ઉલ્લેખો છે. આ ઉપરાંત પ્રાણાયામ કે ધ્યાન આદિ અંતરંગ યોગ જેવા આગળના અભ્યાસમાં જવા માટે સાધકના શરીરમાં ધાતુવૈષમ્ય ન હોય તે આવશ્યક છે. આ પ્રકારનું વૈષમ્ય હોય તો તેને દૂર કરવા માટે યૌગિક ક્રિયાઓનો વિનિયોગ કરવાનો વિચાર થયો છે.

જનસમાજને દૃષ્ટિ સમક્ષ રાખીને એક સર્વાંગીણ ચિકિત્સા પદ્ધતિ તરીકે યોગનો ઉપયોગ કરવાના ઉલ્લેખો યોગવિદ્યાના શાસ્ત્રીય ગ્રંથોમાં ક્યાંય જોવા મળતા નથી.

ધાતુવૈષમ્યના દૂરીકરણ માટે કે રોગનિવારણ માટે ક્યારેક યૌગિક ક્રિયાઓનો વિનિયોગ થાય છે; તે સાચું છે, પરંતુ ત્યારે તેમના સ્વરૂપમાં આવશ્યક પરિવર્તન કરવું પડે છે અને આવું પરિવર્તન તજજ્ઞો જ કરી શકે, તે ખ્યાલમાં રાખવું જોઈએ.

**(૨) યોગ શારીરિક શિક્ષણ પદ્ધતિ નથીઃ**

યોગનો ઉપયોગ શારીરિક શિક્ષણ પદ્ધતિ (A system of physical education) તરીકે થવા માંડ્યો છે. શારીરિક શિક્ષણનાં પાઠ્ય-પુસ્તકોમાં યોગવિષયક પ્રકરણોનો સમાવેશ થવા માંડ્યો છે. ઘણા લોકો યોગને શારીરિક શિક્ષણની એક સારી પદ્ધતિ તરીકે સ્વીકારવા અને ગણવા લાગ્યા છે.

શારીરિક સ્વાસ્થ્યની જાળવણી માટે અને પ્રાપ્તિ માટે યોગનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે. લોકો વ્યાપક પ્રમાણમાં એમ માની રહ્યા છે કે શારીરિક સ્વાસ્થ્યની જાળવણી માટે યોગ ઉત્તમ પદ્ધતિ છે. (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# શેર માટીની ખોટ શેરબજારની મૂડીથી ન પુરાય!

આ લેખ માટે કોરો કાગળ ને કોરું મગજ લઈ હું મારા ટાલના મધ્ય ભાગમાં હાથ ફેરવી સુષુપ્ત મગજને સક્રિય કરવા નિષ્ફળ પ્રયત્ન કરી રહ્યો હતો ત્યાં મારી ચંપાકલીએ મને પુછ્યું :

'કેમ આમ લમણે હાથ દઈ બેઠા છો? કોઈ ઉકલી ગયું?'

'કોઈ નઇ બકા, હું જ ઉકલી જઈશ, સાલી મંદીની કોઈ હદ હોય કે નઇ? જોને, મોબાઇલને ફ્લાઇટ મોડ પર મૂકું ત્યાં થોડીવારમાં તો ઓટોમેટિક ઘોડાગાડી મોડ પર આવી જાય છે !'

એ જ વખતે મારા કાને ગીત અથડાયું 'કોઈ લોટાદે મેરે બીતે હુએ દિન' ને મારો અંતરાત્મા પોકારી ઉઠ્યો :

'વાહ, વ્હાલી સાંભળ. આફરીન! શું કંઠ છે? અદ્દલ કિશોરકુમાર જેવું જ આ કોણ ગાય છે?

'અરે દાલ ભાત હૈ, એ કિશોરકુમાર જ છે જો તારા મોબાઈલનો રીંગટોન વાગે છે, ઉપાડ... વાત કર'

'ઓહ સોરી, 'હલોઓઓઓ...,'

'અરે હું ક્યારનો હલી ગયો છું તમે સુભાષ ઠાકર બોલો છો?'

'ના એનું ભૂત છું' મેં કીધું

'ભૂત નઇ સર, તમે અદભુત છો, ખબર પડી ગઈ તમે સુભાષ ઠાકર જ છો. સર, ચંબુ બોલું છું યાદ કરો ,'રામ ભરોસે' હોટલમાં વેઇટર હતો ને તમે મને વેઇટરની આખી વ્યાખ્યા સમજાવેલી'

મેં દસ સેકન્ડ ટાલ ખંજવાળી :

'અરે હા, યાર યાદ આવ્યું મે કીધેલું 'બકા હોટલમાં ગિરદી હોય તો અમારે બહાર વેઇટ થવું પડે,પછી મેનૂ માટે વેઇટ થવું પડે, પછી ઓર્ડર લેવા આવે એ માટે વેઇટ થવું પડે, ઓર્ડર પછી ખાવાની ડિશ માટે વેઇટ થવું પડે, ખાધા પછી બિલ માટે વેઇટ થવું પડે, બિલ ચુકવ્યા પછી છૂટા પાછા આવે એ માટે વેઇટ થવું પડે. આટલી બધી વાર અમે વેઇટ કરીએ તો વેઇટર અમે કે તું?!' હું જરાય વેઈટ થયા વગર સડસડાટ બોલી ગયો.

'સર, તમે તો હનુમાનચાલીસાની જેમ કડકડાટ બોલી ગયા તમારી વાતમાં વેઇટ (વજન) હતું પણ રૂપિયા ૧૫૦૦નું પેટમાં પધરાવ્યું ને હું ટીપ માટે વેઇટ થયો તો તમે મને માત્ર ૧ રૂપિયો ટીપ આપી એ મારી સર્વિસનું ઘોર અપમાન હતું. મેં કીધું 'આ નઇ સર મને શેરબજારની કોઈ મસ્ત ટીપ આપો...'


'તો આપેલી ને એ જ ટીપથી તો તું પ્રતાપ ચાલમાંથી પ્રતાપ પેલેસ સુધી પહોંચ્યો' મેં કીધું

'સર, પછી તે જ ટીપે મારી વાટ લગાડી. શેર બજાર બકરી બજાર બની ગયું ને એ ટીપના કારણે જ પ્રતાપ પેલેસમાંથી પાછો પ્રતાપ ચાલમાં આવી ગયો ને ઉધારી ચૂકવવા વ્યાજના પણ હપ્તા કરવા પડ્યા' ચંબુ રડમસ થઈ બોલ્યો.

'પણ બકા, તારામાં બાવળનું દાતણ ખરીદવાની હેસિયત ન્હોતી ને કોલગેટના શેર ખરીદ્યા પણ તું ભૂલી ગયો કોલગેટની પેસ્ટ દાંત ઉજળા કરી આપે, જીવન નઇ.'

'હા પણ મારે કોઈ સંતાન ન હતું એટલે રોજ શ્રદ્ધાથી બધા શેર ભગવાન પાસે મૂકી હાથ જોડી બોલતો : 'પ્રભુ, તું જો મને બાળક આપીશ તો આ શેરની કમાણી અનાથાશ્રમ માટે વાપરીશ.'

'બકા, જો ઘરમાં શેર માટીની ખોટ હોય તો શેરબજારની મૂડીથી એ ન પૂરી શકાય' મેં સમજાવ્યો.




'જે થયું એ પણ હવે શું લાગે છે? શું લેવું જોઈએ?' ચંબુએ પૂછ્યું.

'ભગવાનનું નામ, ૧૦માંથી ૧૦૦ કરવાની લાલચે શ્વેતામ્બરમાંથી દિગંબર થઈ ગયો તોયે પૂછે છે શું લઉં?' મે કીધું.

'મને થાય છે કે હું શું કામ આ લફડામાં પડ્યો, અને હવે મારો જીવ બળે છે.'

'બકા, જીવ બળે તો વહેલી રૂઝ આવી જાય પણ જો જીવ નીકળી જાય તો લાશને રૂપિયાની થપ્પીઓ કે શેરના કાગળિયા બતાવો તો પણ બીજા દિવસે પેપરમાં શ્રદ્ધાંજલિ નીચે તારો ફોટો આવે પણ ગયેલો જીવ પાછો ન આવે. સમજ્યો? સાંભળ, મહુડીની સુખડી ને શેરબજારની મૂડી ક્યારેય કોઈની પાછી ન આવે... કુંભના મેળામાં ન્હાયા એના કરતાં શેરબજારમાં વધુ ન્હાયા.'

'તો ય પાછા વળવું હોય તો રસ્તો તો હશે ને?' ચંબુએ પૂછ્યું.

'યસ, પહેલાં તો તું 'આ ખરીદી લો, વેચી મારો, લઇ લો' ને કાઢી નાખોના એના ચક્કરમાંથી બહાર નીકળી જા, નઇતર તને કાઢી જતાં કોઈ વાર નઇ લાગે ! તને ખબર છે રાવણ જીવ્યો ત્યાં સુધી બધું હારી ગયેલો પણ એની પાસે સોનાની લંકા બચી હતી.. કેમ કે એ શેર બજારનું નહોતો કરતો ! હવે તારો 'પીંજરેકે પંછી રે તેર દર્દ ન જાને કોઈ' વાળો રીંગટોન બદલી હું જે મોકલું એ સેવ કરી રાખ ને રોજ સાંભળજે.'

-ને આજકાલ ચંબુ એ રોજ સાંભળે છે :

'એ ભાઈ જરા દેખકે ચલો, આગે ભી નહીં, પીછે ભી નહીં ઉપર ભી નહીં નીચે ભી...'

યાદ રાખો, જગતમાં આપણા સિવાય આપણું કોઈ નથી આપણા જીવનનો પણ આ જ સાચો રિંગટોન છે.

શું કહો છો? ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| અચલ | INCOMPREHENSIBLE |
| અગમ | YOUNGER |
| અમર | LIMIT |
| અવધિ | IMMOVABLE |
| અનુજ | IMMORTAL |

## ઓળખાણ પડી?

મેંદાનો લોટ, દૂધ, બેકિંગ પાઉડર, ખાંડ વગેરે સાથે તૈયાર થતી સાટા જેવી દેખાતી મીઠાઈ ઓળખાઈ? હોળી વખતે બનાવાય છે.



અ) ખાજા  બ) બાલુશાહી  ક) ગજક  ડ) ઈમરતી

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'તુંડે તુંડે મતિર્ભિન્ના' પ્રયોગમાં 'મતિ' શબ્દનો અર્થ જણાવો.

અ) બળ  બ) મતભેદ  ક) મહેનત  ડ) બુદ્ધિ

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ANTHROPOLOGYના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) થોર  બ) કીડી  ક) માનવજાતિ  ડ) હવામાન

## માતૃભાષાની મહેક

ઊંઘ અથવા નિંદ્રા એટલે મનુષ્ય અને પશુને સમયે આવતી આરામ અને શાંતિની અવસ્થા. ઊંઘ ઊડી જવી એટલે અજ્ઞાનતા દૂર થવી, જાગૃત થવું. ઊંઘ કહે, બગાસાને, જા બગાસા તું, તારું કહ્યું નહિ માને તો ઢોળી પાડીશ હું. એટલે પ્રથમ બગાસાં આવે અને તે પછી નિદ્રા આવે.

## ઈર્શાદ

આજે બધે જે વાતની ચકચાર હોય છે,
ભાગ્યે જ કાલે કોઈને દરકાર હોય છે.

- હેમેન શાહ

## માઈન્ડ ગેમ

લુપ્ત થઈ રહેલો એક શીંગ ધરાવતો ગેંડો દેશના કયા રાજ્યમાં વિશેષ સ્વરૂપે જોવા મળે છે એ જણાવી શકશો?

અ) આસામ  બ) નાગાલેન્ડ
ક) કેરળ  ડ) રાજસ્થાન

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વા | ન | ૨ ર | ૩ વે | ડા | ■ | ૪ મ | ૫ હા | શ | ૬ ય |
| તા | ■ | ૭ મ | દ | ■ | ૮ જ | હા | જી | ■ | જ |
| ૯ વ | ૧૦ રુ | ણ | ■ | ૧૧ ક | લ | ર | ■ | ૧૨ મા | ન |
| ૧૩ ર | સ | ભ | ર | ■ | ત | ■ | ૧૪ બ | ર | ■ |
| ણ | ■ | મ | ■ | ૧૫ પ | રં | ૧૬ પ | રા | ગ | ૧૭ ત |
| ■ | ૧૮ ક | ણ | ૧૯ કી | ■ | ૨૦ ગ | જ | બ | ■ | ર |
| ૨૧ ધો | મ | ■ | ૨૨ ડો | ૨૩ લ | ■ | ૨૪ વ | ર | ૨૫ જ | વું |
| ૨૬ ધ | ર | મ | ■ | ગી | ■ | ણી | ■ | પ | ■ |
| મા | ■ | ■ | ૨૭ કે | ર | ૨૮ બા | ■ | ૨૯ પા | તા | ૩૦ લ |
| ૩૧ ર | મ | ખા | ણ | ■ | ૩૨ પુ | સ્ત | કા | લ | ય |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | ■ | ૯ | |
| ૧૦ | | | ■ | ૧૧ | | ■ | ૧૨ | | |
| | ■ | ૧૩ | | ■ | ૧૪ | | | ■ | ■ |
| ૧૫ | ૧૬ | | ■ | ૧૭ | | ■ | ૧૮ | ૧૯ | |
| ■ | | ■ | ૨૦ | | | ૨૧ | | | ■ |
| ૨૨ | | ■ | | ■ | ■ | | ■ | ૨૩ | ૨૪ |
| | ■ | ૨૫ | | | ૨૬ | | | ■ | |
| ૨૭ | | | ■ | ■ | | ■ | ■ | ૨૮ | |
| | ■ | ૨૯ | | | | ■ | ૩૦ | | |

### આડી ચાવી

૧. એક જ વિષય પર વિચારવું તે (૫)
૪. તવારીખ, ભૂતકાળનો વૃત્તાંત (૪)
૭. ગુપ્તચર (૨)
૮. મહિનો (૨)
૯. --- મારવી તે નાછૂટકે ઠેકાણે આવવું (૨)
૧૦. સૂમસામ, ઉજજડ (૩)
૧૧. રસ્તો, ઉપાય (૨)
૧૨. --- મુનિએ નાટ્યશાસ્ત્ર બનાવ્યું (૩)
૧૩. માફી (૨)
૧૪. પથ્થર, પહાણો (૩)
૧૫. હલકાઇ, ઓછપ, ઉણપ (૩)
૧૭. ભોંયતળિયું (૨)
૧૮. સંકટ, વીતેલું તે (૩)
૨૦. મંદ મંદ સ્મિત કરવું તે (૩,૩)
૨૨. સમું, જેવું, સોગંદ (૨)
૨૩. --- થવું એટલે ગળવું તે (૨)
૨૫. ગભરાયેલું (૬)
૨૭. રૂપાંતર, ભ્રમ, ચક્રાકાર ફરવું તે (૩)
૨૮. બંધુ, ભ્રાતા (૨)
૨૯. આકાશમાંથી પાણી વરસે તે (૪)
૩૦. દાખલ થવું (૩)

### ઊભી ચાવી

૧. મનની વ્યથા (૫)
૨. તખ્તા પરથી રજૂ કરી શકાય એવું (૫)
૩. સ્તર, પોપડો (૨)
૪. ખાટલાના બે પાયાને જોડતું લાકડું (૨)
૫. સમક્ષ, મૌજૂદ, તૈયાર (૩)
૬. કઠણ, મજબૂત (૩)
૮. રસ્તો બતાવનાર (૫)
૧૨. બહાદુર (૪)
૧૬. ઢીલું, પોચું (૩)
૧૭. હીરો ઠંડીમાં --- ના કોટ પહેરે (૨)
૧૯. --- થી સૂતર કાંતી શકાય (૩)
૨૦. --- આપવી એટલે નમતું આપવું (૩)
૨૧. મચ્છર, ચામડાનો કોથળો (૩)
૨૨. સમાવેશ કરવો તે (૪)
૨૪. --- તો ખાઇશ, નહીં તો શું કરીશ? (૪)
૨૫. રજસ્રાવ (૩)
૨૬. વેદના, પીડા, દુઃખ (૩)
૨૮. મફતમાં મળે તે સૌને --- (૨)

## સુડોકુ-૮૦૩૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | | ૬ | | | | | ૮ |
| ૨ | | | | | | ૪ | | |
| | | | ૨ | ૫ | | | | ૭ |
| ૯ | ૪ | | | ૮ | | ૧ | | |
| | | | ૪ | | ૬ | | | |
| | | ૮ | | ૧ | | | ૪ | ૫ |
| ૮ | | | | ૩ | ૪ | | | |
| | | ૫ | | | | | | ૪ |
| ૬ | | | | | ૧ | | ૮ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૮ | ૯ | ૧ | ૫ | ૪ | ૩ | ૨ |
| ૩ | ૨ | ૧ | ૬ | ૭ | ૪ | ૮ | ૫ | ૯ |
| ૪ | ૫ | ૯ | ૩ | ૮ | ૨ | ૬ | ૭ | ૧ |
| ૬ | ૧ | ૫ | ૮ | ૩ | ૯ | ૭ | ૨ | ૪ |
| ૮ | ૯ | ૩ | ૪ | ૨ | ૭ | ૧ | ૬ | ૫ |
| ૨ | ૭ | ૪ | ૧ | ૫ | ૬ | ૯ | ૮ | ૩ |
| ૯ | ૩ | ૭ | ૫ | ૬ | ૧ | ૨ | ૪ | ૮ |
| ૫ | ૪ | ૬ | ૨ | ૯ | ૮ | ૩ | ૧ | ૭ |
| ૧ | ૮ | ૨ | ૭ | ૪ | ૩ | ૫ | ૯ | ૬ |

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| નખ | NAIL |
| નટ | ACTOR |
| નભ | SKY |
| નત | BENT |
| નથ | ORNAMENT |

માઈન્ડ ગેમ
ડાંગ


ઓળખાણ પડી?
બિરંજ

ગુજરાત મોરી મોરી રે
જમીન

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ઉત્કંઠા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) ખુશરૂ કાપડિયા (૬) હર્ષા મહેતા (૭) ભારતી બુચ (૮) મુલરાજ કપૂર (૯) નૂતન વિપીન (૧૦) પુષ્પા પટેલ (૧૧) લજિતા ખોના (૧૨) મહેશ દોશી (૧૩) શ્રદ્ધા આશર (૧૪) મીનળ કાપડિયા (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) ભાવના કર્વે (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) મહેન્દ્ર લોઢાવિયા (૨૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૪) નંદકિશોર સંજાણવાળા (૨૫) નયના ગિરીશ મિસ્ત્રી (૨૬) જગદીશ ઠક્કર (૨૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૮) પુષ્પા ખોના (૨૯) ચૌહાણ જયેશભાઈ પરબતભાઈ (૩૦) અંજુ ટોલિયા (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) અરવિંદ કામદાર (૩૬) નિતીન બજરિયા (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રમેશ દલાલ (૩૯) ઈનાક્ષી દલાલ (૪૦) હિના દલાલ (૪૧) અલકા વાણી (૪૨) ધીરેન્દ્ર ઉદ્દેશી (૪૩) ગીતા ઉદ્દેશી (૪૪) પ્રતિમા પમાણી




'જગજીતના ચહેરા પર જે ઘા પડ્યા છે એ કોઈ પોતાના હાથે પોતાના ચહેરા પર ન કરે. ચૌદ ટાંકા લેવા પડયા અને એક બીજી વાત, રાતના ઓરડામાં એક વિચિત્ર સુગંધ આવી રહી હતી. આવી સુગંધ મેં ક્યારેય નથી અનુભવી. ઊંઘ લાવી દે એવી.'

પ્રમોદે ગંભીરતાથી ધ્રૂજતા અવાજે મને જ્યારે આ કહ્યું ત્યારે ચક્કર આવ્યા હોય એમ હું બાજુના સ્ટૂલ પર ફસડાઈ પડ્યો.

પ્રમોદ સાથે ફોન પર મેં વાત પૂરી કરી પછી મેં શિવાનંદજીને દૃઢ સ્વરે કહ્યું:

'આપણે પોલીસને જાણ કરવી જોઈએ. પોલીસની મદદથી જ હવે અઘોરીને પકડવો પડશે.'

મેં નિશ્ચય સાથે આવું કહ્યું તો ખરું, પણ મને ત્યારે સપનેય ખબર નહોતી કે એ નિશ્ચયનાં કેવાં ભયાનક ફળ અમારે ભોગવવાં પડશે.

પોલીસ સ્ટેશનમાં જવાનો પ્રસંગ મારા જેવાના જીવનમાં ભાગ્યે જ બને. મુંબઈના વાદળી રંગના પોશાકનો રૂઆબ મેં જોયો છે. દિલ્હીના ઘોડા પર ઘૂમતા શાનદાર પોલીસોને પણ જોયા છે. એ સહુમાં વધુમાં વધુ નબળા અને સાવ સાદા અને સ્વયંસેવક લાગે એવા પોલીસ અમે મૈસૂરમાં જોયા હતા. ત્યાં પોલીસો રસ્તા પર ભાગ્યે જ દેખાય અને દેખાય તોય ઓળખવા મુશ્કેલ પડે એવો એમનો યુનિફોર્મ હોય છે.

હું અને શિવાનંદ અમારી હોટલ પાસેના એક પોલીસ સ્ટેશને પહોંચ્યા. આ ટેબલ પરથી પેલા ટેબલ પર અને પેલા ટેબલ પરથી બીજા ટેબલ પર કેટલીક વાર ઘૂમ્યા. પછી એક સબ ઈન્સ્પેક્ટરે અમને સામે ખુરશી પર બેસવા કહ્યું. અમે કોઈ ખૂન જેવા ગંભીર ગુના માટે નહીં, પણ એક બાવા સામે ફરિયાદ નોંધાવવા આવ્યા છીએ એમ જાણી એ ઉદાસીન બની જૂના કેસના કાગળો ઉથલાવવા લાગ્યો.

આખરે કંટાળી મેં એને કહ્યું:

'જુઓ હું એક અમેરિકન કંપનીનો અહીંનો પ્રતિનિધિ છું અને એમના વતી તસવીરકાર તરીકે અહીં કામગીરી કરું છું. મારો મિત્ર એક ભયાનક ષડ્યંત્રમાં ફસાયો છે. આપ મારી વાત પર ધ્યાન નહીં આપો તો મારે કમિશનર સાહેબને ફોન કરવો પડશે!'

કડક રીતે ઉચ્ચારાયેલા મારા શબ્દો પછી એણે મારા તરફ ધ્યાન આપ્યું. કાગળ-પેન તૈયાર કરી એણે મને કહ્યું:

'બોલો, તમારું નિવેદન હું નોંધી લેવા તૈયાર છું.'

'ફક્ત નિવેદન નોંધવાથી કંઈ નહીં વળે. તમારે તાત્કાલિક મને કોઈ ઈન્સ્પેક્ટરની સેવા આપવી પડશે. મારા મિત્ર વિરુદ્ધ હત્યાની પેરવી કરનાર એક અઘોરી બાવાની તમારે ધરપકડ કરવી પડશે.'

'પહેલાં તમે વિગતો કહો એ પછી જ હું શું કરવું તે નક્કી કરીશ.'

મેં શરૂઆતથી એને મારી કથા કહી.

વાત સાંભળ્યા પછી એ ખડખડાટ હસી પડ્યો:

'આ પોલીસ સ્ટેશન છે મહેરબાન! આવી પગ-માથા વગરની તમારી વાત સાંભળી તમે એમ ઇચ્છો છો કે હું એક નિર્દોષ બાવાને પકડી લઉં?'

અમે એને ખૂબ સમજાવ્યો, પણ એ અમારી વાત માનવા તૈયાર જ નહોતો થતો. હક્કીતમાં એની જગ્યાએ હું હોત તોપણ આ વાત માનવા તૈયાર ન થાત!

થાકીને અમે પાછા પેલા વૃદ્ધ વિદ્વાનના ઘરે પહોંચ્યા. એમને બધી વિગત જણાવી પેલા અઘોરીને અમે આખી રાત અમારી સામે જંગલમાં સાધના કરતો જોયો હતો, છતાં એ છેક બેંગલોર પહોંચી જગજીતને કેવી રીતે ઈજા પહોંચાડી શક્યો હશે એ મને સમજાતું નહોતું. ચકરાઈ ગયેલા મારા દિમાગમાં અનેક પ્રશ્નો ઊઠતા હતા, પણ ત્યારે એ પંડિત પાસે એના ઉત્તરો મેળવવાનો સમય પણ ક્યાં હતો?

આમ છતાં મારા કેટલાક પ્રશ્નોના જવાબમાં એ વૃદ્ધે કહ્યું: 'સમય અને જિજ્ઞાસા જ તમને એના જવાબ મેળવી આપશે.'

હવે મુખ્ય સમસ્યા હતી પેલા અઘોરીને સમજાવવાની અને ફરી જગજીત પાસે લઈ જવાની. કોઈ પણ હિસાબે એ બન્ને સામસામા આવે અને જગજીત માફી માગી લે તો એ બચી શકે. અમે એ વૃદ્ધ પંડિતને આમાં કંઈક મદદ કરવા કહ્યું.

થોડી વાર એ વિચારમાં રહ્યા, પછી બોલ્યા:

'એક માર્ગ છે, રાતવાળી સ્ત્રી જો તમને મદદ કરે તો તમે એ અઘોરીને સમજાવી શકો અથવા એની મદદ મેળવી શકો.'

'એ કેવી રીતે બને?'

'એ સ્ત્રીને પણ આ બાવાએ ફસાવી છે.' થોડી વાર અટકી એ બોલ્યા: 'તમે ગયા પછી એ બાઈ અહીં આવી હતી.'

હું અને શિવાનંદ સાથે બોલી ઊઠ્યા, 'ખરેખર!'

'હા, વૃદ્ધે ખોંખારો ખાઈ બોલવાનું શરૂ કર્યું:

'તમે એને શપથ લઈ કંઈક બોલતાં સાંભળી હતી. એ બાઈ એમ માને છે કે તમે એ શપથ સાંભળી લીધા છે. એને ખબર નથી કે તમે બન્ને કન્નડ ભાષા જાણતા નથી. હવે ભયની મારી એ મારી પાસે આવી હતી. એ કહેવા કે હું તમને સમજાવું કે તમે એ ભયાનક શપથની વાત બહાર ન પાડો.'

'શાના હતા એ શપથ?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

બોલવું કે ન બોલવું એ અસમંજસમાં રહ્યા પછી થોડી વારે એ વૃદ્ધે મોં ખોલ્યું,

'પોતાના પ્રથમ પુત્રને અઘોરીને સુપરત કરી દેવાનું વચન હતું!'

હું અને શિવાનંદ સ્તબ્ધ બની ગયા. થોડી વાર પછી શિવાનંદ બોલ્યા:

'આ તો ભયાનક કહેવાય!'

'પતિ મળતો હોય તો કોઈ પણ સ્ત્રી પોતાનાં થનારાં અનેક બાળકોમાંથી એકાદને દાનમાં આપી દે.' એ વૃદ્ધ સ્વાભાવિકતાથી બોલ્યા.

'પણ આમાં એ સ્ત્રી અમને મદદરૂપ કેવી રીતે બની શકે?' મેં સ્ત્રી, એના પતિ અને થનાર બાળકની ફિકરમાં પડ્યા વગર જ પૂછ્યું.

'તમે એને મળો, તમે એ શપથ વિશે જાણો છો એમ કહો અને મદદ કરે તો એ શપથ એના પતિથી ગુપ્ત રાખવાની ખાતરી આપો.'

આ બધું જેટલું વિચિત્ર હતું એથી વધુ ભયાનક હતું. હું એક પછી એક એવા પ્રસંગોમાં અનાયાસે સપડાયે જતો હતો કે એમાંથી નીકળવું મારા માટે મુશ્કેલ બની રહ્યું. ખરી રીતે તો આ પ્રસ્તાવ પેલી સ્ત્રીને બ્લેકમેલ કરવાનો જ હતો. પાખંડીઓ અને ધુતારા સામે લડનારા હું અને શિવાનંદ જ બ્લેકમેલનો આશરો કેવી રીતે લઈ શકીએ?

મેં શિવાનંદ સામે જોયું ને કહ્યું:

'આપણા કોઈ અંગત સ્વાર્થ માટે આપણે આ નથી કરવાના. આપણે તો ફક્ત એટલું જ ઇચ્છીએ છીએ કે આપણો મેળાપ પેલા અઘોરી સાથે કરાવી આપે અને શક્ય હોય તો જગજીતને એ અઘોરી પાસેથી માફી અપાવે '

હકીકતમાં તો એ બધાં મનને મનાવવાનાં બહાનાં હતાં. મુસીબતના કારણે અમારું ધૈર્ય ક્યાંક ચરવા ચાલ્યું ગયું હતું. અમે એક પણ સાચો નિર્ણય લઈ શકતા નહોતા. અમારે જ્યારે જગજીત પાસે રહી એને સારવાર કરવાની અને ધૈર્ય બંધાવી હિંમત આપી આમાંથી એને બચાવવાની જરૂર હતી, ત્યારે મૈસૂરમાં બેઠા બેઠા અઘોરીને આંતરવાની કોશિશમાં અમે પડ્યા હતા.

વૃદ્ધ પાસેથી સરનામું લઈ અમે એ સ્ત્રી પાસે પહોંચ્યા. વૃદ્ધે એક ભલામણપત્ર લખી આપ્યો હતો.

એક માળના સુંદર મકાન પાસે અમારી જીપ ઊભી રાખી. અમે વૃદ્ધ પંડિતનો પત્ર દરવાનને આપ્યો. થોડી વાર પછી પેલી સ્ત્રી ગેલેરીમાં દેખાઈ. સાદાં વસ્ત્રોમાં એ થોડી સૌમ્ય પણ ઠસ્સાદાર લાગતી હતી. એણે દરવાનને અમને પ્રવેશ આપવા સૂચના કરી.

એક વિશાળ અને અદ્યતન રીતે શણગારાયેલા ખંડમાં અમને બેસાડી નોકર એ સ્ત્રીને બોલાવવા ગયો.

તૂટીફૂટી હિન્દીમાં અમે એ સ્ત્રી સાથે વાતચીત શરૂ કરી.

રાતના અમે એને જે સ્થિતિ અને ઢંગમાં જોઈ હતી એ યાદ કરી એ ખૂબ સંકોચ અનુભવતી હોય એમ મને લાગ્યું. ટૂંકમાં મેં એને જગજીતની કથા કહી. એણે ખૂબ અચકાતાં અને ખરા શબ્દોને શોધવાની કોશિશ કરતાં કરતાં જે કહ્યું તેનો સાર આ હતો કે એ પોતે પણ એમ અનુભવતી હતી કે પેલા શાણ્ડિલ્યનાથ અઘોરીએ એને ફસાવી છે. એક વર્ષ પહેલાં એ શાણ્ડિલ્યનાથના પરિચયમાં આવી હતી. પતિપ્રેમ અને પુત્રેષણાથી પ્રેરાઈ એણે એની ભક્તિ શરૂ કરી હતી. અનેક વાર અનેક જાતની સાધનાઓ માટે પેલા અઘોરીએ એની પાસેથી પૈસા પડાવ્યા હતા. ગઈ રાત્રે તો એણે એની પાસે એના પ્રથમ પુત્રની પણ માગણી કરી હતી. એ ખૂબ અવશ બની એ બધું સહન કર્યે જતી હતી. આમાંથી છૂટવાનો એને કોઈ રસ્તો સૂઝતો ન હતો. પોતાની કથા કહેતાં કહેતાં એ રડી પડી. હું મૂંઝાયો. મદદ માગવા જતાં મદદ કરવી પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ હતી.

થોડી વાર વિચારી શિવાનંદ સાથે મસલત કરી મેં એને કહ્યું: 'તમે તમારું નિવેદન પોલીસમાં નોંધાવો તો એને પકડવો સહેલો છે.'

એ ચોંકી ઊઠી: 'ના, ના, એમ કરું તો દુનિયામાં મારો ફજેતો થાય અને મારા પતિને ખબર પડે તો મારે આત્મહત્યા જ કરવી પડે. હું મરવું જ વધુ પસંદ કરું.'

'તો તમે જગજીતને માફ કરવા અઘોરીને સમજાવી શકશો?'

'એ શક્ય નથી.' એ બોલી.

અમે ત્રણેય થોડી વાર ખામોશ રહ્યાં.

'એક માર્ગ છે.' એ બોલી. અમે કંઈક આશાથી એની સામે જોયું.

'મારા એક મિત્ર છે. એ કોઈક ઈન્સ્પેક્ટરને ઓળખે છે. એને પૂછી જોઉં.'

અમને તો કંઈક પણ મદદની જરૂર હતી. ડૂબતો તણખલાને ઝાલે એ પ્રમાણે અમે એનો આ પ્રસ્તાવ સ્વીકારી લીધો.

એણે કેટલાક ટેલિફોન ખખડાવ્યા. કન્નડમાં એ જે વાત કરતી હતી એમાં અમને કંઈ સમજાતું નહોતું. ઘર અને એ સ્ત્રીના સ્વભાવ અને રીતભાત પરથી એ આદર્શ ગૃહિણી લાગ્યા વગર ન રહે. દેખાવમાં પણ સુંદર તો હતી. આવી સ્ત્રીને એનો પતિ શા માટે તિરસ્કારતો હશે એ સમજાતું નહોતું.

**અઘોરીએ પોતાના થેલામાં હાથ નાખીને એક ટચૂકડું માટીનું પૂતળું ખેંચી કાઢ્યું. પછી બોલ્યો: 'તૂમ્હને તૂમ્હારે દોસ્તકી મોત બૂલા લી હૈ.' આમ કહી એણે બીજા હાથથી પૂતળાની ડોક મરડી નાખી!**

થોડી વાર પછી અમારી પાસે આવી એણે કહ્યું:

'વાત થઈ ગઈ છે. તમને એ ઈન્સ્પેક્ટર મદદ કરશે, પણ આ બધું ઑફ ધ રેકોર્ડ રહેશે. તમે મારા વિશે જબાન સાવ બંધ રાખશો એમ માનું છું.'

અમે એને ખાતરી આપી. એણે અમને એક સરનામું લખી આપ્યું અને અમે ત્યાંથી વિદાય થયા.

એ ઈન્સ્પેક્ટર મહાઅનાડી લાગતો હતો. ઊંચા અને જામેલા શરીરના કારણે એ બીજાથી જુદો પણ લાગતો હતો. વાતવાતમાં 'બાસ્ટર્ડ' અને 'સન ઑફ એ બિચ'ની ગાળો ભાંડવાની એને આદત હતી.

'બતાવો સાલા બાસ્ટર્ડને, કૂતરીનાને દંડો મારી સીધો ન કરી નાખું તો મને કહેજો.' એણે જીપ પર મુક્કીઓ પછાડતાં કહ્યું.

ચામુંડી હિલના બધા જ ખૂણેખાંચરેથી જીપ દોડાવી. એક બે જગ્યાએ તો જાણવા મળ્યું એ થોડી વાર પહેલાં અહીં હતો, પણ હમણાં જ ચાલ્યો ગયો. સૂરજ ડૂબવાની તૈયારીમાં હતો. હું અને શિવાનંદ ખૂબ જ નિરાશ થઈ ગયા હતા, જગજીતની ચિંતા સતાવી રહી હતી. પ્રમોદને અમે તે દિવસે પાછા ફરવાનું કહી ચૂક્યા હતા. એ બિચારા પર શી વીતતી હશે. એની પણ મને ફિકર હતી. જગજીતની મા અને પત્નીને અમે જાણ પણ નહોતી કરી એનો પણ વસવસો થયા કરતો હતો. મેં શિવાનંદને કહ્યું:

'આજે એ અઘોરીનો પત્તો નહીં મળે તો હું બેંગલોર જઈશ. વહેલામાં વહેલી તકે હું જગજીતને એના ઘેર પાછો પહોંચાડવા ઇચ્છું છું.'

મહિષાસુરના પ્રચંડ પૂતળા પાસે ડ્રાઈવરે જીપ ધીમી પાડી,

'શું થયું?' મેં ઈન્સ્પેક્ટરને કહ્યું:

'વોહી હૈ' અમે હજી કંઈ કહીએ તે પહેલાં તો એ અનાડી ઈન્સ્પેક્ટર જીપમાંથી કૂદ્યો અને અઘોરી તરફ ગાળો દેતો દોડ્યો. હું અને શિવાનંદ એને શાંત રહેવાની બૂમો પાડતા એની પાછળ દોડ્યા. ઈન્સ્પેક્ટરે નજીક જઈ અઘોરીનો હાથ પકડી લીધો!

'સાલા બાસ્ટર્ડ કા બચ્ચા, અબ ચલો સીધા પોલીસ સ્ટેશન પે. દસ સાલ જેલ મેં ન ઠૂંસવા દિયા તો દેખો.'

શાણ્ડિલ્યનાથ ક્રોધથી ભભૂકતી આંખે અમારી સામે જોઈ રહ્યો હતો. એના એ ભયાનક દેખાવથી અમે સ્તબ્ધ બની ગયા હતા. એણે પોતાના થેલામાં છૂટો હતો તે હાથ નાખ્યો અને એક ટચૂકડું માટીનું પૂતળું ખેંચી કાઢ્યું. એ પૂતળું અમને બતાવી એ બોલ્યો:

'તૂમ્હને તૂમ્હારે દોસ્તકી મોત બૂલા લી હૈ.'

આમ કહી એણે બીજા હાથથી પૂતળાની ડોક તોડીને ફેંકી દીધી. પૂતળું પગ પાસે ફેંક્યું અને એને પગથી મસળી બોલ્યો:

'અબ ચલો તૂમ્હારી જેલમેં. મૈં દેખતા હું તૂમ કૈસે મૂજે વહાં બંધ કરતે હો.'

હવે અમારો ઈન્સ્પેક્ટર પણ કાંપવા લાગ્યો હતો. એનો બધો જ ગુસ્સો કોણ જાણે ક્યાં રફુચક્કર થઈ ગયો. શિવાનંદે પેલા અઘોરીને વિનંતીભર્યા સ્વરે ઘણી કાકલૂદી કરી, પણ શાણ્ડિલ્યનાથનો ગુસ્સો ઓછો ન થયો.

અમે નિરાશ થઈ પાછા ફર્યા. અઘોરી પર કંઈ પગલાં લેવાની અમારી હિંમત નહોતી. મારી આંખ સામે પેલા પૂતળાના ટુકડા અને ડોક તરવર્યા કરતાં હતાં. ઈન્સ્પેક્ટરનો બબડાટ ચાલુ હતો.

ઈન્સ્પેક્ટરને બજારમાં ઉતારી હું અને શિવાનંદ વૃદ્ધ પંડિતના ઘરે પહોંચ્યાં. જે બન્યું હતું તે અમે એને કહ્યું. એણે પણ અમને તરત જ જગજીત પાસે પાછા ફરવાની સલાહ આપી. સાથે એક યંત્ર આપ્યું. કાગળ પર ચીતરેલું એ રક્ષાકવચ હતું:

'આ તમને કેટલું ઉપયોગી થશે એ મને ખબર નથી, પણ જગજીતને સાથે રાખવા કહેજો. ઈશ્વરની ઇચ્છા હશે તો બધું સારું થશે.'

અમે આઠેક વાગ્યે ત્યાંથી રવાના થયા. મૈસૂર છોડ્યા પછી સૂમસામ સડક પર જીપ ભાગતી હતી, ત્યારે અમે પણ ચૂપચાપ બેઠા હતા. વદ એકમની ચાંદનીના કારણે ધરતી વિચિત્ર અને બિહામણી લાગતી હતી. અચાનક યાદ આવવાથી મેં શિવાનંદને પૂછ્યું:

'સ્વામીજી, આપને અઘોરી કો ધ્યાન સે દેખા થા?'

'ક્યોં?' એમણે આશ્ચર્યથી સામો પ્રશ્ન પૂછ્યો.

'આપણે બન્ને વાર અઘોરીને મળ્યા પણ એની સામે શાંતિથી જોવાની જાણે આપણને ફુરસદ જ મળી નથી. હું એનો ચહેરો યાદ કરું છું તો મને એના ચહેરા પર ગાલથી કપાળ સુધી જતો લાંબો ચીરો હોય એવું યાદ નથી આવતું. એનો કાન પણ કપાયેલો નહોતો, જેવો પેલી તસવીરમાં છે. તસવીરમાંના ચહેરામાં એ અઘોરીના ચહેરા સાથે ઘણું સામ્ય છે, છતાં એ ચહેરો પેલા અઘોરીનો જ છે એમ કહી શકાય એટલું સામ્ય છે ખરું?'

શિવાનંદ થોડી વાર ચૂપ રહ્યા પછી બોલ્યા:

'કાલે પ્રમોદે તમને જગજીતની ઈજા વિશે કંઈ કહ્યું હતું ને!'

એમના એ પ્રશ્નના સૂચિતાર્થથી હું ચમકી ઊઠ્યો. વાદળ પાછળ ચંદ્ર ચાલ્યો જવાથી ચારે બાજુ અંધકાર છવાઈ ગયો. પ્રમોદે કહ્યું હતું: 'જગજીતના ચહેરા પર ગાલથી કપાળ સુધીનો ત્રિશૂળનો ઊંડો ઘા થયો છે' હું કંપી ઊઠ્યો.

જગજીત સાથેની દોસ્તીના રખડપાટના દિવસો યાદ આવ્યા. અમારી અનેક યાત્રાઓનો એ સાથી હતો. દિલેર, હિંમતબાજ, ખુશખુશાલ, હોશિયાર, ફોટોગ્રાફીના અનેક કરિશ્મા એણે મને શીખવ્યા હતા. કોઈ પણ કૅમેરો એ આસાનીથી વાપરી શકતો. એક વાર ગુરુમંત્ર આપતો હોય એમ એણે મને કહ્યું હતું:

'દરેક કૅમેરાને એની વિશિષ્ટતા હોય છે. એની શક્તિ અને શક્તિની મર્યાદા હોય છે. ફોટોગ્રાફરે આ બન્નેમાં અંતિમોને પહેલાં જાણી લઈને જ એનો ઉપયોગ કરવો જોઈએ.' એના આવા વાક્યને મેં મારી ડાયરીમાં નોંધી રાખેલાં. કૅમેરાને તો ઠીક, પણ એ પછી મનુષ્યોને સમજવા માટે પણ મને એ વાક્ય ઘણું ઉપયોગી થયું હતું. જગજીતનું જીવન ગરીબી અને અભાવો વચ્ચે વિકસ્યું હતું. એ બાપના સખત દાબ વચ્ચે ઊછર્યો હતો. બાપ પ્રત્યે એને સખત ઘૃણા હતી. એ કહેતો: 'બાપના મર્યા પછી જ હું જીવતાં શીખ્યો છું.' એનો એ રોષ એટલી હદે વિકાસ પામ્યો હતો કે કોઈ બુઢ્ઢાને એ સહન કરી શકતો નહીં.

એક વાર બસમાં મુસાફરી કરતા હતા ત્યારે અમારા એક મિત્રે ઊઠીને એક બુઢ્ઢાને જગ્યા આપી હતી. જગજીત એ મિત્ર સાથે બાખડી પડ્યો હતો, એટલું ઝઘડ્યો કે એણે બુઢ્ઢાને એ સીટ પરથી ઊઠવાની ફરજ પાડી હતી.

હા, એ ખરું કે મોટી ઉંમરનાઓ પ્રત્યે તિરસ્કાર સિવાય એનામાં કોઈ અવગુણ ન હતો.

'જગજીત જગજીત અને જગજીત'ના જ વિચારોથી મન ભરાઈ ગયું હતું.

જગજીત જાણે અમારી જીપ પાછળ દોડી રહ્યો હતો. 'બચાવો બચાવો'નો એનો આર્તનાદ અમને સ્પષ્ટ સંભળાઈ રહ્યો હતો. મેં જીપ રોકવા ડ્રાઈવરને કહ્યું. એણે એનું મોં મારી તરફ ફેરવ્યું ત્યારે હું હેબતાઈ ગયો. એ પેલા અઘોરીનો ચહેરો હતો. એણે અટ્ટહાસ્ય કર્યું ને જીપ વધુ ગતિથી દોડાવી.

જગજીત પણ વેગથી અમારી પાછળ દોડી રહ્યો હતો. એને ખેંચી લેવા મેં મારો હાથ લંબાવ્યો. એણે પણ હાથ લંબાવ્યો પણ એ મારા હાથને આંબી શક્યો નહીં.

એના 'જીપ રોકો, જીપ રોકો, મહેરબાની કરી જીપ રોકો!'ના એના પોકારના ઉત્તરમાં ફક્ત ભયાનક હાસ્ય સાંભળવા મળતું હતું.

હવે તો જગજીતની પાછળ પણ અઘોરીઓનું એક મોટું ટોળું ચીસો પાડતું દોડતું હતું. જીપ રોકવામાંય મોત હતું. એક અઘોરીએ પોતાના પ્રચંડ ત્રિશૂળનો જગજીત પર ઘા કર્યો. ત્રિશૂળ પ્રચંડ વેગથી જગજીત તરફ આવી રહ્યું હતું. મેં જગજીતને હટી જવા બૂમ મારી. એ હટ્યો. ત્રિશૂળ અમારી જીપના ટાયર સાથે ભટકાયું. એક ભયાનક ધડાકો થયો.

હું ઝબકીને જાગ્યો ત્યારે પરસેવે રેબઝેબ થઈ ગયો હતો, શિવાનંદ મને ઢંઢોળતાં મારી સામે ઊભા હતા. જરા સ્વસ્થ થયો કે ડ્રાઈવરનો અવાજ સંભળાયો:

'સા'બ, ટાયર બર્સ્ટ હો ગયા હૈ. ટાયર બદલને કે લિયે થોડી દેર ઠહેરના હોગા.'

હું અને શિવાનંદ નીચે ઊતરી સડક પાસેના એક પથ્થર પર બેઠા. શિવાનંદે પૂછ્યું:

'શું થયું હતું?'

'કશું નહીં, એક ભયાનક સ્વપ્ન.'

પંદરેક મિનિટમાં જ ડ્રાઈવરે ટાયર બદલી નાખ્યું. અમે ફરીથી મુસાફરી ચાલુ કરી. આ વખતે હું શિવાનંદ સાથે વાતોએ વળગ્યો. ફરીથી ઊંઘીને મારે ભયાનક સ્વપ્નાં નોતરવાં નહોતાં. પોણાએક કલાકના એકધારા ડ્રાઈવિંગ પછી ડ્રાઈવરે એક નાના ગામ પાસે ગાડી ફરી રોકી.

'સા'બ મૂઝે ચા પીના પડેગા. બડી નિંદ આ રહી હૈ.' ન છૂટકે અમારે એ વિલંબ સહન કરવો પડે એમ હતો.

એક નાની હોટેલમાં ઘૂસી અમે ત્રણ ચા બનાવવાનો ઑર્ડર આપ્યો. સમય પસાર કરવા મેં શિવાનંદને પૂછ્યું:

'તમે શું ધારો છો?' વૃદ્ધ મહાશયે આપેલા રક્ષાકવચથી જગજીતને ફાયદો થશે?' આમ કહી મેં એ રક્ષાકવચનો કાગળ શોધવા ખિસ્સામાં હાથ નાખ્યો તો એ ત્યાં નહોતો!

શિવાનંદ બોલતા રહ્યા. એ દરમિયાન મેં બધાં જ ખિસ્સાં ફંફોસી નાખ્યાં. એ ક્યાંય નહોતો!

'શું થયું?' શિવાનંદે પૂછ્યું.

'રક્ષાકવચના યંત્રવાળો કાગળ મળતો નથી'

શિવાનંદે મારા સવાલના જવાબમાં એટલું જ કહ્યું હતું:

'એ કદાચ તણખલું હતું તોય આપણે અત્યારે ડૂબી રહ્યા છીએ ત્યારે એને પકડવા સિવાય છૂટકો નથી.' અને હું હવે એ તણખલું પણ ખોઈ બેઠો હતો.

બેંગ્લોર શહેરની બત્તીઓ દેખાઈ ત્યારે તો મધરાત ક્યારની વીતી ચૂકી હતી. ચાંદો પશ્ચિમ તરફ ઢળી રહ્યો હતો. આકાશમાં નાની નાની ગમગીન વાદળીઓ શોકસભામાં સામેલ થઈ હોય એમ ચૂપચાપ હતી.

જીપના અવાજથી ભડકેલાં કૂતરાં ભસવાં લાગ્યાં. કોઈ રડીને ભયાનક આલાપ છેડવાં લાગ્યાં હતાં. મારું મન આશંકાઓથી ધડકવા લાગ્યું હતું. એક પછી એક સૂમસામ ગલીઓ અને ઊંચાનીચા રસ્તા વટાવતાં અમે આગળ વધી રહ્યા હતા. કોઈ રાક્ષસના કોપથી આખું શહેર એકાએક ખાલી થઈ ગયું હોય એમ ક્યાંય કોઈ માણસ પણ દેખાતો નહોતો.

પણ અમારી હોટલ સામે માણસોનું એક નાનું ટોળું જમા થયું હતું. અમે રહેતા હતા એ રૂમની બારી ખુલ્લી હતી. બધા જ રૂમોની બત્તીઓ સળગતી હતી.

હું અને શિવાનંદ કૂદીને જીપની બહાર નીકળ્યા.

ભીડમાંથી માર્ગ કાઢતાં ટોળાંની મધ્યમાં પહોંચ્યા ત્યારે મને ચીસ પાડવાની ઇચ્છા થઈ આવી, પણ ગળું રૂંધાઈ ગયું હતું. રડવાની ઇચ્છા થઈ આવી, પણ આંખો સૂકાઈ ગઈ હતી.

અમારી નજર સામે જગજીત ત્યાં ફૂટપાથ પર પડ્યો હતો. ખોપરી ભાંગી ગઈ હતી. લોહી વહી રહ્યું હતું. ગઈ કાલે ફોન પર પ્રમોદે કહ્યું હતું એમ એના ગાલ પરથી કપાળ પર ચીરો પણ સ્પષ્ટ દેખાતો હતો. એના ટાંકા તૂટી ગયા હતા અને તેમાંથી લોહી વહી રહ્યું હતું અને એનો ડાબો કાન ગાયબ હતો!

જગજિત જેવો એક જવાન ભ્રામક માન્યતાનો ભોગ થઈ ત્યાં પડ્યો હતો, પણ એનું મોત ભ્રમણા નહોતી, એ હકીકત હતી.

પોલીસના ચોપડે નોંધાયું - માંદગીથી કંટાળી જગજીત નામના યુવાને આત્મહત્યા કરી.

************************

ઠરી ગયેલા તાપણાને સંકોરતાં નિકુંભઆનંદે મને પૂછ્યું:

'અઘોરીઓનો આવો ભયાનક અનુભવ હોવા છતાં તમે અહીં આ અઘોરીઓ વચ્ચે આવવાની હિંમત કેમ કરી?'

મેં ઠંડા અને સ્વસ્થ અવાજે કહ્યું:

'જગજીતના મોતનો બદલો લેવા હું અહીં આવ્યો છું!'

(ક્રમશઃ) ■

feedback@bombaysamachar.com

ફોકસ

# ઉનાળામાં તમારી સ્કિનની આ રીતે કરો સંભાળ

**હવામાન** પ્રમાણે ત્વચાની કાળજી લેવી જરૂરી છે. જેમ કે શિયાળામાં ત્વચા શુષ્ક થઇ જાય છે. તેવી જ રીતે ઉનાળામાં આકરા તડકા, ભેજ અને ગરમીના કારણે ચહેરો ચીકણો દેખાવા લાગે છે. ઉનાળામાં સ્કિનની અનેક સમસ્યાઓ થાય છે.

ઉનાળામાં ત્વચાને સ્વસ્થ રાખવામાં મદદ કરતી પ્રોડક્ટ્સ અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો.

સનસ્ક્રીન : બહાર નીકળો ત્યારે સનસ્ક્રીનનો ઉપયોગ કરો. સ્કિન હેલ્ધી રહેશે અને યૂવી કિરણોથી બચાવશે. સનસ્ક્રીનની સાથે સાથે મોઇશ્ચરાઇઝરનો પણ ઉપયોગ કરો જેથી તમારી સ્કિન સારી રહેશે. તમે ગરમીમાં જયારે પણ બહાર જાવો ત્યારે ખાસ કરીને સનસ્ક્રીન લોશન લગાવવાનું રાખો.

**બેસ્ટ સનસ્ક્રીન પસંદ કરવાની ટિપ્સઃ**

સ્કિન ટાઇપ જાણો : યોગ્ય સનસ્ક્રીન પસંદ કરવાનું પહેલું સ્ટેપ છે. તમારી સ્કિનના પ્રકારને સમજો. જો તમારી સ્કિન ઓઇલી હોય તો, તો ઓઇલ ફ્રી સનસ્ક્રીન કે જે છિદ્રોને બંધ ન કરે તેવું સનસ્ક્રીન પસંદ કરો. ડ્રાયસ્કિન મોઇશ્ચરાઇઝિંગ સનસ્ક્રીન પસંદ કરો.



**SPF ચેક કરો :** SPF (સન પ્રોટેકશન ફેક્ટર) સૂચવે છે સનસ્ક્રીન UVB કિરણો સામે તમારી સ્કિનની કેટલી રક્ષા કરી શકે છે.

બ્રોડ-સ્પેક્ટ્રમ પ્રોટેકશન ટ્રાય કરો: યુવી કિરણો સ્કિનને નુકસાન પહોંચાડી શકે છે અને અકાળ વૃદ્ધત્વ અને સ્કિન કેન્સરનું કારણ બની શકે છે. એવું સનસ્ક્રીન પસંદ કરો જે બ્રોડ-સ્પેક્ટ્રમ પ્રોટેકશન આપે છે. જે UVA અને UVB કિરણો બંને સામે રક્ષણ આપે છે.

**સનસ્ક્રીન એસપીએફ** (SPF) કેવી રીતે પસંદ કરવું?

SPF 15-30 : રોજિંદા ઉપયોગ અને ઓછા સૂર્યના સંપર્ક માટે આ સનસ્ક્રીન યોગ્ય છે. આ રેન્જ રોજિંદી પ્રવૃત્તિઓ માટે પૂરતું રક્ષણ પૂરું પાડે છે.

**SPF 30-50:** જો તમારા લાંબા સમય સુધી આઉટડોર પ્રવૃત્તિઓ દરમિયાન સૂર્યના સંપર્કમાં રહેવાનું છે. તો આ SPF 30-50 રેન્જ સ્કિન પર વધુ પડતી ભારે લાગ્યા વગર સૂર્યના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવા સામે સુરક્ષા પ્રદાન કરે છે.

**SPF 50 + :** ગોરી અથવા સેન્સિટિવ સ્કિન ધરાવતી વ્યક્તિઓ અથવા લાંબા સમય સુધી બહાર રહેવાનું થતું હોય તેવી વ્યક્તિઓ માટે ભલામણ કરવામાં આવે છે. આ હાઇ એસપીએફ હાનિકારક યુવી કિરણો સામે મહત્તમ રક્ષણ પૂરું પાડે છે અને ખાસ કરીને સનબર્ન અથવા સ્કિન સેન્સિટિવિટી જેવી સમસ્યા ધરાવતા લોકો માટે ફાયદાકારક છે. દર બે કલાકે સનસ્ક્રીન લોશન ફરીથી એપ્લાય કરવાનું રાખો, ખાસ કરીને સ્વિમિંગ કરતા હોવ.

સનસ્ક્રીન શા માટે દરરોજ એપ્લાય કરવું જોઇએ? સ્કિનકેર રૂટિનમાં સનસ્ક્રીન યુઝ કરવાનાં કારણો...

**અકાળ વૃદ્ધત્વને અટકાવેઃ** સૂર્યનો સંપર્ક એ અકાળ વૃદ્ધત્વનાં મુખ્ય કારણોમાંનું એક છે, જેમાં કરચલીઓ, ફાઇન લાઇન્સનો સમાવેશ થાય છે. યુવી કિરણો સ્કિનમાં કોલેજન અને ઇલાસ્ટિન તંતુઓને તોડી નાખે છે, સનસ્ક્રીન ત્વચાને હેલ્ધી અને ચમકદાર રાખે છે.

**સ્કિન કેન્સરનુ જોખમ ઘટાડે :** રક્ષણ વિના લાંબા સમય સુધી સૂર્યના સંપર્કમાં રહેવાથી સ્કિન કેન્સર થવાનું જોખમ વધી શકે છે. જેમાં મેલાનોમાનો સમાવેશ થાય છે. જે સ્કિન કેન્સરનું સૌથી ઘાતક સ્વરૂપ છે. સનસ્ક્રીન એક અવરોધ.

**યુવી પ્રોટેકશનઃ** સનસ્ક્રીન તમારી સ્કિનને સૂર્યના હાનિકારક અલ્ટ્રાવાયોલેટ (યુવી) કિરણોથી બચાવે છે.

સ્કિન ટોન જાળવી રાખેઃ દરરોજ સનસ્ક્રીન એપ્લાય કરવાથી સ્કિન ટોન જળવાઇ રહે છે. ■

# પાંચ દિવસની પછડાટને બ્રેકઃ ચાઈનીઝ કરંટથી એશિયાના બજારોમાં સુધારો, નિફ્ટીએ ૨૨,૫૦૦ પોઈન્ટનો સ્તર ફરી હાંસલ કર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ચાઈનીઝ કરંટથી એશિયાના બજારોમાં સુધારો આવતા તેની અસરે સ્થાનિક બજારમાં પણ સેન્ટિમેન્ટમાં સુધારો આવતા નવેસરની લેવાલીના ટેકા વચ્ચે સેન્સેક્સ ૩૪૧ પોઇન્ટ આગળ વધ્યો, જ્યારે નિફ્ટીએ ફરી ૨૨,૫૦૦ની સપાટી હાંસલ કરી લીધી હતી.

વૈશ્વિક શેરબજારમાં તીવ્ર તેજી અને બેંકિંગ શેરોમાં નવેસરની ખરીદીને પગલે સપ્તાહના પહેલા સત્રમાં સોમવારે બેન્ચમાર્ક સ્ટોક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી ૦.૫૦ ટકા વધીને પાછા ફર્યા હતા. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૩૪૧.૦૪ પોઈન્ટ અથવા ૦.૪૬ ટકા વધીને ૭૪,૧૬૯.૯૫ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો છે.

પાંચ સત્રની પીછેહઠને બ્રેક મારીને ઇન્ટ્રા-ડે ટ્રેડમાં, બેન્ચમાર્ક ૫૪૭.૪૪ પોઈન્ટ અથવા ૦.૭૪ ટકા વધીને ૭૪,૩૭૬.૩૫ પોઇન્ટની સપાટીને અથડાયો હતો. જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૧૧૧.૫૫ પોઈન્ટ અથવા ૦.૫૦ ટકા વધીને અંતે ૨૨,૫૦૮.૭૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો છે.

સેન્સેક્સ પેકમાંથી, બજાજ ફિનસર્વ, મહિન્દ્રા અને મહિન્દ્રા, એક્સિસ બેન્ક, બજાજ ફાઇનાન્સ, અદાણી પોટ્ર્સ, આઇસીઆઇસીઆઇ બેન્ક, ઝોમેટો અને અલ્ટ્રાટેક સિમેન્ટના શેરે સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં સ્થાન મેળવ્યું હતું. જોકે, આઇટીસી, નેસ્લે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એશિયન પેઇન્ટ્સ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ ટોચના સૌથી વધુ ગબડેલા શેરોની યાદીમાં હતા. વૈશ્વિક ઓઈલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ વાયદો ૧.૦૬ ટકા વધીને ૭૧.૩૩ ડોલર પ્રતિ બેરલ બોલાયો હતો.

વૈશ્વિક સ્તરે એશિયન બજારોમાં, જાપાનનો નિક્કેઈ ૧.૧૯ ટકા, હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ૧.૩૧ ટકા અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ૦.૨૮ ટકા સુધીની તેજી જોવા મળી હતી. ૧૪ માર્ચે અમેરિકાનો ડાઉ જોન્સ ૧.૬૫ ટકા વધીને ૪૧,૪૮૮ પર બંધ થયો હતો, જ્યારે નેસ્ડેક કંપોઝિટ ૨.૬૧ ટકા અને એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ ૨.૧૩ ટકા વધ્યો હતો.

એક્સચેન્જમાં ઉપલબ્ધ ડેટા અનુસાર પાછલા સત્રમાં ૧૩ માર્ચે વિદેશી રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૭૯૨ કરોડના શેર વેચ્યા હતા. આ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૧,૭૨૩ કરોડના શેર ખરીદ્યા હતા.

ચીને અર્થતંત્રમાં વપરાશી માગને વેગ આપવા માટે જાહેર કરેલા નવા પગલાં અને એશિયન બજારોના સકારાત્મક સંકેતોને કારણે ખાસ કરીને ફાઇનાન્શિયલ સ્ટોક્સમાની આગેવાનીમાં વધેલી લેવાલીનો ટેકો મળતા સોમવારે ભારતના બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટી સવારના સત્રમાં જ ઊંચા સ્તરે પહોંચ્યા હતા.

ખાનગી ધિરાણકર્તાની નાણાકીય સ્થિરતા અંગે ભારતીય રિઝર્વ બેન્કે કરેલી સ્પષ્ટતાને પગલે ઇન્ડસઇન્ડ બેંકના શેરમાં સવારના સત્રમાં પાંચ ટકા જેવો ઉછાળો જોવા મળ્યો હતો અને તેની આગેવાની હેઠળ નાણાકીય શેરોમાં લેવાલી વધતા આ સેક્ટરનો બેન્ચમાર્ક ઇન્ડેક્સના ૦.૫ ટકા જેવા વધારો જોવા મળ્યો હતો. બેન્ક શેરોના સુધારા સાથે ૧૩ મુખ્ય ક્ષેત્રોમાંથી ૧૧ ઇન્ડેક્સ પોઝિટિવ ઝોનમાં આગળ વધ્યા હતો હકીકતમાં, ઇન્ડસઇન્ડ બેંકે સોમવારે (૧૦ માર્ચ) એક એક્સચેન્જ ફાઇલિંગમાં જણાવ્યું હતું કે આંતરિક સમીક્ષામાં ડેરિવેટિવ્ઝ પોર્ટફોલિયોમાં એકાઉન્ટિંગ વિસંગતતાઓ બહાર આવી છે.

આના કારણે, બેંકની કમાણી ઘટી શકે છે અને નેટવર્થમાં ૨.૩૫%નો ઘટાડો થઈ શકે છે. આ સમાચાર બાદ, મંગળવારે (૧૧ માર્ચ) ઇન્ડસઇન્ડ બેંકના શેર ૨૭ ટકાનો કડાકો પડતા તે ૨૪૩ રૂપિયા ઘટીને રૂ. ૬૫૬.૮૦ પર આવી ગયો હતો.

એ જ તબક્કે, વ્યાપક બજારનું પ્રતિનિધિત્વ કરનારા સ્મોલ કેપ અને મિડ કેપ ઇન્ડેક્સમાં પણ લગભગ ૦.૩૦ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. અન્ય કોર્પોરેટ હલચલમાં પેટાકંપની સામે નાદારીની અરજી વચ્ચે ઓલા ઈલેક્ટ્રીકના શેરમાં સવારના સત્રમાં ચાર ટકા જેવો કડાકો જોવા મળ્યો હતો. નોંધવું રહ્યું કે આ કંપનીએ તાજેતરમાં જ ૧૦૦૦ કર્મચારીઓની છટણી કરવાની જાહેરાત કરી હતી.

આંતરરાષ્ટ્રીય મોરચે ચીને વપરાશી માગ વધારવા પ્રોત્સાહક પગલાં જાહેર કર્યા પછી એશિયન શેરબજારોમાં સુધારો જોવા મળ્યો હતો.

દરમિયાન, અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે તાજેતરના બજારની મંદીને સામાન્ય કરેક્શન તરીકે વર્ણવતાં યુ.એસ. ઇક્વિટી ફ્યુચર્સમાં ઘટાડો થયો હતો.

વેલ્યુએશન્સ અંગે અસ્પષ્ટતા વચ્ચે સ્થાનિક ફંડો સ્મોલ અને મિડકેપ શેરોના પોર્ટફોલિયોમાં ફેરફાર કરી રહ્યાં છે. પાછલા સપ્તાહે ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં ફેબ્રુઆરી મહિનામાં ઈન્ફ્લો ૨૬ ટકા ઘટીને રૂ. ૨૯,૩૦૩ કરોડ રહ્યો હતો, જે જાન્યુઆરીમાં રૂ. ૩૯,૬૮૮ કરોડ હતો અને ડિસેમ્બરમાં રૂ. રૂ. ૪૧,૧૫૬ કરોડ હતો. માર્કેટમાં વોલેટિલિટી વચ્ચે સ્મોલ કેપ અને મિડ કેપ સ્કીમમાં ઈન્ફ્લોમાં મોટાપાયે ઘટાડો નોંધાયો હતો. ઈક્વિટી ફંડ્સના ઇન્ફ્લોમાં સતત બીજા મહિને ઘટાડો નોંધાયો હતો.

દરમિયાન, ટોચની ૧૦ સૌથી મૂલ્યવાન કંપનીઓમાંથી પાંચના માર્કેટ કેપમાં ૯૩,૩૫૭.૫૨ કરોડ રૂપિયાનો ઘટાડો થયો હતો, જેમાં આઇટી જાયન્ટ્સ ઇન્ફોસિસ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસને સૌથી મોટો ફટકો પડ્યો હતો. જે સ્થાનિક ઇક્વિટીમાં નબળા વલણને અનુરૂપ છે. ગયા અઠવાડિયે, બીએસઈ સેન્સેક્સ બેન્ચમાર્ક ૫૦૩.૬૭ પોઈન્ટ અથવા ૦.૬૮ ટકા ઘટ્યો અને એનએસઈ નિફ્ટી ૧૫૫.૩ પોઈન્ટ અથવા ૦.૬૯ ટકા ઘટ્યો. શેરબજાર શુક્રવારે હોળીના તહેવાર નિમિત્તે બંધ રહ્યા હતા.

શેરબજારમાં સપ્તાહને પહેલે દિવસે એકંદર સુધારો જળવાઇ રહ્યો હતો. માત્ર ત્રણ સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા અને હેલ્થકેર ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યો હતો. એક્સચેન્જનું માર્કેટ કેપિટલ રૂ.૧.૬૨ લાખ કરોડ વધીને રૂ.૩૯૨.૮૦ લાખ કરોડની સપાટીએ પહોંચ્યું હતું.

સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૭૩,૮૨૮.૯૧ના બંધથી ૩૪૧.૦૪ પોઈન્ટ્સ (૦.૪૬ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૧.૬૨ લાખ કરોડ વધીને રૂ.૩૯૨.૮૦ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેક્સ ૭૩,૮૩૦.૦૩ ખૂલીને ઊંચામાં ૭૪,૩૭૬.૩૫ સુધી અને નીચામાં ૭૩,૭૯૬.૦૬ સુધી જઈને અંતે ૭૪,૧૬૯.૯૫ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની ૧૯ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૧ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૨૩૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૬૦૫ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૫૦૭ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૨૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૦૧ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૪૮૯ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૭૭ ટકા વધ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૨ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૦૩ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૯૯ ટકા ઘટ્યો હતો.

કુલ નોશનલ ટર્નઓવર રૂ.૯૬,૪૭,૭૭૩.૨૭ કરોડનું રહ્યું હતું.

## જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવો ફેબ્રુઆરીમાં વધીને ૨.૩૮ ટકાના સ્તરે પહોંચ્યો

નવી દિલ્હીઃ સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડા દર્શાવે છે કે શાકભાજી, તેલ અને પીણાં જેવી ઉત્પાદિત ખાદ્ય ચીજોના ભાવમાં વધારો થવાને કારણે ફેબ્રુઆરીમાં જથ્થાબંધ ભાવાંક ફુગાવો થોડો વધીને ૨.૩૮ ટકાની સપાટીએ પહોંચ્યો છે.

જાન્યુઆરીમાં જથ્થાબંધ ભાવાંક (ડબલ્યુપીઆઇ) આધારિત ફુગાવો ૨.૩૧ ટકા હતો. ફેબ્રુઆરી ૨૦૨૪માં તે ૦.૨ ટકાના સ્તરે હતો. સતત ત્રણ મહિનાના ઘટાડા પછી ડબલ્યુપીઆઇમાં સાધારણ વધારો જોવા મળ્યો છે. જાન્યુઆરીની સરખામણીમાં ફેબ્રુઆરી મહિનામાં ડબલ્યુપીઆઇમાં માસિક તુલનાત્મક ધોરણનો ફેરફાર ૦.૦૬ ટકા રહ્યો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિવેદન મુજબ, ફેબ્રુઆરી, ૨૦૨૫માં ફુગાવાનો સકારાત્મક દર મુખ્યત્વે ખાદ્ય ઉત્પાદનો, ખાદ્ય ચીજો, અન્ય ઉત્પાદન, બિનખાદ્ય ચીજો અને કાપડના ઉત્પાદન વગેરેના ભાવમાં વધારાને કારણે છે. ડેટા મુજબ, મહિના દરમિયાન ઉત્પાદિત ખાદ્ય ઉત્પાદનોમાં ફુગાવો વધીને ૧૧.૦૬ ટકા, વનસ્પતિ તેલમાં ૩૩.૫૯ ટકા, જ્યારે પીણાંમાં નજીવો વધારો થઈને ૧.૬૬ ટકા થયો હતો. જોકે, શાકભાજીના ભાવમાં ઘટાડો થયો હતો અને બટાકાના ભાવ મહિના દરમિયાન ૭૪.૨૮ ટકાથી ઘટીને ૨૭.૫૪ ટકા થયા હતા. ઈંધણ અને વીજળી શ્રેણીમાં ફેબ્રુઆરીમાં ૦.૭૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, જે અગાઉના મહિનામાં ૨.૭૮ ટકા હતો. બુધવારે જાહેર કરાયેલા છૂટક ફુગાવાના આંકડા દર્શાવે છે કે ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થવાને કારણે ફેબ્રુઆરીમાં ગ્રાહક ભાવ સૂચકાંક (સીપીઆઇ) આધારિત ફુગાવો સાત મહિનાના નીચલા સ્તરે ૩.૬૧ ટકા પર પહોંચી ગયો હોવાનું જાહેર થયું છે.

## બુલિયન માર્કેટમાં જોરદાર તેજીઃ શુદ્ધ સોનાએ ₹ ૮૮,૧૦૦ની સપાટી વટાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજાર સપ્તાહના પહેલા દિવસે સ્થિર થવા મથી રહ્યું છે ત્યારે સોનાચાંદી બજારમાં જોરદાર ઉછાળા સાથે તેજીનો પવન ફૂંકાયો છે. ખૂલતા બજારમાં સોનાના ભાવમાં દસગ્રામે રૂ. ૧૦૪૪થી ૧૦૪૮નો ઉછાલો જોવા મળ્યો છે. જ્યારે ચાંદીમાં રૂ. ૧૩૬૩ પ્રતિ કિલોનો ઉછાળો છે. ઝવેરી બજારમાં ખૂલતા સત્રમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૮૬,૮૪૩ના પાછલા બંધ સામે રૂ. ૧,૦૪૮ના ઉછાળા સાથે રૂ. ૮૭,૮૯૧ પ્રતિ દસ ગ્રામ બોલાયું છે, જ્યારે ૯૯૫ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૮૬,૪૯૫ પ્રતિ દસ ગ્રામના પાછલા બંધ સામે રૂ. ૧,૦૪૪ના ઉછાળા સાથે રૂ. ૮૭,૫૩૯ની સપાટીએ ખૂલ્યા છે. આ તરફ ચાંદી પણ રૂપિયા એક લાખ તરફ ધસમસી રહી છે. મુંબઇના ઝવેરી બજારમાં .૯૯૯ ટચની હાજર ચાંદી રૂ. ૯૮,૩૨૨ના બંધ સામે રૂ. ૧,૩૬૩ના ઉછાળા સાથે ખૂલતા સત્રમાં રૂ. ૯૯,૬૮૫ બોલાઇ હતી.

સત્રને અંતે શુદ્ધ સોનું રૂ. ૧,૨૫૮ના વધારા સાથે રૂ. ૮૮,૧૦૧ની સપાટી પર સ્થિર થયું હતું, જ્યારે સ્ટાન્ડર્ડ સોનું દસ ગ્રામે રૂ. ૧,૨૫૩ના વધારા સાથે રૂ. ૮૭,૭૪૮ની સપાટીએ પહોંચ્યું હતું. એ જ સાથે હાજર ચાંદી કિલોએ રૂ. ૧,૪૪૫ના ઉછાળા સાથે રૂ. ૯૯,૭૬૭ની સપાટીએ સ્થિર થઇ હતી. સોનામાં ભાવ વધારા માટેના ત્રણ મુખ્ય કારણોમાં ટ્રમ્પના અમેરિકાના રાષ્ટ્રપતિ બનવાથી ભૂરાજકીય વધેલા તણાવ, ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં વધી રહેલી નબળાઇ અને શેરબજારમાં ઘટાડાને સ્થાન આપી શકાય, જેને કારણે લોકો સોનામાં રોકાણ વધારી રહ્યા છે. ટોચના બુલિયન ડીલરે જણાવ્યું હતું કે, તાજા કારણો જોઇએ તો અમેરિકા પછી યુકે દ્વારા વ્યાજ દરોમાં ઘટાડો અને વધતા ભૂરાજકીય તણાવને કારણે સોનાને ટેકો મળી રહ્યો છે. તેમજ, ગોલ્ડ ઇટીએફમાં રોકાણ પણ વધી રહ્યું છે. આ કારણે પણ સોનાની માગ વધી રહી છે. ઓનલાઇન એક્સચેન્જ પર સોનાના ભાવ રૂ. ૮૮,૦૦૦થી ઉપર નવા ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યા છે, જ્યારે કોમેક્સ ગોલ્ડે ૩,૦૦૦ ડોલરની સપાટી પાર કરી દીધી છે. આ તેજીને અનેક દેશોમાં વિવિધ ઉત્પાદનો પર સતત યુએસ ટેરિફ દ્વારા વેગ મળ્યો છે, જેમાં આલ્કોહોલ અને કોગ્નેક જેવા યુરોપિયન માલ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

આ ટેરિફની ચિંતાઓ બજારના સહભાગીઓને સાવચેત રાખી રહી છે, જેના કારણે સોનાની ખરીદી સતત ચાલુ રહી છે. આ અઠવાડિયે, યુએસ રિટેલ સેલ્સ ડેટા અને ફેડરલની નીતિ બેઠક અને નિવેદન જેવી મુખ્ય ઘટનાઓ સોના માટે આગામી ચાલ નક્કી કરવામાં નિર્ણાયક રહેશે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**સર્વેક્ષણ અને બાંધકામ**

**ઈ-ટેન્ડર નંબર : DyCE-C-V-NLY-VAYOR-02 તારીખ: 17.03.2025 ઈ-ટેન્ડર નંબર : DyCE-C-V-NLY-JAKHAU-02 તારીખ: 17.03.2025** ભારતના સંઘના રાષ્ટ્રપતિ વતી, ડેપ્યુટી ચીફ એન્જિનિયર (સી)વી, અમદાવાદના નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે : **(1) ઇ-ટેન્ડર નંબર :** T. No. DyCE-C-V-NLY-VAYOR-2 **કાર્યનું નામ :** પશ્ચિમ રેલવે પર અમદાવાદ ડિવિઝનના ભુજ-નલીયા GCના વાયોર નવી લાઇન સુધીના વિસ્તરણના સંદર્ભમાં નલિયા-વાયોર વચ્ચેના કાર્યને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે જરૂરી રચના, બ્લેન્કેટિંગ, ટ્રોલી રિફ્યુજી અને વિવિધ પુલના બાંધકામ (પિચિંગ, ટો વોલ, ફ્લોર પ્રોટેક્શન જેવા વિવિધ કાર્યો સહિત), પેસેન્જર પ્લેટફોર્મ અને ફરતા વિસ્તારનું બાંધકામ, પોઇન્ટ અને ક્રોસિંગ સહિત બ્રોડગેજ મુખ્ય લાઇન લૂપ્સ લાઇન નાખવા અને લિંક કરવા, ટ્રેક સંબંધિત પ્રવૃત્તિઓ, પી. વે મટિરિયલનું પરિવહન, પથ્થરની પટ્ટીનો પુરવઠો અને સ્ટેકીંગ, સિગ્નલ અને ટેલિકોમ (આઉટડોર) ડિઝાઇન, સપ્લાય, બાંધકામ, 25 KV AC OHE અને સબ-સેક્શનિંગ અને પેરેલલિંગ પોસ્ટ (SP/SSP) ના કામોનું પરીક્ષણ અને કમિશનિંગ, HT/LT ટ્રેક ક્રોસિંગમાં ફેરફાર, માળખાઓનું વીજળીકરણ અને અન્ય વિવિધ કાર્યો. **કામનો અંદાજિત ખર્ચ :** ₹190,86,96,476.40 **બિડ સિક્યોરિટી :** ₹96,93,500/- **(2) ઇ-ટેન્ડર નંબર :** T. No. DyCE-C-V-NLY-JAKHU-02 **કાર્યનું નામ :** પશ્ચિમ રેલવે પર અમદાવાદ ડિવિઝનના નલિયા-જખૌ પોર્ટ સેક્શનની નવી બ્રોડગેજ લાઇનના સંબંધમાં નલિયા-જખૌ પોર્ટ વચ્ચેના કાર્યને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે જરૂરી રચના, બ્લેન્કેટિંગ, ટ્રોલી રિફ્યુજી અને વિવિધ પુલના બાંધકામ (પિચિંગ, ટો વોલ, ફ્લોર પ્રોટેક્શન જેવા વિવિધ કાર્યો સહિત), પેસેન્જર પ્લેટફોર્મ અને ફરતા વિસ્તારનું બાંધકામ, પોઇન્ટ અને ક્રોસિંગ સહિત બ્રોડગેજ મુખ્ય લાઇન લૂપ્સ લાઇન નાખવા અને લિંક કરવા, ટ્રેક સંબંધિત પ્રવૃત્તિઓ, પી. વે મટિરિયલનું પરિવહન, પથ્થરની પટ્ટીનો પુરવઠો અને સ્ટેકીંગ, સિગ્નલ અને ટેલિકોમ (આઉટડોર) ડિઝાઇન, સપ્લાય, બાંધકામ, 25 KV AC OHE અને સબ-સેક્શનિંગ અને પેરેલલિંગ પોસ્ટ (SP/SSP) ના કામોનું પરીક્ષણ અને કમિશનિંગ, HT/LT ટ્રેક ક્રોસિંગમાં ફેરફાર, માળખાઓનું વીજળીકરણ અને અન્ય વિવિધ કાર્યો. **કામનો અંદાજિત ખર્ચ :** ₹227,20,74,089.50 **બિડ સિક્યોરિટી :** ₹1,00,00,000/- **ટેન્ડરનો પ્રકાર :** ઓપન ટેન્ડર (બે પેકેટ સિસ્ટમ). **પૂર્ણતા સમયગાળો :** ચોમાસાના સમયગાળા સહિત 18 મહિના. **બંધ થવાનો સમય અને તારીખ :** 07.04.2025 ના 15.00 કલાકે. **વેબસાઇટ વિગતો નોટિસ બોર્ડ ટેન્ડરની સંપૂર્ણ વિગતો અને ઓફિસ સરનામું જ્યાં જોઇ શકાશે તે સ્થાન :** ડેપ્યુટી ચીફ એન્જિનિયર(C)V, પશ્ચિમ રેલવે, અમદાવાદ. www.ireps.gov.in 133

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


## રૂપિયો યુએસ ડોલર સામે ૨૪ પૈસા વધીને ૮૬.૮૧ પર બંધ થયો

મુંબઈઃ વિદેશી હૂંડિયામણ બજારમાં યુએસ ડોલર સામે રૂપિયો ૨૪ પૈસા વધીને ૮૬.૮૧ની સપાટીએ પહોંચ્યો છે. સોમવારે સ્થાનિક શેરબજારમાં સકારાત્મક સુધારા અને અમેરિકન ચલણની નબળાઈને કારણે રૂપિયો યુએસ ડોલર સામે ૨૪ પૈસા વધીને ૮૬.૮૧ (પ્રોવિઝનલ) સ્તર પર પહોંચ્યો હોવાનું ફોરેક્સ ડીલરે કહ્યું હતું.

ફોરેક્સ માર્કેટના સાધનોએ જણાવ્યું હતું કે યુએસ ડોલરમાં નબળાઈ અને સકારાત્મક વૈશ્વિક બજારો પર રૂપિયો થોડો હકારાત્મક પૂર્વગ્રહ સાથે ટ્રેડ થયો હતો. જોકે, ક્રૂડ ઓઇલના ભાવમાં વધારાને કારણે સ્થાનિક એકમ માટે તીવ્ર વધારો મર્યાદિત રહ્યો.

ઇન્ટરબેંક ફોરેન એક્સચેન્જ પર, રૂપિયો ૮૬.૯૦ પર ખુલ્યો અને પછી ઇન્ટ્રાડે ઉચ્ચતમ ૮૬.૭૬ અને ગ્રીનબેક સામે ૮૬.૯૦ ની નીચી સપાટીને સ્પર્શ્યો. યુનિટે સત્રનો અંત ડોલર સામે ૮૬.૮૧ (કામચલાઉ) પર કર્યો, જે તેના અગાઉના બંધ સ્તરથી ૨૪ પૈસાનો વધારો દર્શાવે છે.

## દિલ્હીમાં ચાંદી ₹ ૧,૦૨,૫૦૦ની નવી વિક્રમી ઊંચી સપાટીએ, બંને કિંમતી ધાતુમાં ₹ ૧૩૦૦નો ઉછાળો

નવી દિલ્હીઃ યુએસ ટેરિફ અંગે અનિશ્ચિતતા, વેપાર તણાવ અને ફેડરલ રિઝર્વ દ્વારા નાણાકીય નીતિમાં છૂટછાટની વધતી અપેક્ષાઓ વચ્ચે વૈશ્વિક બજારોમાં મજબૂત વલણોને પગલે સોમવારે સોના અને ચાંદીના ભાવ નવા રેકોર્ડ સ્તરે પહોંચ્યા, જેમાં દરેક રૂ. ૧,૩૦૦ નો ઉછાળો આવ્યો.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતી કિંમતી ધાતુ, સતત ચોથા દિવસે આગેકૂચ સાથે, ૧,૩૦૦ રૂપિયા વધીને રૂ. ૯૦,૭૫૦ પ્રતિ ૧૦ ગ્રામની નવી ટોચે પહોંચી ગઈ છે. ગુરુવારે આ સોનું રૂ. ૮૯,૪૫૦ પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયું હતું. એ જ રીતે, ૯૯.૫ ટકા શુદ્ધતા ધરાવતી સોનાની કિંમત રૂ. ૧,૩૦૦ વધીને રૂ. ૯૦,૩૫૦ પ્રતિ ૧૦ ગ્રામની આજીવન ઉચ્ચતમ સપાટીએ પહોંચી ગઇ છે.

સિનિયર કોમોડિટી એનાલિસ્ટના જણાવ્યા અનુસાર, કિંમતી ધાતુઓમાં રેકોર્ડબ્રેક તેજી માટે ઘણા પરિબળો જવાબદાર છે, જેમાં કેન્દ્રીય બેંકો દ્વારા ખરીદી અને વૈશ્વિક આર્થિક અસ્થિરતાનો સમાવેશ થાય છે. વધુમાં, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વેપાર અને આર્થિક નીતિઓને કારણે વિશ્વભરમાં આર્થિક અનિશ્ચિતતામાં વધારો થવાથી સેફ હેવન એસેટની માગમાં વધારો થયો છે.

આ વર્ષે અત્યાર સુધી, પીળી ધાતુના ભાવ પહેલી જાન્યુઆરીની સપાટી સામે ૧૧,૩૬૦ રૂપિયા અથવા ૧૪.૩૧ ટકા વધીને ૯૦,૭૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયા હતા, જે પહેલી જાન્યુઆરીના રોજ ૭૯,૩૯૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની સપાટીએ હતા. ચાંદીના ભાવ પણ ૧,૩૦૦ રૂપિયા વધીને ૧,૦૨,૫૦૦ રૂપિયા પ્રતિ કિલોના નવા સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યા છે. ગુરુવારે આ કિંમતી સફેદ ધાતુ ૧,૦૧,૨૦૦ રૂપિયા પ્રતિ કિલોની સપાટી પર બંધ થઈ હતી. શુક્રવારે, હોળીના તહેવાર નિમિત્તે બુલિયન બજારો બંધ રહ્યા હતા. દરમિયાન, વાયદા બજારમાં એપ્રિલ ડિલિવરી માટે સોનાનો વાયદો ૧૩ રૂપિયા વધીને ૮૮,૦૦૪ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો હતો. શુક્રવારે, કોમોડિટીઝ શેરબજારમાં પીળી ધાતુ ૮૮,૩૧૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ ટોચે પહોંચી હતી. આંતરરાષ્ટ્રીય બજારોમાં, હાજર સોનાનો ભાવ ૧૪.૪૮ ડોલર વધીને ૨,૯૯૮.૯૦ ડોલર પ્રતિ ઔંસ થયો હતો. શુક્રવારે તેણે ૩,૦૦૦ ડોલર પ્રતિ ઔંસના મનોવૈજ્ઞાનિક સ્તરને પાર કર્યો હતો. તેવી જ રીતે, કોમેક્સ સોનાનો વાયદો ૩,૦૦૭ ડોલર પ્રતિ ઔંસના ઊંચા ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. શુક્રવારે, તે ૩,૦૧૭.૧૦ ડોલર પ્રતિ ઔંસના રેકોર્ડ ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યો હતો.

ફુગાવામાં ઘટાડો થવાને કારણે યુએસ ફેડરલ વ્યાજ દરમાં વધુ ઘટાડો કરશે એવી અપેક્ષાઓ મજબૂત થતાં સોનાના ભાવ રેકોર્ડ ઉચ્ચતમ સ્તરની નજીક રહ્યા હોવાનું બજારના સાધનો જણાવે છે. અમેરિકાએ પુષ્ટિ આપી છે કે જ્યાં સુધી યમનના હુથીઓ લાલ સમુદ્રના શિપિંગ પર હુમલા બંધ ન કરે ત્યાં સુધી તેમના પર હુમલા ચાલુ રહેશે, જેના કારણે ભૂરાજકીય જોખમોએ સોનાના ભાવમાં વધારો કર્યો છે, જેનાથી આ ક્ષેત્રમાં તણાવ વધ્યો છે.

રોકાણકારો સોમવારે જાહેર થનારા અમેરિકાના રિટેલ વેચાણ ડેટા પર ઝીણવટભરી નજર રાખશે. તેઓ ફેડરલના નાણાકીય નીતિ વલણની સમજ માટે મંગળવારથી શરૂ થતી ફેડરલ ઓપન માર્કેટ કમિટી (એફએમઓસી)ની બેઠકની પણ રાહ જોશે.


PUBLIC NOTICE

Notice is hereby given on behalf of our clients namely Mrs. Lilavati (aka Lilavanti) Ramesh Gajra and Mr. Bhavik Ramesh Gajra, residents of Navi Mumbai, who have agreed to purchase from the flat-owners viz. Mr. Amit Nagindas Vora & Mrs. Shilpa Amit Vora, a residential premises being Flat No. 601 admeasuring 308.08 sq. mtrs. (3314.98 sq. ft.) carpet area along with the shares & membership rights of society viz. 'EL Castillo C.H.S. Ltd., together with 7 covered car parking nos.31 to 35 and 40 & 41 attached thereto, i.e. more particularly described in the Schedule hereunder written and hereinafter collectively referred to as the "SAID PREMISES" for the sake of brevity.

Any person having any claim, right, title, interest, liability, encumbrance or adversity whatsoever in respect of the said premises by way of sale, exchange, gift, lease, sub-lease, tenancy, allotment, alienation, mortgage, charge, security, lien, understanding, trust, inheritance, possession or otherwise howsoever are hereby requested to intimate the same and submit their objections/claims in writing along with supporting documents to the undersigned having address at office no.836, 8th floor, Grohitam Building, Near Mathadi Bhavan, APMC, Sector-19, Vashi, Navi Mumbai - 400 705, within **14 (Fourteen) days** from the date of publication of this notice, failing which, the objections/ claims if any, of such persons will be considered to have been waived off &/or abandoned and the transaction of purchase of the said premises will proceed and be completed between our clients and the said flat owners, without considering such objections or claims.

**SCHEDULE OF THE SAID PREMISES ABOVE REFERRED TO**

That residential premises being Flat No. 601, admeasuring 308.08 Sq. Mtrs. equivalent to 3314.98 Sq. Ft. Carpet Area situated on 6th floor of the building known as EL Castillo standing upon Plot No. 23 B & 23 C in Sector 6, Nerul, Navi Mumbai - 400 706, District Thane along with membership rights and fully paid-up shares of EL Castillo C.H.S Ltd. together with seven covered car parking spaces bearing nos. 31 to 35 and 40 & 41 attached thereto.

For **Janaki Associates**
Sd/-
Advocates

Place: Navi Mumbai
Dt: 18/03/2025



BRIHANMUMBAI MAHANAGARPALIKA

E.E./ગાર્ડન સેલ/OD/૩૦૧૧ તા. ૧૭.૩.૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| વિભાગ નામ | એક્ઝિક્યુટિવ એન્જીનિયર (ગાર્ડન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેલ) |
| ટેન્ડર દસ્તાવેજ નં. | ૨૦૨૫_MCGM_૧૧૪૬૫૯૮_૨ |
| વિષય | K/ પશ્ચિમ વોર્ડમાં યારી રોડ, વર્સોવા, અંધેરી (પ.) ખાતે ડૉ. વાસુદેવ ગોવિંદ પેંડે ઉદ્યાનનું સૂચિત રિપેર્સ અને અપગ્રેડેશન |
| વેબસાઈટ | http://portal.mahatenders.gov.in |
| ટેન્ડરની કિંમત | રૂા. ૧૬૫૦૦ + ૧૮% GST (૯% CGST + ૯% SGST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદા. કિંમત) | રૂ. ૧,૬૫,૫૭,૩૮૭.૦૦ (GST સિવાય) રૂ. ૧,૯૫,૩૭,૭૧૬.૬૬ (GST સહિત) |
| બિડ સિક્યુરિટી ડિપોઝીટ/બારડી | રૂા. ૧,૯૫,૫૦૦/- |
| ટેન્ડર વેચાણ અને ઈશ્યુ કરવાની તારીખ | ૧૮/૦૩/૨૦૨૫ના ૧૧:૦૦ ક.થી |
| ટેન્ડર વેચાણની અંતિમ તારીખ અને સમય | ૨૭/૦૩/૨૫ના ૧૬:૦૦ ક. સુધી. |
| પેકેટ એ, બી અને સીની સુપ્રત (ઓનલાઈન) અને બીડ સિક્યુરિટી ડિપોઝીટની સ્વીકૃતિ | ૨૭/૦૩/૨૫ના ૧૬:૦૦ ક. સુધી |
| પેકેટ A ખૂલશે | ૨૮/૦૩/૨૫ના ૧૬:૦૦ ક. પછી |
| પેકેટ B ખૂલશે | ૦૧/૦૪/૨૫ના ૧૧:૦૧ ક. પછી |
| પેકેટ C ખૂલશે | ૦૮/૦૪/૨૫ના ૧૫:૦૦ ક. પછી |
| સંદેશ વ્યવહારનું સરનામું | એક્ષીક્યુટીવ એન્જિનિયર (ગાર્ડન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેલ), ૪થો માળ, હોકર્સ પ્લાઝા બિલ્ડીંગ, જનતા માર્કેટ, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પ), મુંબઈ-૪૦૦૦૨૮ની ઓફિસ. |
| સંપર્ક વ્યક્તિ નામ | સબ એન્જિનિયર (GIC)/ આસીસ્ટન્ટ એન્જિનિયર (GIC) |
| એ) નામ | શ્રી. અમોલ ચવાન/ શ્રી. B.T. સાવંત |
| બી) મોબાઈલ નં. | ૯૮૩૩૩૬૯૦૩૯/ ૯૯૬૭૯૧૧૬૪૨ |
| સી) ઈ-મેઈલ સરનામા | 1674648@mcgm.gov.in/ 4134624@mcgm.gov.in |
| પ્રી-બીડ મિટિંગ | લાગુ પડતું નથી |

સહી/-
એક્ઝિક્યુટિવ એન્જિનિયર
(ગાર્ડન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેલ)

PRO/2831/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.


## કોર્પોરેટ ક્ષેત્રે વિલિનીકરણના વોલ્યૂમમાં ત્રણ વર્ષનો સૌથી મોટો ઉછાળો

મુંબઇઃ એક તરફ અર્નિંગ્સને મામલે નબળાઇ રહી હોવા છતાં બીજી તરફ કોર્પોરેટ ક્ષેત્રે વિલિનીકરણ અને હસ્તગતીકરણ તથા ખાનગી ઇક્વિટીના કરારમાં વોલ્યુમના ધોરણે ત્રણ વર્ષનો સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો છે. એમએન્ડએ તથા પીઈના ૭.૨૦ અબજ ડોલરના સોદા ફેબ્રુઆરીમાં પાર પડ્યા હતા અને પાછલાં ત્રણ વર્ષમાં ગત મહિને કરારનું સૌથી વધુ વોલ્યુમ જોવા મળ્યું હતું.

ફેબ્રુઆરી મહિનામાં દેશમાં ૭.૨૦ અબજ ડોલરના મૂલ્યના ૨૨૬ મર્જર એન્ડ એક્વિઝિશન (એમએન્ડએ) અને પ્રાઈવેટ ઈક્વિટી (પીઈ) કરાર પાર પડયા હતા, જે પાછલાં ત્રણ વર્ષમાં કોઈ એક મહિનામાં નોંધાયેલા વોલ્યુમની દ્રષ્ટિએ સૌથી ઊંચો આંક છે.

ફેબ્રુઆરી, ૨૦૨૪ની સરખામણીએ વર્તમાન વર્ષના ફેબ્રુઆરીમાં કરારમાં મૂલ્યની દ્રષ્ટિએ ૫.૪૦ ટકા અને વોલ્યુમ્સની દ્રષ્ટિએ ૬૭ ટકા વધુ હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું. ગયા મહિને ૪.૮૦ અબજ ડોલરના મૂલ્ય સાથેના એમએન્ડએના ૮૫ કરાર પાર પડયા હતા. એમએન્ડએના કુલ સોદામાં વોલ્યુમની દ્રષ્ટિએ ઘરેલુ કરારનો હિસ્સો ૬૮ ટકા મૂલ્યની દ્રષ્ટિએ ૭૮ ટકા હિસ્સો રહ્યો હતો. વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે ભારતની બજારમાં વિદેશી ઈન્વેસ્ટમેન્ટસમાં ઘટાડા અને ટ્રેડ ટેરિફના ઓછાયા છતાં, ભારતમાં કરાર ક્ષેત્રે સ્થિતિસ્થાપકતા જોવા મળી છે.

ઘરઆંગણે મજબૂત માગને કારણે આ સ્થિતિસ્થાપકતા જોવા મળી હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. ૧૪૧ સોદા સાથે પ્રાઇવેટ ઇક્વિટીના કુલ ૨.૪૦ અબજ ડોલરના વ્યવહાર પાર પડયા હતા. મે, ૨૦૨૨ બાદ આ સૌથી ઊંચુ પીઈ વોલ્યુમ જોવા મળ્યુ છે.

આ તરફ મર્જર અને એક્વિઝિશનના સોદાના વોલ્યુમમાં પણ સ્થિર વધારો જોવા મળી રહ્યો છે. નોંધવું રહ્યું કે પાછલાં વર્ષના ડિસેમ્બરથી આ મોરચે મૂલ્યમાં ઘટાડો થઈ રહ્યો છે. એમએન્ડએમાં સરહદપાર પ્રવૃત્તિ મિશ્ર જોવા મળી રહી છે.

આ અભ્યાસમાં એવો આશાવાદ વ્યકત કરવામાં આવ્યો છે કે, સ્ટાર્ટઅપ્સ તથા એમએસએમઈને વેરામાં રાહત, મૂડીખર્ચની ફાળવણીમાં વધારો અને ક્ષેત્ર પ્રમાણે પહેલોને પરિણામે આગળ જતા કરારની પ્રવૃત્તિમાં ખાસ કરીને ઉત્પાદન, ઊર્જા, ઈન્ફ્રા સંચાલનમાં વધારો જોવા મળવાની સંભાવના છે.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

(આસીસ્ટન્ટ કમિશનર KW વૉર્ડ, KW વૉર્ડ બિલ્ડિંગ, ૩જો માળ, પાલીરામ રોડ, અંધેરી (પ.), મુંબઈ-૪૦૦૦૫૮ની ઓફિસ)

ટેલિ. નં. (ઓફિસ): ૦૨૨૨૬૨૩૨૯૬૯

નંબરઃ PCO /૪૦૭૨/KW તારીખઃ ૧૭.૦૩.૨૦૨૫

**નોટીસ**

૦૭ મહિના એટલે કે ૧૭૩ દિવસો માટે KW વોર્ડમાં એન્ટીલાર્વલ સારવાર, ફોગિંગ, ફલાય કન્ટ્રોલ અને રોડેન્ટ કન્ટ્રોલ વગેરે જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે સ્વયંસેવકોની જોગવાઈ માટે નોંધાયેલ સહકારી/ બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવાય છે.

રસ ધરાવતી સંસ્થાઓએ BMC પોર્ટલ **http://portal.mcgm.gov.in** પર અરજીઓ ડાઉનલોડ કરવી જોઈશે અથવા પેસ્ટ કન્ટ્રોલ ઓફિસર KW વૉર્ડ, ૫મો માળ, વૉર્ડ ઓફિસ બિલ્ડિંગ, K/ પશ્ચિમ, પાલીરામ રોડ, અંધેરી (પ.), મું.-૫૮, ટેલિ. નં. (ઓફિસ) ૦૨૨૨૬૨૩૨૯૬૯ની ઓફિસમાં સંપર્ક કરવો.

પેસ્ટ કન્ટ્રોલ ઓફિસરની ઓફિસ ખાતે અરજીઓ સુપ્રત કરવાની છેલ્લી તારીખ ૨૫.૦૩.૨૦૨૫ કામકાજના દિવસોમાં સાંજે ૪.૦૦ વાગ્યા પહેલાની રહેશે.


સહી/-
**આસીસ્ટન્ટ કમિશનર**
**KW વૉર્ડ**

PRO/2838/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# ઔરંગઝેબ મામલે નાગપુરમાં ભડકો

## જમણેરી સંગઠનોના દેખાવોમાં કુરાન બાળવામાં આવી હોવાની અફવાને પગલે તોફાનોઃ પોલીસ પર પથ્થરમારો



**તોફાન પછીનો અજંપોઃ** નાગપુરમાં તોફાનો પછી મોટા પાયે પોલીસ તહેનાત કરવામાં આવી હતી. (પીટીઆઈ)

નાગપુરઃ મોગલ સમ્રાટ ઔરંગઝેબની કબરને મામલે તંગદિલી ફેલાયેલી છે ત્યાં આ મામલે જમણેરી સંગઠનો દ્વારા ગઈ કાલે મધ્ય નાગપુરમાં કરવામાં આવેલા આંદોલન વખતે મુસ્લિમ સમુદાયના પવિત્ર ગ્રંથને બાળવામાં આવ્યો હોવાની અફવાને પગલે તોફાનો થયા હતા. આ મામલા પછી ભારે કોમી તંગદિલી ફેલાઈ હતી અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શાંતિની અપીલ કરતા કહેવું પડ્યું હતું કે, અફવાઓ પર વિશ્વાસ ન રાખો.નાગપુરમાં થયેલા

(જુઓ પાનું ૪) ▸▸

## કમનસીબે, ઔરંગઝેબની કબરનું રક્ષણ કરવું પડશે

### આમ કહીને ફડણવીસે એવી સ્પષ્ટતા પણ કરી કે મોગલ સમ્રાટનું મહિમાગાન નહીં ચલાવી લેવાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઔરંગઝેબની કબર પર ફરી એકવાર રાજકીય આરોપો અને પ્રતિ-આરોપો વધી ગયા છે. કોંગ્રેસના પ્રદેશાધ્યક્ષ હર્ષવર્ધન સપકાળ દ્વારા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની સરખામણી ઔરંગઝેબ સાથે કરવામાં આવ્યા બાદ ભાજપ આક્રમક બન્યું હતું, ત્યારે એમવીએએ પણ સરકાર પર વળતો પ્રહાર કર્યો હતો અને ઔરંગઝેબની કબરને આપવામાં આવતી સુરક્ષા તરફ ઈશારો કર્યો હતો. આ મુદ્દે હવે, મુખ્ય પ્રધાન ફડણવીસે ભિવંડીમાં એક કાર્યક્રમમાં આ અંગે ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે, ભલે આપણે કમનસીબે ઔરંગઝેબની કબરનું રક્ષણ કરવું પડે, પરંતુ અમે મહારાષ્ટ્રમાં તેમનું મહિમાગાન થવા દઈશું નહીં.

ભિવંડીના મરડે પાડા ખાતે છત્રપતિ શિવાજી મહારાજ મંદિરનું ઉદ્ઘાટન સોમવારે મુખ્ય પ્રધાન ફડણવીસ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે

(જુઓ પાનું ૪) ▸▸

## કબર દરિયામાં ફેંકી દઈશું

### વીએચપી અને બજરંગ દળની ચીમકી

મુંબઈઃ વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી) અને બજરંગ દળે સોમવારે મહારાષ્ટ્રના નાગપુરમાં છત્રપતિ સંભાજીનગરમાં મોગલ સમ્રાટ ઔરંગઝેબની કબર હટાવવાની માગણી સાથે પ્રદર્શન કર્યું હતું. જમણેરી સંગઠનોના કાર્યકરો મહલ વિસ્તારમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા પાસે ભેગા થયા હતા. તેઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા અને ઔરંગઝેબનું પૂતળું બાળ્યું હતું.

પત્રકારો સાથે વાત કરતાં વીએચપીના પ્રાદેશિક સચિવ (મહારાષ્ટ્ર અને ગોવા) ગોવિંદ શેંડેએ જણાવ્યું હતું કે સંગઠને છત્રપતિ

(જુઓ પાનું ૪) ▸▸

## કબર પર થૂંકવાની વ્યવસ્થા કરોઃ ભાજપી નેતા

મુંબઈઃ છત્રપતિ સંભાજી મહારાજને ત્રાસ આપીને મારી નાખનાર ક્રૂર ઔરંગઝેબને પણ આ જ મહારાષ્ટ્રમાં દફનાવવામાં આવ્યો છે. સંભાજી મહારાજ પછી, રામરામ મહારાજ, મહારાણી તારાબાઈ અને મરાઠા યોદ્ધાઓએ ઔરંગઝેબને અહીં જ મારી નાખ્યો હતો. ત્યારબાદ, છત્રપતિ સંભાજીનગર ખાતે ઔરંગઝેબનો મકબરો બનાવવામાં આવ્યો. હવે, આ કબર પર વિવાદ શરૂ થયો છે. ઔરંગઝેબના મકબરાની જવાબદારી પુરાતત્વ વિભાગને સોંપવામાં આવી છે અને તેઓ તેનું સંરક્ષણ કરી રહ્યા છે. જોકે, આ કબરને દૂર કરવાની માગે જોર પકડ્યું છે. આજે, મુંબઈ સહિત રાજ્યભરમાં બજરંગ દળના કાર્યકરો જિલ્લા કલેક્ટરોની કચેરીઓની બહાર ઔરંગઝેબની કબર દૂર કરવાની માગ કરી રહ્યા છે. સરકારને આદેશ આપવામાં આવ્યો છે કે જો સંભાજીનગરમાં ઔરંગઝેબની કબર દૂર કરવામાં નહીં આવે તો વિશ્વ હિન્દુ

(જુઓ પાનું ૪) ▸▸

## કબર ફરતે હાલ જડબેસલાક સુરક્ષા


મુંબઈઃ છત્રપતિ સંભાજીનગર ખાતે આવેલી મુગલ શાસક ઔરંગઝેબની કબર તોડી પાડવા માટે અનેક જમણેરી પાંખે ચેતવણી આપી છે ત્યારે સોમવારે પોલીસે ઔરંગઝેબની કબરની ફરતે સુરક્ષા વ્યવસ્થા વધારી દીધી હતી તથા તેની મુલાકાત લેનારાઓના પહેલા દસ્તાવેજ ચકાસવામાં આવ્યા હતા, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

વિશ્વ હન્દુ પરિષદ (વિહિપ) દ્વારા સોમવારે દિવસ દરમિયાન વિવિધ સરકારી કાર્યાલયો સમક્ષ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું તથા ઔરંગઝેબની કબરને દૂર કરવા માટે આવેદનપત્ર પણ આપ્યું હતું. કોઈ અનિચ્છનિય ઘટના ન બને તે માટે છત્રપતિ સંભાજીનગર ગ્રામીણ પોલીસ વિભાગ દ્વારા ખુલતાબાદ શહેરથી ઔરંગઝેબની કબર સુધી સુરક્ષા વ્યવસ્થામાં વધારો કરાયો હતો.આ સિવાય સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (એસઆરપીએફ)ના પચાસ

(જુઓ પાનું ૪) ▸▸




SOUTH KOREA
SEOUL - BUSAN - JEJU
APRIL - JUNE GROUP DEPARTURES
10 DAYS



SOUTH AFRICA
CAPE TOWN - GARDEN ROUTE - PORT ELIZABETH - PILANESBERG - SUNCITY - JOHANNESBURG
MAY - JUNE GROUP DEPARTURES
13 DAYS



TURKEY
ISTANBUL - ANKARA - CAPPADOCIA - ANTALYA - PAMUKKALE - KUSADASI
MAY - JUNE GROUP DEPARTURES
12 DAYS



VIETNAM
HO CHI MINH - DANANG - HOI AN - HANOI - SA PA - HA LONG BAY CRUISE
APRIL - MAY GROUP DEPARTURES
11 DAYS



AZERBAIJAN WITH GEORGIA
MAY - JUNE GROUP DEPARTURES
12 DAYS

PACKAGE INCLUSIONS :- Economy Class Group Airfare • Luxurious Hotels
• શુધ્દ શાકાહારી / જૈન જમણ. • ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા.
• એન્ટ્રન્સ ફી, VISA સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74


## ... તમે તમારું કામ કરોઃ રાણેની હિન્દુ સંગઠનોને હાકલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મોગલ સમ્રાટ ઔરંગઝેબની કબર તોડી પાડવા માટે વિવિધ સંગઠનો દ્વારા થઈ રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે મહારાષ્ટ્રના પ્રધાન નિતેશ રાણેએ સોમવારે બાબરી મસ્જિદ તોડી પાડવાનો ઉલ્લેખ કરતાં હિન્દુત્વવાદી સંગઠનોને તેમની ફરજ બજાવવા કહ્યું હતું અને સરકાર પોતાની જવાબદારીઓ નિભાવશે, એવી જાહેરાત કરી હતી.

વિવાદિત ટિપ્પણીઓ કરવા માટે જાણીતા રાણેએ છત્રપતિ શિવાજી મહારાજને 'ધર્મનિરપેક્ષ રાજા' તરીકે પ્રસ્થાપિત કરવાના પ્રયાસોની પણ નિંદા કરી.

'સરકાર પોતાનું કામ કરશે જ્યારે હિન્દુત્વવાદી સંગઠનોએ પોતાનું કામ કરવું જોઈએ. જ્યારે બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવી રહી હતી, ત્યારે અમે એકબીજા

(જુઓ પાનું ૪) ▸▸

## ફડણવીસની સરખામણી ઔરંગઝેબ સાથે

## વિધાન મંડળમાં સપકાળની ટિપ્પણી પર ધમાલ



**સખત વિરોધઃ** છત્રપતિ સંભાજીનગરના ખુલતાબાદમાં મોગલ સમ્રાટ ઔરંગઝેબની કબર ફરતે સલામતી બંદોબસ્ત વધારી દેવાયો છે. (પીટીઆઈ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળની મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની મોગલ સમ્રાટ ઔરંગઝેબ સાથે સરખામણી કરતી ટિપ્પણીની શાસક મહાયુતિના વિધાનસભ્યોએ સોમવારે આકરા શબ્દોમાં નિંદા કરી હતી અને તેમની સામે કડક કાર્યવાહીની માગણી કરી હતી. શાસક પક્ષના વિધાનસભ્યોએ સપકાળની ટિપ્પણીનો મુદ્દો ઉઠાવ્યા બાદ રાજ્યના વિધાનમંડળના બંને ગૃહોમાં ભારે હોબાળો થયો અને કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી હતી. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે વિધાનસભામાં અને મહેસૂલ ખાતાના પ્રધાન

(જુઓ પાનું ૪) ▸▸


અંક પ્રગટ થઈ ચૂક્યો છે




MAHABALESHWAR
HOTEL Rajesh Pure Veg.
stay@hotelrajesh.com
A/c Rooms with Swimming Pool
Gujarati Thali & Indian, Chinese Restaurant
Ph. 9769894565 / 8104294880
www.hotelrajesh.com

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

કુલીન કુમાર હોલિડેઝ – એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે. પ્રસ્તુત કરે છે...

ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટમાં આનંદ-પ્રમોદની યાદગાર ડૂબકી




તમારી ટૂર પેકેજ તમે જ બનાવો
₹ 85,000 થી શરૂ વ્યક્તિ દિઠ
4 રાત્રિ ગોલ્ડ કોસ્ટ
સાહસ કરવાની ઈચ્છા છે? સેલ્ફ ડ્રાઈવ કાર દ્વારા કોસ્ટલ ડ્રાઈવની દિલધડક સફર
પ્રસ્થાનઃ તમારી મનપસંદ તારીખમાં

ગ્રુપ પેકેજ
₹ 2,15,000 થી શરૂ વ્યક્તિ દિઠ
3 રાત્રિ ગોલ્ડ કોસ્ટ | 2 રાત્રિ બ્રિસ્બેન
• મુંબઈ થી મુંબઈ બધુ જ સામેલ • વર્લ્ડ ક્લાસ સિંગાપૂર એરલાઈન્સમાં મુસાફરી • બધાજ સાઈટસીઈંગ/હાઈ ટેક બસમાં મુસાફરી • આલીશાન સિટી સેન્ટર હોટેલ્સ • અત્યંત અનુભવી અને પ્રોફેશનલ ટૂર લીડર • ટૂર દરમ્યાન ભારતીય સ્વાદિષ્ટ ભોજન • સ્પષ્ટ વ્યવહાર / ટ્રાન્સપરન્ટ પોલિસી
પ્રસ્થાનઃ એપ્રિલઃ ૨૫ • મેઃ ૭, ૧૦, ૧૨, ૧૮, ૨૪, ૨૬, 30 • જૂનઃ ૦૪, ૧૦

SCAN ME
KULIN KUMAR HOLIDAYS
Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
Queensland AUSTRALIA
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**